અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

23 MAY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 320 | Page: 06 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 

પાકિસ્તાન પહોંચ્યો વાઈરલ 'કોકરોચ'નો ક્રેઝ : ભારત પછી પાકિસ્તાનમાં બની 'કોકરોચ અવામી પાર્ટી', બાયોમાં લખ્યું- કોપી કર્યું છે, પણ હેતુ એ જ છે

4 
તુલસી અને રત્નાવલી નાં સંગમ અને વિયોગ બંનેનું કારણ યમુનાજીનો પ્રવાહ છે.

6 
CSKને દાઝ્યા ઉપર ડામ લાગ્યો! : આ 5 કારણોથી ખરાબ રીતે IPL પ્લેઓફમાંથી બહાર થઈ, ઋતુરાજ સહિત ટીમ પ્લેયર્સને લાખોનો દંડ ફટકારાયો

7 
23 થી 28 મે સુધી કામકાજ થશે નહીં; વીકએન્ડ, હડતાળ અને બકરી ઈદની રજા, SBI-બેંક 6-દિવસ બંધ, જરૂરી કામ પતાવી લો

## NEWS BRIEF

### મોદીની લગભગ સાડા 4 કલાક મંત્રી પરિષદ સાથે બેઠક

**મંત્રીઓને ઝડપી નિર્ણયો લેવા જણાવ્યું, વિકસિત ભારત 2047ને સૂત્ર નહીં પણ લક્ષ્ય ગણાવ્યું**

ગાંધીનગર, તા.22

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુરુવારે રાત્રે દિલ્હીના સેવા તીર્થમાં કેન્દ્રીય મંત્રીઓની બેઠક યોજાઈ. બેઠકમાં સરકારના કામકાજ, મંત્રાલયોના પ્રદર્શન અને ભવિષ્યની યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી. લગભગ સાડા ચાર કલાક ચાલેલી બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે 'વિકસિત ભારત 2047' માત્ર એક સૂત્ર નથી, પરંતુ સરકારનું લક્ષ્ય અને વચન છે. તેમણે મંત્રીઓને ઝડપથી કામ કરવા અને ફાઈલોમાં વિલંબ ન થવા દેવા જણાવ્યું. પીએમ મોદીએ કહ્યું કે સરકારના કામકાજને વધુ સરળ બનાવવામાં આવે અને સુધારાઓ પર વધુ ધ્યાન આપવામાં આવે. તેમણે મંત્રીઓને કહ્યું કે તેઓ લોકો વચ્ચે જઈને સરકારના છેલ્લા 12 વર્ષના કામ અને સિદ્ધિઓની જાણકારી આપે. બેઠકમાં કૃષિ, વન, શ્રમ, માર્ગ પરિવહન, વિદેશ, વાણિજ્ય અને વીજળી સહિતના અનેક મોટા મંત્રાલયોએ તેમના કામકાજની માહિતી આપી. જે મંત્રાલયોનું પ્રદર્શન નબળું રહ્યું હતું, તેમને કામમાં સુધારો લાવવા અને વધુ સારી રીતે કામ કરવા નિર્દેશ આપવામાં આવ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકને સરકારના કામકાજની સમીક્ષા તરીકે જોવામાં આવી રહી છે. તેમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓ, સ્વતંત્ર પ્રભારવાળા રાજ્ય મંત્રીઓ અને અન્ય રાજ્ય મંત્રીઓ સામેલ થયા. કેન્દ્રીય મંત્રી પરિષદમાં વડાપ્રધાન ઉપરાંત 30 કેબિનેટ મંત્રીઓ, 5 સ્વતંત્ર પ્રભારવાળા રાજ્ય મંત્રીઓ અને 36 રાજ્ય મંત્રીઓનો સમાવેશ થાય છે. આ બેઠક એવા સમયે થઈ છે, જ્યારે પશ્ચિમ એશિયા અને હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વધવાથી દુનિયામાં તેલ અને ઈંધણની કિંમતોને લઈને ચિંતા વધી રહી છે. બેઠકમાં મોદીના તાજેતરમાં થયેલા પાંચ દેશોના પ્રવાસ પર પણ ચર્ચા થઈ. મંત્રી પરિષદે પ્રવાસની સફળતા પર પીએમ મોદીને અભિનંદન આપ્યા.

### સુપ્રીમ કોર્ટે કહ્યું, માતા-પિતા IAS તો બાળકોને અનામત કેમ?

નવી દિલ્હી તા.22

સુપ્રીમ કોર્ટે શુક્રવારે સરકારી નોકરીમાં ક્રીમી લેયરના ઉમેદવારોના અનામત લેવા પર ચિંતા વ્યક્ત કરી. કોર્ટે કહ્યું- જો માતા-પિતા બંને IAS અધિકારી હોય, તો તેમના બાળકોને અનામત શા માટે મળવું જોઈએ? શિક્ષણ અને આર્થિક સશક્તિકરણની સાથે-સાથે સામાજિક ગતિશીલતા પણ આવે છે. આવા સંજોગોમાં જો સમૃદ્ધ બાળકો માટે ફરીથી અનામત માંગવામાં આવે, તો આપણે ક્યારેય આ ચક્રમાંથી બહાર નીકળી શકીશું નહીં. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંની બેન્ચે આ ટિપ્પણી ત્યારે કરી. જ્યારે તેઓ કર્ણાટક હાઈકોર્ટના એક નિર્ણય વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. અરજદારને ક્રીમી લેયરના આધારે અનામતના દાયરામાંથી બહાર રાખવામાં આવ્યો હતો, કારણ કે તેના માતા-પિતા બંને રાજ્ય સરકારના કર્મચારી છે. આ મામલો કર્ણાટકમાં 'કુરુબા' સમુદાય સાથે સંકળાયેલા એક ઉમેદવારનો છે. કર્ણાટકના પછાત વર્ગોની યાદીમાં આ સમુદાયને 'શ્રેણી II(A)' હેઠળ રાખવામાં આવ્યો છે. ઉમેદવાર એટલે કે અરજદારની 'કર્ણાટક પાવર ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ'માં 'સહાયક ઈજનેર'ના પદ પર પસંદગી થઈ હતી. તેની અનામત ક્વોટા હેઠળ નિમણૂક કરવામાં આવી હતી. જોકે, 'જિલ્લા જાતિ અને આવક ચકાસણી સમિતિ'એ ઉમેદવારને 'જાતિ પ્રમાણપત્ર' આપવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે તે 'ક્રીમી લેયર'ના દાયરામાં આવે છે. ઉમેદવારના પરિવારની વાર્ષિક આવક આશરે 19.48 લાખ અંદાજવામાં આવી હતી. અધિકારીઓએ શોધી કાઢ્યું કે તેના માતા-પિતા બંને સરકારી કર્મચારીઓ છે અને તેમની કુલ આવક 'ક્રિમિ લેયર' માટે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ છે. નિયમો અનુસાર, OBC અનામતમાં 'ક્રિમિ લેયર'ની વર્તમાન આવક મર્યાદા વાર્ષિક 8 લાખ રૂપિયા છે.

## શાહે કહ્યું- પાકિસ્તાન-બાંગ્લાદેશ સરહદ પર 'સ્માર્ટ બોર્ડર' સુરક્ષા સિસ્ટમ લાગુ થશે; ડ્રોન, રડાર, સ્માર્ટ કેમેરા લગાવાશે

# ઘૂસણખોરને દેશમાંથી બહાર કાઢીશું : અમિત શાહ

નવી દિલ્હી, તા.22

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર આગામી એક વર્ષની અંદર પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથેની લગભગ 6000 કિલોમીટર લાંબી સરહદ પર "સ્માર્ટ બોર્ડર" સુરક્ષા સિસ્ટમ લાગુ કરશે. આ અંતર્ગત ડ્રોન, રડાર, સ્માર્ટ કેમેરા અને અન્ય આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરહદની દેખરેખ મજબૂત કરવામાં આવશે, જેથી ઘૂસણખોરી અને દાણચોરીને સંપૂર્ણપણે રોકી શકાય. દિલ્હીમાં BSFના રુસ્તમજી મેમોરિયલ લેક્ચર અને BSF ઈન્વેસ્ટિચર સેરેમનીને સંબોધતા શાહે કહ્યું કે સરકારની ગેરકાયદેસર ઘૂસણખોરી અંગે ઝીરો ટોલરન્સ નીતિ છે. તેમણે કહ્યું કે દેશમાં રહેતા દરેક ગેરકાયદેસર ઘૂસણખોરની ઓળખ કરવામાં આવશે અને તેને પાછો મોકલવામાં આવશે. અમિત શાહે કહ્યું કે ગેરકાયદેસર ઘૂસણખોરી માત્ર સરહદ સુરક્ષાનો મુદ્દો નથી. તેમણે BSF જવાનોને કહ્યું કે તેઓ આ પ્રયાસને સફળ ન થવા દે અને સરહદ સુરક્ષાને વધુ મજબૂત કરે. ગૃહ મંત્રાલય ટૂંક સમયમાં એક હાઈ-પાવર ડેમોગ્રાફી મિશન શરૂ કરશે. તેનો ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક ફેરફારો સંબંધિત બાબતોનું નિરીક્ષણ કરવું અને સુરક્ષા એજન્સીઓને સહયોગ આપવાનો રહેશે.



### એક વર્ષમાં બનશે મજબૂત સુરક્ષા ગ્રીડ

ગૃહમંત્રીએ જણાવ્યું કે આગામી એક વર્ષમાં સરહદ પર એક મજબૂત સુરક્ષા ગ્રીડ તૈયાર કરવામાં આવશે. સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ હેઠળ BSFને આધુનિક સાધનો આપવામાં આવશે. ડ્રોન, રડાર અને એડવાન્સ કેમેરાની મદદથી સરહદના સંવેદનશીલ વિસ્તારો પર ચોવીસ કલાક નજર રાખવામાં આવશે. તેમણે કહ્યું કે BSFની સ્થાપનાના 60મા વર્ષમાં આ પ્રોજેક્ટને લાગુ કરવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવશે. તેનો હેતુ સરહદને વધુ સુરક્ષિત અને ઘૂસણખોરી માટે લગભગ અભેદ્ય બનાવવાનો છે.

### કોકરોચ જનતા પાર્ટીના સ્થાપકની માગ- શિક્ષણમંત્રી રાજીનામું આપે

નવી દિલ્હી, તા.22

'કોકરોચ જનતા પાર્ટી'ના સ્થાપક અભિજીત દીપકેએ શુક્રવારે સોશિયલ મીડિયા પેજ બનાવ્યાના 7 દિવસ પછી પહેલી ઓનલાઈન પિટિશન લઈને આવ્યા. જેમાં તેમણે NEET પેપર લીક મામલે શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરી છે. દીપકેએ X પર વીડિયો પોસ્ટ કર્યો. તેમણે કહ્યું- આજે આપણે એક પિટિશન શરૂ કરવા જઈ રહ્યા છીએ. જેમાં શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરવામાં આવી છે. તમે બધા લોકો વધુમાં વધુ આ પિટિશન પર સહી કરો. જેથી સિસ્ટમની ભૂલ પર સવાલ ઉઠી શકે. CJI સૂર્યકાંતે 15 મેના રોજ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન દેશના બેરોજગાર યુવાનોને 'કોકરોચ' કહ્યા હતા. 16 મેના રોજ તેમણે સ્પષ્ટતા કરી અને કહ્યું- 'મેં યુવાનોની ટીકા કરી ન હતી. મારા નિવેદનને ખોટી રીતે જોવામાં આવ્યું.' તે જ દિવસે અભિજીતેએ 'કોકરોચ જનતા પાર્ટી' સોશિયલ મીડિયા પેજ બનાવ્યું.

# 'બોમ્બથી ઉડાવી દઈશું': પાકિસ્તાનથી આવ્યો વીડિયો કોલ

## PM મોદીને ઝાલમુરી ખવડાવનાર દુકાનદારને જાનથી મારી નાખવાની ધમકી

નવી દિલ્હી, તા.05

પશ્ચિમ બંગાળના ઝાડગ્રામમાં ઝાલમુરી વેચનાર દીપક કુમારને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. દીપકની દુકાનમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન ઝાલમુરી ખરીદીને ખાધી હતી. આ ઘટના પછી દીપક કુમાર ચર્ચામાં આવ્યા હતા. દીપકે જણાવ્યું કે તેમને પાકિસ્તાન અને બાંગ્લાદેશથી ફોન કોલ આવી રહ્યા છે. કોલ કરનારા લોકો તેમની દુકાન ઉડાવી દેવાની ધમકી આપી રહ્યા છે. દીપકે જણાવ્યું કે એક વીડિયો કોલમાં કેટલાક લોકો તેમને હથિયારો પણ બતાવી રહ્યા હતા. તેના કારણે તેઓ અને તેમનો પરિવાર ખૂબ તણાવમાં છે. PM મોદીએ 20 એપ્રિલે ચૂંટણી પ્રચાર દરમિયાન



ઝાડગ્રામમાં ચૂંટણી રેલી કરી હતી. રોડ શો દરમિયાન તેમણે દીપક કુમારની દુકાનમાંથી ઝાલમુડી ખરીદીને ખાધી હતી. પીએમએ દીપક સાથે થયેલી આ મુલાકાતનો લગભગ 40 સેકન્ડનો વીડિયો અને ફોટા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યા હતા. દીપક કુમાર મૂળ બિહારના રહેવાસી છે. હવે તેઓ પોતાના માતા-પિતા સાથે બંગાળમાં રહે છે. પીએમ મોદી સાથે મુલાકાત કર્યા પછી દીપકે કહ્યું હતું- મેં ક્યારેય વિચાર્યું નહોતું કે વડાપ્રધાન મારી દુકાનમાં આવીને ઝાલમુરી ખાશે. મેં પૈસા લેવાની ના પાડી, પણ તેમણે જબરદસ્તીથી આપી દીધા. ખાઈને બોલ્યા કે સારું બન્યું છે. પીએમએ ભણતર વિશે પૂછ્યું, મેં જણાવ્યું કે ગરીબીના કારણે વધારે ભણી શક્યો નહીં. પછી પીએમએ કમાણી વિશે પૂછ્યું - મેં કહ્યું કે 1000-1200 રૂપિયા કમાઈ લઉં છું. તેઓ લગભગ 10 મિનિટ સુધી દુકાનમાં રોકાયા, તેમણે રાજકારણની કોઈ વાત કરી નહોતી. PM મોદી રવિવારે પશ્ચિમ બંગાળના પ્રવાસે હતા. ઝાડગ્રામમાં તેમણે રેલી કરી. આ દરમિયાન રસ્તામાં તેઓ એક દુકાન પર રોકાયા અને ઝાલમુડી ખાધી. ઝાલમુડી બનાવતી વખતે દુકાનદારે પૂછ્યું કે તમે ડુંગળી ખાઓ છો. પીએમએ જવાબ આપ્યો- હા, ડુંગળી ખાઉં છું, બસ દિમાગ નહીં. આ સાંભળીને દુકાનદાર હસવા લાગ્યો. આ દરમિયાન રસ્તામાં તેઓ એક દુકાન પર રોકાયા અને ઝાલમુડી ખાધી. ઝાલમુડી બનાવતી વખતે દુકાનદારે પૂછ્યું કે તમે ડુંગળી ખાઓ છો. પીએમએ જવાબ આપ્યો- હા, ડુંગળી ખાઉં છું, બસ દિમાગ નહીં. આ સાંભળીને દુકાનદાર હસવા લાગ્યો.

# એક્ટ્રેસ ટ્વિશાનો પતિ જબલપુર પોલીસની કસ્ટડીમાં

ભોપાલ/જબલપુર, તા.22

એક્ટ્રેસ-મોડલ ટ્વિશા શર્મા કેસમાં આરોપી પતિ સમર્થ સિંહ શુક્રવારે સાંજે જબલપુર જિલ્લા કોર્ટમાં સરેન્ડર કરવા પહોંચ્યો છે. આ પહેલા તેણે હાઈકોર્ટમાં દાખલ કરેલી આગોતરા જામીન અરજી પણ પાછી ખેંચી લીધી હતી. જ્યારે મધ્યપ્રદેશ હાઈકોર્ટે ટ્વિશા શર્માના મૃતદેહનું ફરીથી પોસ્ટમોર્ટમ કરાવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું છે કે દિલ્હી AIIMSના ડાયરેક્ટરના નેતૃત્વમાં એક ટીમ ભોપાલ AIIMSમાં પોસ્ટમોર્ટમ કરશે. આખી પ્રક્રિયાની વીડિયોગ્રાફી પણ કરવામાં આવશે. ત્યાં સુધી પોલીસને મૃતદેહ સુરક્ષિત રાખવા નિર્દેશ આપવામાં આવ્યા છે. આ તરફ, મધ્યપ્રદેશ સરકારે આ મામલાની CBI તપાસ માટે કેન્દ્ર સરકારને પત્ર મોકલ્યો છે. 20 મેના રોજ ટ્વિશાના પિતા નવનિધિ શર્મા નિવૃત્ત સૈનિકો સાથે મુખ્યમંત્રી ડો. મોહન યાદવને મળવા પહોંચ્યા હતા. ત્યારે મુખ્યમંત્રીએ તપાસનું આશ્વાસન આપ્યું હતું. ટ્વિશાના પરિવારે જામીન અરજી પર વાંધો ઉઠાવ્યો છે. તેના પિતા નવનિધિ શર્માએ આરોપ લગાવ્યા છે કે સમર્થ જુલાઈ 2023 થી ઓગસ્ટ 2025 સુધી મધ્યપ્રદેશ સરકારમાં લીગલ એડવાઈઝર તરીકે કામ કરી ચૂક્યો છે. તે કેસને પ્રભાવિત કરી રહ્યો છે. નવનિધિ શર્માએ કહ્યું- અમેરિકામાં પણ ડેડબોડીને માઈનસ 80 ડિગ્રી તાપમાનમાં રાખવાની વ્યવસ્થા નથી હોતી. એના માટે માઈનસ 4 ડિગ્રી તાપમાન જ પૂરતું હોય છે. આ આખી ગભરાટ પોલીસ દ્વારા ઊભી કરવામાં આવી રહી છે, જેથી અમે જલદીથી જલદી બોડી લઈને રવાના થઈ જઈએ. અમારા તરફથી એ સ્પષ્ટ છે કે અમે મરતા દમ સુધી બીજા પોસ્ટમોર્ટમની માગને લઈને લડતા રહીશું. ટ્વિશા શર્માના પિતા નવનિધિ શર્માએ પોલીસ કમિશનર સંજય સિંહને પત્ર લખીને કટારા હિલ્સ પોલીસ સ્ટેશનના પ્રભારી સુનીલ દુબેને હટાવવાની માંગ પણ કરી છે. નવનિધિ શર્માએ કહ્યું- અમેરિકામાં પણ ડેડબોડીને માઈનસ 80 ડિગ્રી તાપમાનમાં રાખવાની વ્યવસ્થા નથી હોતી. એના માટે માઈનસ 4 ડિગ્રી તાપમાન જ પૂરતું હોય છે. આ આખી ગભરાટ પોલીસ દ્વારા ઊભી કરવામાં આવી રહી છે, જેથી અમે જલદીથી જલદી બોડી લઈને રવાના થઈ જઈએ. અમારા તરફથી એ સ્પષ્ટ છે કે અમે મરતા દમ સુધી બીજા પોસ્ટમોર્ટમની માગને લઈને લડતા રહીશું. નવનિધિ શર્માએ કહ્યું- અમારી પાસેથી શબના સુપરતપત્ર પર જબરદસ્તી સહી કરાવવામાં આવી, જ્યારે અમે બોડી લીધી જ નહોતી. FIR નોંધવામાં પણ વિલંબ કરવામાં આવ્યો. પોલીસ તરફથી કહેવામાં આવ્યું કે બોડીની સુપરતગી લીધા પછી જ FIR નોંધાશે.



## ન્યૂઝ ટ્રેક

### અમદાવાદના નકલી PSIએ ચાર રાજ્યની 21 યુવતીને ફસાવી પૈસા પડાવ્યા, ડેટિંગ-મેટ્રોમોનિયલ સાઈટ પર સાયબર ક્રાઈમના અધિકારીની ઓળખ આપતો

અમદાવાદ તા.22

ડેટિંગ અને મેટ્રિમોનિયલ સાઈટ્સ પર ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ બ્રાન્ચના PSI તરીકે ઓળખ આપી ચાર રાજ્યની 21 જેટલી યુવતીઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપી હિમાંશુ ઉર્ફે રોકી પંચાલની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. મૂળ અમદાવાદનો અને હાલ ઉદેપુર (રાજસ્થાન) રહેતો આ આરોપી AI જનરેટેડ નકલી ડોક્યુમેન્ટ્સ બતાવી યુવતીઓને પ્રેમજાળમાં ફસાવતો હતો. અમદાવાદમાં નરોડા અને નવરંગપુરાની યુવતીઓને શંકા જતાં આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ ACP ભરત પટેલે જણાવ્યું કે, આરોપી હિમાંશુ પંચાલ સોશિયલ મીડિયા, ડેટિંગ અને મેટ્રિમોનિયલ એપ્સ પર યુવતીઓનો સંપર્ક કરતો હતો. પોતે સાયબર ક્રાઈમમાં પીએસઆઈ હોવાની ઓળખ આપવા માટે તે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને વિવિધ વેબસાઈટ્સની મદદ લેતો હતો. તેણે પોલીસ યુનિફોર્મ વાળા આઈકાર્ડ ઉપરાંત, ડિપાર્ટમેન્ટના નકલી એપોઈન્ટમેન્ટ લેટર અને સસ્પેન્શન લેટર પણ તૈયાર કર્યા હતા. યુવતીઓને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ તે નાણાં પડાવવા માટે ભાવનાત્મક અને કાનૂની મુશ્કેલીઓના ખોટા બહાના બનાવતો હતો. તે પીડિતોને એવા નકલી સરકારી પત્રો દર્શાવતો કે તેના ઘરે ઈન્કમટેક્સ (IT) ની રેડ પડી છે, પોતે નોકરીમાંથી સસ્પેન્ડ થયો છે અને તેના બેંક એકાઉન્ટ્સ ફ્રીઝ થઈ ગયા છે. આ જાળમાં ફસાઈને અનેક યુવતીઓએ તેને મોટી રકમો આપી હતી. આરોપી માત્ર ગુજરાત જ નહીં, પરંતુ અન્ય રાજ્યોની યુવતીઓને પણ નિશાન બનાવતો હતો. એક વર્ષ પહેલાં મુંબઈના વિરારની યુવતીને આવી જ રીતે છેતરી હોટલમાં લઈ જવા બદલ નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં તેની સામે બળાત્કારનો ગુનો નોંધાયો હતો, જેમાં તે જામીન પર છૂટ્યો હતો. જામીન પર મુક્ત થયા બાદ તેણે ઈન્સ્ટાગ્રામ મારફતે અમદાવાદના નવા વાડજ વિસ્તારની યુવતીનો સંપર્ક કર્યો અને જામીનનો ખર્ચ કઢાવવાના બહાને 50,000 પડાવી મુંબઈ-ગોવા ફરવા જતો રહ્યો હતો. નરોડાની એક યુવતીને લાલચ આપીને તેણે સૌથી વધુ 1.80 લાખ પડાવ્યા હતા. જ્યારે નવરંગપુરાની યુવતી પાસેથી 79,700ની છેતરપિંડી આચરી હતી. આ ઉપરાંત તેણે મધ્યપ્રદેશના ભોપાલ અને રાજસ્થાનના ઉદેપુરની યુવતીઓ સાથે પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી કરી હતી. ઘાટલોડિયાની એક યુવતીને પણ તેણે હોટલમાં બોલાવી પૈસા માંગ્યા હતા, પરંતુ યુવતીને શંકા જતાં તે બચી ગઈ હતી. હાલમાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે નરોડા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### બાઈક સાથે યુવક ખાડામાં ગરકાવ, ફાયર દ્વારા રેસ્ક્યૂ : વટવા બીબી તળાવ રોડ પર અચાનક મોટો ભૂવો પડ્યો

અમદાવાદ, તા.22

દોરડાથી બાઈક બહાર કાઢી યુવકને સારવારમાં ખસેડ્યો. જો તમે અમદાવાદના રસ્તાઓ પર મુસાફરી કરી રહ્યા હોવ તો સાવધાન રહેજો! કારણ કે શહેરના રસ્તાઓ ક્યારેક 'મોતનો કૂવો' સાબિત થઈ શકે છે. વટવા વિસ્તારમાં બીબી તળાવ પાસે ચાલુ રસ્તે અચાનક એક મોટો ભૂવો પડતા પસાર થઈ રહેલો એક બાઈક સવાર યુવક બાઈક સાથે અંદર ખાબક્યો હતો. સદનસીબે ફાયર બ્રિગેડે સમયસર પહોંચી યુવકને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો છે.

શહેરના ટ્રાફિકથી ધમધમતા વટવા બીબી તળાવ રોડ પર 5મી મેની રાત્રે અંકિત યાદવ નામનો યુવક પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક જ રસ્તાની જમીન ધસી પડી હતી અને મોટો ભૂવો પડ્યો હતો. અંકિત કંઈ સમજે તે પહેલા જ તે બાઈક સાથે ભૂવામાં ગરકાવ થઈ ગયો હતો. આ દ્રશ્ય જોઈ આસપાસના વાહનચાલકો થંભી ગયા હતા અને લોકોના ટોળે-ટોળા એકઠા થયા હતા.

ફાયર બ્રિગેડે દોરડા વડે રેસ્ક્યૂ કર્યું

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. સ્થાનિકોએ સતર્કતા દાખવીને કોર્પોરેશનના બેરિકેડ્સ ભૂવાની આસપાસ ગોઠવી દીધા હતા, જેથી અન્ય કોઈ અંદર ન પડે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને ભૂવામાં ફસાયેલા અંકિત યાદવને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. યુવકને ઈજાઓ પહોંચી હોવાથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. ભૂવામાં પડેલી બાઈકને પણ ભારે જહેમત બાદ દોરડા વડે બહાર ખેંચી કાઢી હતી.

27 એપ્રિલે પત્ર લખ્યો હતો છતાં તંત્રએ ધ્યાન ન આપ્યું

આ અકસ્માત પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ઈજનેર વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, 27 એપ્રિલના રોજ જ એક જાગૃત નાગરિક દ્વારા ડેપ્યુટી સિટી ઈજનેરને લેખિતમાં પત્ર પાઠવવામાં આવ્યો હતો. જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે, બીબી તળાવ પાસે રસ્તો બેસી રહ્યો છે અને ગમે ત્યારે ભૂવો પડી શકે તેમ છે. જોકે, તંત્રએ આ પત્રને ઘોળીને પી જઈ કોઈ જ મરામત કરી નહોતી.

લોકોમાં રોષ: શું કોઈના મોતના સમાચારની રાહ જોવાતી હતી?

AMCની આ આળસને કારણે આજે એક યુવકનો જીવ જોખમમાં મુકાયો હતો. જો સમયસર પગલાં લેવાયા હોત તો આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. હાલમાં આ ભૂવાને કારણે રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે અને સ્થાનિકોમાં કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### UPનો વતની બેંગકોકથી અમદાવાદ આવ્યો ને દિલ્હી જવાનો હતો

# અમદાવાદ એરપોર્ટ પરથી 20 કરોડથી વધુના ગાંજા સાથે શખસ ઝડપાયો

■ ટ્રોલી બેગમાંથી ગાંજાના 19 સીલબંધ પેકેટ મળ્યા

અમદાવાદ, તા.22

અમદાવાદ એરપોર્ટ દાણચોરી માટે ગુનેગારો માટે સોફ્ટ ટાર્ગેટ હોય તેમ માનીને દાણચોરી કરતાં હોવાનું જણાઈ રહ્યું છે. પરંતુ કસ્ટમ્સના અધિકારીઓની બાજ નજરના કારણે એક પછી એક કન્સાઈમેન્ટ પકડાતાં જાય છે. તાજેતરમાં ગાંજાનો જથ્થો પકડાયો હતો. આ ઘટનાની સ્યાહી હજુ સૂકાઈ ન હતી. ત્યાં વળી અંદાજે 50 કરોડની કિંમતનું હેરોઈન પકડાયું હતું. ત્યાં વળી પાછું 20મીની મધ્યરાત્રિએ થાઈ એરવેઝમાં આવેલાં મુસાફર પાસેથી 20 કિલોથી વધુ ગાંજાનો જથ્થો પકડી પાડયો છે. આંતર રાષ્ટ્રીય બજાર કિંમત પ્રમાણે ગાંજાના એક કિલોની એક કરોડ કિંમત આંકવામાં આવે છે. જેથી આ 20 કિલોથી વધુ જથ્થાની કિંમત 20 કરોડથી વધુ માનવામાં આવે છે. દિલ્હીથી બેંગકોક જઈને ગાંજાના જથ્થા સાથે અમદાવાદ આવેલાં ઉત્તર પ્રદેશના મુસાફરને કસ્ટમ્સ વિભાગે ઝડપી લઈને તેની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ પામેલાં આરોપીને વધુ તપાસ માટે DRIને હસ્તગત કરવામાં આવ્યો છે. DRIએ આરોપી અંગત શ્રીવાસ્તવ આ ગાંજાનો જથ્થો ક્યાંથી, કોની પાસેથી લઈને આવ્યો હતો અને તે કોને આપવા લાવ્યો હતો તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. ગત તા.20મીની મધ્ય રાત્રિએ અને 21મીની વહેલી પરોઢિયે અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બેંગકોકથી અમદાવાદ આવેલી ફલાઈટમાં મુસાફર પાસે ગાંજાનો જથ્થો હોવાની બાતમી DRI તરફથી આપવામાં આવી હતી. આ બાતમીના આધારે કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટલીજન્ટ યુનિટએ ખાસ વોચ રાખીને મુસાફરોના સામાનની ઝીણવટભરી ચકાસણી કરી હતી. જેમાં એક મુસાફર પાસેની ટ્રોલી બેગમાં લીલા રંગના સૂકા છોડ જેવા પદાર્થવાળા 19 સીલબંધ પેકેટ મળી આવ્યા હતાં. આ સામગ્રીના અનુગામી પરીક્ષણમાં તે ગાંજો હોવાનું ખુલ્યું હતું.




#### આરોપી અમદાવાદથી દિલ્હી જથ્થો લઈને જવાનો હતો

કસ્ટમ્સ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આરોપી અંગત શ્રીવાસ્તવની પ્રાથમિક પૂછતાછ કરતાં જાણવા મળ્યું હતું કે, તે દિલ્હીથી બેંગકોક ગયો હતો. જ્યાંથી તેને કોઈએ આ જથ્થો આપ્યો હતો. તે લઈને અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યો હતો. અમદાવાદથી દિલ્હી જવાનો હતો. આ તેની આંતરરાષ્ટ્રીય પ્રથમ ફ્લાઈટ હતી અને તે અમદાવાદમાં તેનું આગમન થતાં કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ તેને ઝડપી લીધો

#### ગાંજો અને વિદેશી સિગારેટનો જથ્થો ઝડપાયો હતો

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરીના કિસ્સાઓ સતત વધતાં જઈ રહ્યાં છે. આ ગુનામાં સજાની કડક જોગવાઈ હોવા છતાં આ ગાંજાની ડિમાન્ડને કારણે દાણચોરીના કેસો ઘટવાનું નામ લેતાં નથી. આ દરમિયાન 3 એપ્રિલ, 2026ના સવારે વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. વીઝેડ- 750 દ્વારા બેંગકોક (ડોન મુઆંગ)થી અમદાવાદ આવી રહેલા બે મુસાફરો ગાંજાના જથ્થા સાથે ઝડપાયા હતા

## અમદાવાદ જિ.પં.ના પદાધિકારીઓના નામની જાહેરાત

### પ્રમુખ તરીકે સુરજીતસિંહ ગોહિલ, ઉપપ્રમુખ તરીકે ભાવિબેન પટેલ અને કારોબારી અધ્યક્ષ તરીકે મહેશ પરમાર



અમદાવાદ તા.22

અમદાવાદ જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીની જીત થયા બાદ પદાધિકારીઓના નામની જાહેરાત કરવામાં આવી છે. 23 તારીખે પદાધિકારીઓની સત્તાવાર વરણી કરવામાં આવનાર છે. તે પૂર્વે આજે ભાજપ દ્વારા હડાળા બેઠક પર જીત મેળવનાર સુરજીતસિંહ ગોહિલની પ્રમુખ તરીકે, નાદેજ બેઠક પર જીત મેળવનાર ભાવિબેન પટેલની ઉપપ્રમુખ તરીકે, ચાંગોદર બેઠક પર જીત મેળવનાર મહેશ મફાજી પરમારની કારોબારી અધ્યક્ષ તરીકે, જ્યારે મોરૈયા બેઠક પર જીત મેળવનાર મહેન્દ્ર પરમારની પક્ષના નેતા તરીકે અને સાથળ બેઠક પર જીત મેળવનાર નવીન વસાવાની દંડક તરીકે જાહેરાત કરવામાં આવી છે.

#### નાદેજ બેઠક પર જીત મેળવનાર ભાવિબેન પટેલ

નાદેજ બેઠક પર જીત મેળવનાર ભાવિબેન પટેલની ઉપપ્રમુખ તરીકે, ચાંગોદર બેઠક પર જીત મેળવનાર મહેશ મફાજી પરમારની કારોબારી અધ્યક્ષ તરીકે, જ્યારે મોરૈયા બેઠક પર જીત મેળવનાર મહેન્દ્ર પરમારની પક્ષના નેતા તરીકે અને સાથળ બેઠક પર જીત મેળવનાર નવીન વસાવાની દંડક તરીકે જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીની જીત થયા બાદ પદાધિકારીઓના નામની જાહેરાત કરવામાં આવી છે.

## ઉનાળાના 10 દિવસ અમદાવાદીઓને ઓછું પાણી અપાશે, 39 વિસ્તારોને અસર

### નર્મદા કેનાલના પાણીમાં ઘટાડો કરી બોરવેલ ચલાવાશે, નહેરના રિપેરિંગ સમયે લેવલ વધઘટ થતાં જથ્થો ઘટશે

અમદાવાદ, તા.22

ઉનાળાના 10 દિવસ દરમિયાન અમદાવાદીઓને ઓછું પાણી આપવામાં આવશે. અમદાવાદીઓને પૂરા પાડવામાં આવતા નર્મદા નહેરના પાણીમાં ઘટાડો કરવામાં આવશે અને બોરવેલ ચલાવવામાં આવશે જેથી પાણીમાં વધઘટ થવાની સંભાવના હોવાના પગલે લોકોને ઓછા પ્રેશરથી અને ઓછું પાણી મળશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના જણાવ્યા મુજબ સરદાર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા નર્મદા મુખ્ય નહેરમાં પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત નહેરના આર.સી.સી. લાઈનિંગમાં થયેલા નુકશાનને રીપેરીંગ અને મરામત નિભાવના કાર્ય માટે આગામી 10 દિવસ સુધી નહેરના લેવલમાં જરૂર મુજબ વધઘટ કરવામાં આવશે. જેના પરિણામે કોતરપુર વોટર વર્કસ ખાતે મળતા પાણીના જથ્થામાં ઘટાડો થશે અને કોતરપુર વોટર વર્ક્સ ખાતે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થશે નહીં. કોતરપુર વોટર વર્ક્સમાંથી પૂરતા પ્રમાણમાં પાણીનું વિતરણ થઈ શકશે નહીં. જેથી શહેરના પશ્ચિમ ઝોન, મધ્ય ઝોન, ઉત્તર ઝોન, પૂર્વ ઝોન અને દક્ષિણ ઝોનના વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં પાણીની અછત સર્જાશે. આ પરિસ્થિતિમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે જરૂર મુજબ બોરવેલ ચલાવી ઉપલબ્ધ પાણીના જથ્થા અનુસાર પાણીનું વિતરણ કરવામાં આવશે.

## વિદેશ જવા આંગડિયા પેઢીમાંથી 80 લાખની ચાંદીની ચોરી

અમદાવાદ, તા.22

મોજ-શોખ કરવા, બ્રાંડેડ વસ્તુઓ ખરીદવા અને વિદેશ પ્રવાસ કરવા માટે ચાર મિત્રોએ ચોરીનું ષડયંત્ર રચ્યું અને આંગડિયા પેઢીમાં નોકરી લાગી 80 લાખની ચાંદીની ચોરી કરી. મામલો થાળે પડી જાય ત્યાં સુધી મુખ્ય સૂત્રધાર ભૂગર્ભમાં ઉતરી ગયો અને તેના બે સાગરીતો ચાંદી વેચીને રોકડા રૂપિયા મેળવવા માટે માણેક ચોકમાં આવ્યા અને ઝડપાઈ ગયા. પોલીસે 80 લાખની ચાંદી સાથે બંનેને ઝડપી લીધા અને મુખ્ય સૂત્રધારને ઝડપી લેવા માટે કવાયત શરૂ કરી છે. સમગ્ર ઘટના અંગે માહિતી આપતાં એસીપી હિરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે, રતનપોળમાં આવેલી એચ. પ્રવીણકુમાર આંગડિયા પેઢીમાં કામ કરતો કર્મચારી જીગરસિંહ વિહોલ લાખો રૂપિયાની ચાંદી અને દાગીના ડિલિવરી આપવા માટે ગયો હતો, પરંતુ તક મળતાં જ તે લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી અને આરોપીને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરવામાં આવી હતી.

## અમદાવાદથી બેંગલોર જતી ફ્લાઈટમાંથી 2 કરોડના સોનાની ચોરી

### આકાશા એરલાઈન્સનો જ સિક્યુરિટી અને ક્લિનિંગ ઇન્ચાર્જ માસ્ટર માઈન્ડ, કાર્ગોમાંથી પાર્સલ ગાયબ કરી સાગરીત સુધી પહોંચાડ્યું

અમદાવાદ, તા.22

અમદાવાદથી બેંગ્લોર જતી આકાશા એરલાઈનની ફ્લાઈટમાંથી રૂ. 2.58 કરોડના સોનાના પાર્સલ ચોરી થવાના મામલે એરપોર્ટ પોલીસે એરલાઈન્સના સિક્યુરિટી ઈન્ચાર્જ અને કર્મચારીઓ સહિત કુલ 8 આરોપીઓની ધરપકડ કરીને 69 લાખની રોકડ અને 1.08 કરોડની કિંમતનું સોનું જપ્ત કરી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ઝોન 4 ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે, આકાશા એરનો સિક્યોરીટી ઈન્ચાર્જ ઝૈદ અંસારી, એરલાઈનનો ક્લિનિંગ ઈન્ચાર્જ રોશન પટેલ અને જૂનાગઢનો સુલતાન સમા સમગ્ર ચોરી કરવાના કૌભાંડના માસ્ટરમાઈન્ડ હતા. પ્રવાસી તરીકે અમદાવાદથી બેંગ્લોર જતી ફ્લાઈટમાં જ ટિકિટ બુક કરી હતી અને પ્રવાસીની ટોલી જે ખાલી હોય છે તેમાં કાર્ગોમાંથી જ્યારે સાત પાર્સલ લાવવામાં આવ્યા ત્યારે લોડર જયેશ પરમારની ટ્રોલીમાં સોનાનું પાર્સલ મુકી દીધું હતું. પેસેન્જર તરીકે



આવનાર સાલેમંહમંદ અંસારી સુધી પહોંચતુ કરી દીધું હતું. બેંગલોર ફ્લાઈટ પહોંચી ત્યારે સોનું એરપોર્ટની બહાર લાવીને અમદાવાદ આવી ગયા હતા. ત્યારબાદ આ સોનાને પ્રોસેસ કરીને 100થી 150 ગ્રામના અલગ અલગ બ્રાસ કરી દેવામાં આવ્યા હતા. પોલીસે આ કેસમાં ઝૈદ અંસારી, રોશન પટેલ, કુલદીપ પટેલ, સાલેહ મંહમંદ અંસારી, રવિકાંત બગીયા, સોનું ખરીદનાર કિરણ પવાર અને શંકર મરાઠીની ધરપકડ કરવામાં આવી છે.

## ચોમાસાની કામગીરી પૂર્વે મ્યુ. કમિશનર આકરા પાણીએ

■ જર્જરીત મકાનોમાં અકસ્માત સર્જાશે તો અધિકારીઓ સામે ગુનો નોંધાશે, વરસાદી પાણીની લાઈનમાં ગેરકાયદે જોડાણ કાપો

અમદાવાદ, તા.22

આગામી ચોમાસાની સિઝન શરૂ થવાની છે, ત્યારે જર્જરીત મકાનો પડવાની ઘટના બનતી હોય છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનીધિ પાનીએ અધિકારીઓ સાથેની રીવ્યુ બેઠકમાં કહ્યું હતું કે આ જર્જરિત મકાનોમાં કોઈ પણ અકસ્માત સર્જાશે અને તેમાં કોઈનો જીવ જશે, તો સંબંધિત અધિકારીઓ સામે ગુનાહિત બેદરકારી હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. પ્રી મોન્સૂનની કામગીરી અંતર્ગત વરસાદી પાણીની લાઈનમાં કરવામાં આવેલા ગેરકાયદેસર જોડાણોને પણ દૂર કરવા માટે કમિશનરે સૂચના આપી હતી.

જર્જરિત ક્વાર્ટર્સના મુદ્દે કમિશનરે ચીમકી આપી

વિકલી રીવ્યુ બેઠકમાં કમિશનરે શહેરમાં આવેલા જર્જરિત ક્વાર્ટર્સના મુદ્દે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી. તેમણે જણાવ્યું કે, જો આ જર્જરિત મકાનોમાં કોઈ પણ અકસ્માત સર્જાશે અને તેમાં કોઈનો જીવ જશે, તો સંબંધિત અધિકારીઓ સામે ક્રિમિનલ ઓફેન્સ હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા અને ભાડાની જાહેરાત છતાં લોકો ખસવા તૈયાર નથી, ત્યારે આ મામલે અધિકારીઓને વધુ સક્રિય બનીને કામગીરી કરવા તાકીદ કરવામાં આવી છે.

## અમદાવાદના પોશ એરિયામાં આગ લાગી ને ફાયરની પોલ ખુલી : 1 કિમીના અંતરમાં 21 મિનિટ લાગી

અમદાવાદ, તા.22

અમદાવાદમાં એસ.જી હાઈવે પર સોલિટેર બિલ્ડીંગના બી વિંગના ત્રીજા માળે આજે અચાનક આગ લાગી હતી. જે આગ ત્રીજા માળથી ચોથા અને પાંચમા માળ સુધી પહોંચી હતી. અચાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા જ ફાયર વિભાગને આગની ઘટનાની જાણ કરવામાં આવી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી છે. જાનહાનિના કોઈ સમાચાર નથી પરંતુ ચીફ ફાયર ઓફિસરે આપેલી માહિતી પ્રમાણે 50 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જેમને ફાયર વિભાગે CPR આપી મદદ કરી હતી. મળતી માહિતી મુજબ, 22મેએ આજે બપોરે એસ.જી હાઈવે પર સોલિટેર બિલ્ડીંગના બી વિંગના ત્રીજા માળે ગીતા પાવર નામની કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જે આગ જોતજોતામાં ત્રીજા અને ચોથા માળ સુધી પહોંચી હતી. આગના કારણે ચોથા અને પાંચમા માળે નુકસાન થયું છે. આ દરમિયાન આસપાસના લોકો પણ ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. આગને કારણે બિલ્ડિંગના કાચ ધડામ કરતા કડડભૂસ થવા લાગ્યા હતા. ચીફ ફાયર ઓફિસર સહિત અધિકારીઓ ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની 10 જેટલી ગાડીઓએ સ્થળ ઉપર પહોંચી આગને કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

## ગીર પંથકમાં મિની વાવાઝોડા સાથે વરસાદ, વૃક્ષ પડતા રોડ બંધ : રાજકોટ, અમરેલી, કચ્છ સહિત 6 જિલ્લામાં ગાજવીજ સાથે માવઠાની આગાહી

દાહોદ, તા.22

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 7 દિવસ માટે વરસાદની નવી આગાહી જાહેર કરવામાં આવી છે. ગઈકાલે એટલે કે, 5 મેના અમદાવાદ, કચ્છ, અમરેલી, ગીર સોમનાથ, મહિસાગર, દાહોદ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદો ખાબક્યો હતો. ખાસ કરીને અમદાવાદમાં સાંજ પછી ભારે પવન અને આંધી સાથે અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. તો વાવાઝોડાના કારણે વૃક્ષો પણ તૂટી પડ્યાં હતાં. આજે પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે રાજ્યના ઉત્તર ગુજરાતના પાંચ અને સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં ભારે પવન સાથે માવઠાની આગાહી છે. આજે ગરમીમાં ઘટાડો થશે, પરંતુ ઉકળાટનો અહેસાસ યથાવત્ રહેશે. સાથે જ પવનની ગતિ 40થી 45 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેના કારણે હવામાનમાં અચાનક બદલાવ જોવા મળી શકે છે. જે પ્રમાણે છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં ગરમીનો પારો 40Cને પાર પહોંચ્યો હતો, તે પ્રમાણે હવે રાજ્યના લોકોને ગરમીથી થોડીક રાહત પણ મળી રહેશે. ગીર સોમનાથના ગીર ગઢડા અને ઊના તાલુકાના ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. ગીર ગઢડાના હરમડીયા, પૂછવી, એભલવડ, ધોકડવા, બેડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક સામાન્ય વરસાદ વરસી રહ્યો છે. કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે કેસર કેરી પકવતા ખેડૂતોને ભારે નુકસાન જવાની આશંકા છે. ઉનાના ઉમેજ, પાતાપુર, ભાચા સહિતના ગામોમાં પણ કમોસમી આફત વરસવાનું શરૂ થયું છે. ખેતરમાં રહેલા તૈયાર પાકને લઈને ખેડૂતોના જીવ તાળવે ચોટીયા છે. તો કંસારી રોડ પર વૃક્ષ ધરાશાય થતાં વાહનો થંભી ગયા હતાં. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે (6 મે) ગાજવીજ સાથે કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વધુ છે. અમદાવાદ શહેરમાં આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે, જેના કારણે ગરમીમાં થોડી રાહત મળી શકે છે. આગામી 24 કલાક દરમિયાન રાજ્યના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે. હાલમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય બન્યા છે, જેના કારણે વાતાવરણમાં અસ્થિરતા વધી રહી છે. સાથે સાથે બે અલગ-અલગ સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવને કારણે વરસાદી માહોલ સર્જાયો છે. 7થી 12 મે વચ્ચે વાતારવણ શુષ્ક રહેશે.

#### બે વરસાદી સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવથી વરસાદી માહોલ

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે (6 મે) ગાજવીજ સાથે કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વધુ છે. અમદાવાદ શહેરમાં આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે, જેના કારણે ગરમીમાં થોડી રાહત મળી શકે છે. આગામી 24 કલાક દરમિયાન રાજ્યના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે. હાલમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય બન્યા છે, જેના કારણે વાતાવરણમાં અસ્થિરતા વધી રહી છે. સાથે સાથે બે અલગ-અલગ સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવને કારણે વરસાદી માહોલ સર્જાયો છે. 7થી 12 મે વચ્ચે વાતારવણ શુષ્ક રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# પાકિસ્તાન પહોંચ્યો વાઈરલ 'કોકરોચ'નો ક્રેઝ : ભારત પછી પાકિસ્તાનમાં બની 'કોકરોચ અવામી પાર્ટી', બાયોમાં લખ્યું- કોપી કર્યું છે, પણ હેતુ એ જ છે

- **આદમી પાર્ટીના પૂર્વ સહયોગી અભિજીત દિપકેએ 16 મેના રોજ સોશિયલ મીડિયા પર "કોકરોચ જનતા પાર્ટી" કેમ્પેઈન લોન્ચ કરી**




**ઇસ્લામાબાદ, તા.22**

ભારતમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી 'કોકરોચ જનતા પાર્ટી' હવે પાકિસ્તાન સુધી પહોંચી ગઈ છે. ભારતમાં શરૂ થયેલું આ વ્યંગાત્મક ઓનલાઈન રાજકીય આંદોલન હવે પાડોશી દેશમાં પણ યુવાનો વચ્ચે ચર્ચાનો વિષય બની ગયું છે. પાકિસ્તાનમાં આના જ જેવી 'કોકરોચ અવામી પાર્ટી (CAP)' અને 'કોકરોચ અવામી લીગ (CAL)' જેવા કેટલાય સોશિયલ મીડિયા પેજ સામે આવ્યા છે. ભારતમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી 'કોકરોચ જનતા પાર્ટી' હવે પાકિસ્તાન સુધી પહોંચી ગઈ છે. ભારતમાં શરૂ થયેલું આ વ્યંગાત્મક ઓનલાઈન રાજકીય આંદોલન હવે પાડોશી દેશમાં પણ યુવાનો વચ્ચે ચર્ચાનો વિષય બની ગયું છે. પાકિસ્તાનમાં આના જ જેવી 'કોકરોચ અવામી પાર્ટી (CAP)' અને 'કોકરોચ અવામી લીગ (CAL)' જેવા કેટલાય સોશિયલ મીડિયા પેજ સામે આવ્યા છે.

ખરેખર તો ભારતમાં 'કોકરોચ જનતા પાર્ટી' એટલે કે CJPની શરૂઆત ગયા અઠવાડિયે થઈ. આનો આધાર એ વિવાદાસ્પદ ટિપ્પણી સાથે જોડાયેલો છે, જેમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કથિત રીતે બેરોજગાર એક્ટિવિસ્ટ યુવાનોની સરખામણી 'કોકરોચ' અને 'પેરાસાઈટ' (પરોપજીવી) સાથે કરી હતી. જોકે બાદમાં સ્પષ્ટતા આપવામાં આવી હતી, પરંતુ સોશિયલ મીડિયા પર આ નિવેદનને લઈને ચર્ચા ફાટી નીકળી હતી.

આ જ વિવાદ પછી અમેરિકામાં રહેતા ભારતીય મૂળના પીઆર (PR) ગ્રેજ્યુએટ અને આમ આદમી પાર્ટીના પૂર્વ સહયોગી અભિજીત દિપકેએ 16 મેના રોજ સોશિયલ મીડિયા પર 'કોકરોચ જનતા પાર્ટી' કેમ્પેઈન લોન્ચ કરી દીધું. તેમણે પોતાને રમુજી અંદાજમાં 'કોકરોચ' ગણાવતા આ આંદોલનને બેરોજગાર અને સિસ્ટમથી નારાજ યુવાનોનો અવાજ ગણાવ્યો.


કરોડોમાં પહોંચ્યા ફોલોઅર્સ થોડા જ દિવસોમાં પાર્ટીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઝડપથી વાયરલ થઈ ગયું અને તેના ફોલોઅર્સ કરોડોમાં પહોંચી ગયા. પાર્ટીએ પોતાને 'આળસુ અને બેરોજગાર યુવાનો'નો અવાજ ગણાવતા શિક્ષણ, રોજગાર, હેલ્થકેર, એક્ઝામ સિસ્ટમ સુધારા અને સરકારી જવાબદારી જેવા મુદ્દાઓ ઉઠાવ્યા. વ્યંગ અને મીમ્સ દ્વારા આ આંદોલન ઝડપથી યુવાનો વચ્ચે લોકપ્રિય બની ગયું.

ભારતમાં આની લોકપ્રિયતા વધ્યા પછી પાકિસ્તાનમાં પણ આ જ પ્રકારના એકાઉન્ટ સામે આવવા લાગ્યા. 'Cockroach Awami Party' નામના એક ઈન્સ્ટાગ્રામ પેજે ખુલ્લા મને સ્વીકાર્યું કે તે ભારતીય આંદોલનથી પ્રેરિત છે. તેના બાયો (Bio)માં લખવામાં આવ્યું, 'હા કોપી કર્યું છે પરંતુ કોને ફરક પડે છે. વાત એ જ છે.' CJPના પાકિસ્તાની વર્ઝનનો શું ઈરાદો છે? પાકિસ્તાની 'કોકરોચ' પેજ પોતાને ત્યાંની જેન-ઝી (Gen-Z) પેઢીનો અવાજ ગણાવી રહ્યા છે. આ લોકોનો દાવો છે કે તેઓ પાકિસ્તાનની પરંપરાગત રાજનીતિના વિકલ્પ તરીકે સામે આવવા માંગે છે. ઘણી પોસ્ટ્સમાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI), પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) જેવી મુખ્ય પ્રવાહની પાર્ટીઓ પર કટાક્ષ (વ્યંગ) કરવામાં આવ્યો છે.

ભારતમાં આની લોકપ્રિયતા વધ્યા પછી પાકિસ્તાનમાં પણ આ જ પ્રકારના એકાઉન્ટ સામે આવવા લાગ્યા. 'Cockroach Awami Party' નામના એક ઈન્સ્ટાગ્રામ પેજે ખુલ્લા મને સ્વીકાર્યું કે તે ભારતીય આંદોલનથી પ્રેરિત છે. તેના બાયો (Bio)માં લખવામાં આવ્યું, 'હા કોપી કર્યું છે પરંતુ કોને ફરક પડે છે. વાત એ જ છે.' CJPના પાકિસ્તાની વર્ઝનનો શું ઈરાદો છે? પાકિસ્તાની 'કોકરોચ' પેજ પોતાને ત્યાંની જેન-ઝી (Gen-Z) પેઢીનો અવાજ ગણાવી રહ્યા છે. આ લોકોનો દાવો છે કે તેઓ પાકિસ્તાનની પરંપરાગત રાજનીતિના વિકલ્પ તરીકે સામે આવવા માંગે છે. ઘણી પોસ્ટ્સમાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI), પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) જેવી મુખ્ય પ્રવાહની પાર્ટીઓ પર કટાક્ષ (વ્યંગ) કરવામાં આવ્યો છે. એક એક્સ એકાઉન્ટ @CockroachAPએ ઉર્દૂમાં લખ્યું, 'જેમને સિસ્ટમે કોકરોચ સમજ્યા, અમે એ જ જનતા (અવામ)નો અવાજ છીએ.' જ્યારે 'Cockroach Awami League Pakistan' નામના બીજા પેજે 'દરેક પરિસ્થિતિમાં જીવતા છીએ' જેવા સ્લોગન સાથે પોતાને યુવાનોનું પ્રતીક ગણાવ્યું છે.

## હોર્મુઝમાં જહાજો પાસેથી ફી વસૂલવાની તૈયારીમાં ઈરાન

### ઓમાન સાથે પેમેન્ટ સિસ્ટમ પર વાતચીત ચાલુ, અમેરિકાએ કહ્યું- આ મંજૂર નથી



**અમેરિકા, તા.22**

ઈરાન અને ઓમાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ફી વસૂલવાની સિસ્ટમ અંગે વાતચીત કરી રહ્યા છે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, ઈરાનની નવી રચાયેલી પર્શિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી (PGSA) એ જણાવ્યું કે તેણે હોર્મુઝ સ્ટ્રેટના 'મેનેજમેન્ટ સુપરવિઝન એરિયા'ની સીમા નક્કી કરી દીધી છે. ઓથોરિટી અનુસાર, અહીંથી પસાર થવા માટે પરમિટ જરૂરી રહેશે. ફેબ્રુઆરીમાં અમેરિકી અને ઈઝરાયલી હુમલાઓ પછી ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં કોમર્શિયલ ટ્રાફિક લગભગ રોકી દીધો હતો. તેનાથી આંતરરાષ્ટ્રીય શિપિંગ પ્રભાવિત થયું અને ઊર્જા કિંમતોમાં તેજી આવી. આ પછી ઈરાની અધિકારીઓએ આ જળમાર્ગથી આવક એકત્ર કરવાના વિકલ્પો પર ચર્ચા શરૂ કરી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને અહીં કોઈ પણ પ્રકારનો ટોલ ન હોવો જોઈએ. વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ તેનો વિરોધ કર્યો. દુનિયાના લગભગ 20% દરિયાઈ ઓઈલ અને કુદરતી ગેસનો પુરવઠો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. આવા સંજોગોમાં, અહીં કોઈપણ પ્રકારના શુલ્ક કે પ્રતિબંધની અસર વૈશ્વિક ઊર્જા બજાર અને શિપિંગ પર પડી શકે છે. રિપોર્ટ અનુસાર, ઈરાન સીધો ટોલ લગાવવાને બદલે સર્વિસ ફી મોડેલ પર કામ કરી રહ્યું છે. તેમાં જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ફી, પર્યાવરણ શુલ્ક અને અન્ય સેવાઓના નામે રકમ લઈ શકાય છે. બે ઈરાની અધિકારીઓ અનુસાર, ઓમાન હવે આ પ્રસ્તાવમાં સંભવિત આર્થિક ફાયદાઓ જોતા ભાગીદારી પર ચર્ચા કરી રહ્યું છે. ઓમાન ખાડી દેશો અને અમેરિકા સાથે આ યોજનાને આગળ વધારવાનો પ્રયાસ કરી શકે છે. ટ્રમ્પ બોલ્યા- યુદ્ધ સિવાય કોઈ બીજો વિકલ્પ નહોતો: ટ્રમ્પે કહ્યું કે ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા રોકવા માટે અમેરિકા પાસે યુદ્ધ સિવાય કોઈ વિકલ્પ નહોતો. તેમણે દાવો કર્યો કે હોર્મુઝમાં ઉભેલા 1600 ઓઈલ ટેન્કરો (તેલના જહાજો) ટૂંક સમયમાં રવાના થશે, જેનાથી તેલની કિંમતો ઘટશે. ઈરાન બોલ્યું- અમારી પાસે હજુ પણ ઘણા સીક્રેટ હથિયારો બાકી: અમેરિકાની ધમકીઓ વચ્ચે ઈરાને દાવો કર્યો છે કે તેની પાસે ઘણા આધુનિક અને અનટેસ્ટેડ (જેનું પરીક્ષણ ન થયું હોય તેવા) હથિયારો મોજૂદ છે. ઈરાની સૈન્ય સૂત્રોએ જણાવ્યું કે આગામી વખતે જો હુમલો થયો તો જવાબ કોઈપણ પ્રકારના સંયમ રાખ્યા વિના આપવામાં આવશે. ઈરાન યુદ્ધ પર ટ્રમ્પ-નેતન્યાહૂ વચ્ચે મતભેદ: અહેવાલો અનુસાર, અમેરિકા ઈરાન સાથે તણાવ ઓછો કરવા અને સીઝફાયર (યુદ્ધવિરામ) જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે ઇઝરાયેલ ફરીથી સૈન્ય કાર્યવાહી કરવાના પક્ષમાં છે. નેતન્યાહૂ સરકાર ઈરાન પર દબાણ બનાવી રાખવા માંગે છે.




દિલ્હી હાઈકોર્ટે શુક્રવાર, 22 મે, 2026 ના રોજ, કાર્યકર્તા ઉમર ખાલિદને ત્રણ દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા, જે શહેરના ઉત્તરપૂર્વીય ભાગોમાં ફેબ્રુઆરી 2020 માં થયેલા રમખાણો પાછળ "મોટા કાવતરા" ને લગતા આતંકવાદ વિરોધી કાયદા UAPA હેઠળના કેસમાં કસ્ટડીમાં છે, જેથી તે તેની માતાને મળી શકે જેમની સર્જરી કરાવવાની છે.

## પંજાબી યુવતીએ કેનેડા પોલીસ પાસે ₹558 કરોડ વળતર માંગ્યું

### યુવતીએ કહ્યું-પોલીસની બેદરકારીને કારણે માતા-પિતાની હત્યા થઈ, મને 13 ગોળીઓ વાગી; કામ કરવામાં અસમર્થ

**જલંધર તા.22**

પંજાબી મૂળની યુવતીએ પોતાના ભાઈ સાથે માતા-પિતાની હત્યાના કેસમાં કેનેડા પોલીસ પર 558.4 કરોડ રૂપિયાના વળતરનો દાવો કર્યો છે. યુવતીનું કહેવું છે કે તેના માતા-પિતાની હત્યા પોલીસની બેદરકારીને કારણે થઈ છે. ત્રણ વર્ષ પહેલાં જસપ્રીત કૌર સિદ્ધુ (31) અને ગુરદિત્ત સિદ્ધુ (29) ના માતા-પિતા અમૃતસરથી કેનેડાના ઑન્ટારિયોમાં બાળકોને મળવા આવ્યા હતા. 20 નવેમ્બર 2023ના રોજ તેઓ જે ઘરમાં રોકાયા હતા, ત્યાં કેટલાક હુમલાખોરોએ જગતાર સિદ્ધુ અને હરભજન સિદ્ધુની ગોળી મારીને હત્યા કરી દીધી. હવે યુવતીએ 20 મે 2026ના રોજ વકીલ ફ્રેડરિક શૂમેન દ્વારા કેનેડા પોલીસ પર કોર્ટમાં કેસ કર્યો છે. આરોપ



લગાવ્યો કે પોલીસે પરિવારને કોઈ પણ જોખમ વિશે જણાવ્યું ન હતું અને ત્યાં રહેવા માટે ક્લીન ચિટ આપી હતી. જ્યારે હત્યાના 4 દિવસ પહેલાં જ ઘરની મુલાકાત પણ લીધી હતી. બીજી તરફ, પોલીસનું કહેવું છે કે આ બધું ભૂલથી થયું છે. જસપ્રીત કૌર સિદ્ધુએ દાવો કર્યો કે હુમલાખોરોએ તેને પણ 13 ગોળીઓ મારી હતી, જેના પછી તેણે મહિનાઓ સુધી હોસ્પિટલમાં વિતાવ્યા અને તે હજુ પણ તેના માતા-પિતાને ગુમાવવાથી મળેલા આઘાતમાંથી બહાર આવી શકી નથી. જસપ્રીત કૌરે જણાવ્યું કે તેને ખભાથી લઈને પગ સુધી વારંવાર ગોળીઓ મારવામાં આવી હતી અને તેનો જીવ બચાવવા માટે 18 કલાક લાંબુ ઓપરેશન ચાલ્યું હતું. તેના ગળા અને પેટમાં વાગેલી ગોળીઓના કારણે તે થોડા સમય માટે બોલી શકી ન હતી. ફરિયાદ મુજબ, એક ગોળી જેને કાઢી શકાઈ નથી, તે હજુ પણ તેમની કરોડરજ્જુ પાસે ફસાયેલી છે. દાવા મુજબ, આ ગોળીબાર પછી સિદ્ધુ કામ કરવામાં અસમર્થ છે. તેઓ નસોને નુકસાન થવાને કારણે ચાલવા-ફરવામાં તકલીફ છે અને ગંભીર માનસિક તણાવમાંથી પસાર થઈ રહી છે. સિદ્ધુ પરિવાર વતી વકીલ ફ્રેડરિક શૂમાને કહ્યું કે આ મામલો પોલીસને તેમની જવાબદારીનું ભાન કરાવવા માટે છે.

## ક્યુબાના પૂર્વ રાષ્ટ્રપતિ રાઉલ ફરી ચર્ચામાં

### સુનાવણી વિના 600 લોકોને મૃત્યુદંડ આપ્યો, ગોળી મારતા પોતે જ જોતા હતા



**હવાના , તા.22**

અમેરિકી કોર્ટમાં હત્યા અને અમેરિકન નાગરિકોનો જીવ લેવાનું ષડયંત્ર રચવાનો ગંભીર કેસ કરાયા થયા પછી ક્યુબાના પૂર્વ રાષ્ટ્રપતિ રાઉલ કાસ્ટ્રો ફરી ચર્ચામાં છે. જુલાઈ 1953 થી જાન્યુઆરી 1959 સુધી ચાલેલા ક્યુબામાં ક્રાંતિકારી આંદોલનમાં ત્રીજો સૌથી મોટો ચહેરો રહેલા રાઉલ મોટા ભાઈ ફિદેલ કાસ્ટ્રોની યોજનાઓના મુખ્ય માસ્ટર માઈન્ડ માનવામાં આવે છે. 1959માં કાસ્ટ્રો ભાઈઓએ ક્યુબાની સત્તા સંભાળતા જ, તેમણે બતિસ્તા સરકારના પૂર્વ અધિકારીઓ, પોલીસકર્મીઓ અને જાસૂસો પર કેસ ચલાવ્યા. 'લા કાબાના' કિલ્લાના પ્રભારી તરીકે રાઉલે કોઈપણ કાનૂની પ્રક્રિયા વિના, 500-600 લોકોને મોતને ઘાટ ઉતારવાનો આદેશ આપ્યો. તેઓ ફાયરિંગ સ્ક્વોડ દ્વારા લોકોને ગોળી મારતા જોતા હતા. 2008 થી 2018 સુધી ક્યુબાના રાષ્ટ્રપતિ રહેલા રાઉલની ઓળખ ક્રૂર નેતા તરીકેની છે. 1960ના દાયકામાં જ્યારે ક્યુબામાં ક્રાંતિ પછી વિરોધીઓ પર કાર્યવાહી શરૂ થઈ, ત્યારે ફાયરિંગ સ્ક્વોડ અને સૈન્ય ટ્રાયલની સંપૂર્ણ વ્યવસ્થા રક્ષા મંત્રી તરીકે રાઉલે જ કરી હતી. જૂન 1958માં બતિસ્તાની સેનાને રોકવા માટે અમેરિકી નૌકાદળના જવાનો સહિત 50 નાગરિકોને બંધક બનાવવામાં આવ્યા હતા. 1960-70ના દાયકામાં હજારો લોકોને નિષ્પક્ષ સુનાવણી વિના જેલો અને શ્રમ શિબિરોમાં મોકલવામાં આવ્યા. પૂર્વ સીઆઈએ વિશ્લેષક બ્રાયન કહે છે કે ફિદેલ સાર્વજનિક મંચ પરથી ભાષણ આપતા હતા, પરંતુ આદેશોનો અમલ કરાવનાર મગજ રાઉલનું હતું.

## આતંકી હમઝા બુરહાનની હત્યાના આરોપીની હથિયારો સાથે ધરપકડ

### 2 શંકાસ્પદ ફરાર; હમઝાને આજે ઈસ્લામાબાદમાં દફનાવવામાં આવશે

**ઇસ્લામાબાદ, તા.22**

પુલવામા હુમલામાં સામેલ આતંકવાદી હમઝા બુરહાનની હત્યાના કેસમાં મુઝફ્ફરાબાદના કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ (CTD) એ અબ્દુલ્લા કમાલ નામના આરોપીની ધરપકડ કરી છે. અબ્દુલ્લા કમાલ પાકિસ્તાનના વાહ કેન્ટનો રહેવાસી છે. CTD એ તેને કસ્ટડીમાં લઈને પૂછપરછ શરૂ કરી દીધી છે. કાર્યવાહી દરમિયાન આરોપી પાસેથી હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યું. તપાસ એજન્સીઓ એ જાણવામાં વ્યસ્ત છે કે હત્યામાં આ જ હથિયારનો ઉપયોગ થયો હતો કે નહીં. રિપોર્ટ અનુસાર, ઘટના દરમિયાન હાજર અન્ય બે શંકાસ્પદ વ્યક્તિઓ સ્થળ પરથી ભાગી ગયા હતા. સુરક્ષા એજન્સીઓ તેમની શોધખોળમાં લાગી છે. આ કેસમાં આરોપી અબ્દુલ્લા કમાલનો એક્સક્લુઝિવ ફોટો પણ સામે આવ્યો છે. હમઝા બુરહાન 2019ના પુલવામા આતંકવાદી હુમલામાં સામેલ હતો. 14 ફેબ્રુઆરી 2019ના રોજ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં CRPFના કાફલા પર આત્મઘાતી હુમલો થયો હતો, જેમાં 40 જવાનો શહીદ થયા હતા. હમઝા બુરહાનને આજે ઈસ્લામાબાદના બર્મા ટાઉન સ્થિત ફાતિમા સ્કૂલમાં સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, ગુરુવારે મુઝફ્ફરાબાદની AIMS કોલેજની બહાર અજાણ્યા હુમલાખોરોએ હમઝા પર અનેક ગોળીઓ ચલાવી હતી, જેમાંથી ત્રણ તેના માથામાં વાગી હતી. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત થયું હતું. હમઝા બુરહાન જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લાનો રહેવાસી હતો. તે પહેલા આતંકી સંગઠન અલ બદર સાથે જોડાયેલો હતો અને બાદમાં અલ બરાક માટે કામ કરવા લાગ્યો. તે મુઝફ્ફરાબાદના ચીલા બાંદી વિસ્તારમાં ભારે સુરક્ષા વચ્ચે રહેતો હતો. તેની પાસે કમાન્ડો સુરક્ષા, બુલેટપ્રૂફ ગાડી અને એસ્કોર્ટ વાહન પણ હતા. ભારતે 2022માં તેને UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો હતો. તે અબુ દુજાના, અબુ કાસિમ, બુરહાન વાની અને ઝાકિર મૂસાનો નજીકનો સહયોગી માનવામાં આવતો હતો. તેના પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI સાથે પણ ગાઢ સંબંધો હતા.

સરકારના મતે, અર્જુમંદ ગુલઝાર ડાર ઉર્ફે હમઝા બુરહાન ઉર્ફે ડોક્ટર પુલવામાના રત્નીપોરા વિસ્તારનો રહેવાસી હતો. 23 વર્ષનો હમઝા, આતંકવાદી સંગઠન અલ બદ્ર સાથે જોડાયેલો હતો. અલ બદ્રને સરકારે આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. તે કાયદેસર રીતે પાકિસ્તાન ગયો હતો. ત્યાં જઈને તે અલ બદ્રમાં જોડાયો અને બાદમાં સંગઠનનો સક્રિય આતંકવાદી અને કમાન્ડર બન્યો. હાલ તે પાકિસ્તાનથી જ કામ કરી રહ્યો હતો. તેના પર આરોપ છે કે તે યુવાનોને અલ બદ્રમાં જોડાવા



માટે ઉશ્કેરતો હતો અને ફંડિંગ પણ કરતો હતો. તપાસ એજન્સીઓ અનુસાર, 2020માં CRPF જવાનો પર ગ્રેનેડ હુમલા અને યુવાનોને આતંકવાદી સંગઠનમાં ભરતી કરાવવા જેવી ગતિવિધિઓમાં પણ તે સામેલ રહ્યો હતો. 14 ફેબ્રુઆરી 2019 ના રોજ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં CRPF ના કાફલા પર આત્મઘાતી આતંકવાદી હુમલો થયો હતો. શ્રીનગર-જમ્મુ હાઈવે પર લેથપોરા વિસ્તારમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી આદિલ અહેમદ ડારે વિસ્ફોટકો ભરેલી SUV બસો સાથે અથડાવી હતી.

ધમાકો એટલો ભયાનક હતો કે બે બસોના ફુરચા ઉડી ગયા અને 40 જવાનો શહીદ થયા. તપાસમાં સામે આવ્યું કે હુમલા પહેલા સુરક્ષા એજન્સીઓને ઘણા ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા હતા, પરંતુ આતંકી ષડયંત્રને રોકી શકાયું નહીં. બાદમાં NIAએ પોતાની ચાર્જશીટમાં જૈશ-એ-મોહમ્મદ અને તેના સરગના મસૂદ અઝહરને હુમલાનો માસ્ટરમાઈન્ડ ગણાવ્યો હતો. આ ઉપરાંત હમઝા જમ્મુ-કાશ્મીરના પુલવામાના કાકાપોરા વિસ્તારમાં 18 નવેમ્બર 2020ના રોજ થયેલા આતંકી હુમલામાં પણ સામેલ હતો. ત્યારે આતંકીઓએ બંકર પર ગ્રેનેડ હુમલો કર્યો હતો. જોકે ગ્રેનેડ પોતાના નિશાન પરથી ચૂકીને રસ્તા પર ફાટી ગયો, જેના કારણે 12 નાગરિકો ઘાયલ થયા.

રિપોર્ટ્સ અનુસાર, હમઝા બુરહાન લાંબા સમયથી પાકિસ્તાન અને PoKમાં સક્રિય હતો. બુરહાન મુઝફ્ફરાબાદની AIMS કોલેજની બહાર માર્યો ગયો. તે અબુ દુજાના, અબુ કાસિમ, બુરહાન વાની અને ઝાકિર મૂસાનો નજીકનો સહયોગી હતો. બુરહાન વાની 8 જુલાઈ 2016 ના રોજ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યો ગયો હતો. તેના મૃત્યુ પછી કાશ્મીરમાં લાંબા સમય સુધી હિંસા અને વિરોધ પ્રદર્શનો થયા હતા. બુરહાન વાનીના મૃત્યુ પછી ઝાકિર મૂસા હિઝબુલનો કમાન્ડર બન્યો હતો. તે 23 મે 2019 ના રોજ પુલવામા જિલ્લાના ત્રાલ વિસ્તારમાં સુરક્ષા દળોના ઓપરેશનમાં માર્યો ગયો હતો. પાકિસ્તાનમાં છેલ્લા 4 મહિનામાં 4 મોટા આતંકવાદીઓના શંકાસ્પદ સંજોગોમાં મોત થયા છે. આ પાછળ અજાણ્યા હુમલાખોરનો હાથ હોવાનું કહેવાય છે, જોકે તેની પુષ્ટિ થઈ નથી.

1. લશ્કર આતંકવાદી-મોહમ્મદ કાસિમ ગુજ્જર

લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા આતંકવાદી મોહમ્મદ કાસિમ ગુજ્જરની ફેબ્રુઆરી 2026માં પાકિસ્તાનના પેશાવરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રિપોર્ટ્સ અનુસાર, અજાણ્યા બંદૂકધારીઓએ તેના પર હુમલો કર્યો હતો. જોકે તેની સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવી નથી. કાસિમ ગુજ્જર ઉર્ફે સલમાન/સુલેમાનને ભારત સરકારે 2024માં UAPA હેઠળ ઘોષિત આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતીય એજન્સીઓ અનુસાર, તે અનેક આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતો અને જમ્મુ-કાશ્મીરમાં નવા આતંકવાદી મોડ્યુલ તૈયાર કરવાનું કામ કરી રહ્યો હતો. તેના પર આતંકવાદીઓને હથિયારો અને ફંડિંગ પહોંચાડવા, સોશિયલ મીડિયા અને એન્ક્રિપ્ટેડ એપ્સ દ્વારા ભરતી કરવા અને અનેક આતંકવાદી હુમલાઓમાં ભૂમિકા ભજવવાના આરોપ હતા.

**1** ભારતથી પાકિસ્તાન ગયો, પછી આતંકવાદી સંગઠન સાથે જોડાયો હમઝા

**2** બાદમાં NIAએ પોતાની ચાર્જશીટમાં જૈશ-એ-મોહમ્મદ અને તેના સરગના મસૂદ અઝહરને હુમલાનો માસ્ટરમાઈન્ડ ગણાવ્યો હતો.

**3** આતંકવાદી સંગઠન હિઝબુલના કમાન્ડર બુરહાન વાનીને 8 જુલાઈ 2016 ના રોજ સુરક્ષા દળોએ ઠાર કર્યો હતો.

## તંત્રી લેખ

# 11મીએ આકૃતિની ધરપકડ, 13 એપ્રિલે હિંસા કેવી રીતે ભડકાવી:નોઇડા પ્રોટેસ્ટ કેસ

13 એપ્રિલ, 2026ના રોજ યુપીના નોઈડામાં મજૂરોનું હિંસક પ્રદર્શન થયું હતું. આ કેસમાં લખનઉના જર્નાલિસ્ટ સત્યમ વર્મા અને એક્ટિવિસ્ટ આકૃતિ ચૌધરી પર NSA લગાવવામાં આવ્યો છે. તેમના પર સોશિયલ મીડિયા પર મજૂરોને ભડકાવવા અને વિદેશી ફંડિંગ જેવા આરોપો લગાવવામાં આવ્યા છે. જોકે, યુપી પોલીસે આ આખા મામલામાં જે વાર્તા જણાવી છે, તેમાં કેટલીક ખામી પણ જોવા મળી રહી છે. 1. આકૃતિને 11 એપ્રિલના રોજ જ મેટ્રો સ્ટેશન પરથી ધરપકડ કરવામાં આવી હતી, તો તેણે 13 એપ્રિલના રોજ હિંસા કેવી રીતે ભડકાવી દીધી?

2. સત્યમ વર્માને પોલીસ લખનૌથી 17 એપ્રિલના રોજ લઈ ગઈ હતી, પરંતુ ધરપકડ 19 એપ્રિલના રોજ દર્શાવવામાં આવી. સત્યમ નોઈડામાં નહોતા. તેઓ પોલીસના સંપર્કમાં હતા અને તેમના કહેવા પર આર્ટિકલ પણ હટાવી દીધો હતો.

3. પોલીસે પ્રેસ નોટ જાહેર કરીને દાવો કર્યો છે કે સત્યમને વિદેશોમાંથી 1 કરોડ રૂપિયાનું ફંડિંગ મળ્યું છે, આનાથી જોડાયેલા પુરાવા પોલીસે કોર્ટમાં રજૂ કેમ ન કર્યા?

4. FIRમાં વિલંબ કેમ થયો, એક જ કેસમાં ઘણી બધી FIR કેમ નોંધવામાં આવી?

પ્રેસ નોટના ફોટાનું કેપ્શન: ગૌતમબુદ્ધ નગર પોલીસ કમિશનરેટે 15 મેના રોજ નિવેદન જાહેર કરીને કહ્યું કે સત્યમના બેંક ખાતામાં 1 કરોડ જમા કરવામાં આવ્યા. આ રકમ ડૉલર, પાઉન્ડ અને યુરો જેવી કરન્સીમાં કેટલાય બીજા દેશોમાંથી જમા કરાવવામાં આવી હતી. જગ્યા: જનચેતના પબ્લિકેશન હાઉસ, લખનૌ 65 વર્ષના સત્યમ વર્મા ઓફિસમાં કામ કરી રહ્યા હતા. ત્યારે જ હસનગંજ પોલીસ ત્યાં પહોંચી અને તેમને એક આર્ટિકલ ડિલીટ કરવા માટે કહ્યું. સત્યમ જર્નાલિસ્ટ અને એક્ટિવિસ્ટ છે. તેઓ મજૂરોના અધિકારો માટે કામ કરે છે. તેમનો આ આર્ટિકલ 'મજદૂર બિગુલ' અખબારમાં છપાયો હતો. નોઈડામાં 9 એપ્રિલથી મજૂરોનું પ્રદર્શન ચાલી રહ્યું હતું. પોલીસને ડર હતો કે આ આર્ટિકલથી પરિસ્થિતિ બગડી શકે છે. સત્યમે પોલીસની વાત માની લીધી અને આર્ટિકલ હટાવી દીધો. આશરે 7 દિવસ પછી હસનગંજ પોલીસ ફરીથી પબ્લિકેશન હાઉસ પહોંચી. સત્યમ વર્મા અને તેમના સહયોગી કાત્યાયની સિન્હાને પૂછપરછ માટે પોતાની સાથે લઈ ગઈ. પછી 19 મેના રોજ બંનેની ધરપકડ કરી લીધી. સત્યમ વર્માના વકીલ અલી ઝિયા કબીર ચૌધરીનો દાવો છે કે તેમને અત્યાર સુધી માત્ર પોલીસની મીડિયા સેલમાંથી જ ખબર પડી છે કે NSA લગાવવામાં આવ્યો છે. તેઓ કહે છે, 'અમને આનાથી જોડાયેલા કોઈ ડોક્યુમેન્ટ્સ મળ્યા નથી. જ્યારે કાનૂની રીતે પોલીસે કોર્ટમાં કાગળો રજૂ કરીને ડિફેન્સના (બચાવ પક્ષના) વકીલને જણાવવાનું હોય છે, પરંતુ એવું કંઈ કરવામાં આવ્યું નથી.' વિદેશી ફંડિંગના આરોપ પર કબીર કહે છે, 'સત્યમના પરિવારે વિદેશી એકાઉન્ટ્સમાંથી 1 કરોડ રિસીવ થયા હોવાની વાત નકારી કાઢી છે. તેઓ ટ્રાન્સલેટર તરીકે કામ કરે છે, તેથી શક્ય છે કે વિદેશી પબ્લિકેશન તરફથી પેમેન્ટ આવ્યું હોય.

# તુલસી અને રત્નાવલી નાં સંગમ અને વિયોગ બંનેનું કારણ યમુનાજીનો પ્રવાહ છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ રત્નાવલીનાં સાતમા દિવસની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, તુલસી અને રત્નાવલી બંનેની વચ્ચે જડતાં નથી, પરંતુ એક પ્રવાહ છે. બંનેનાં સંગમનું અને બંનેના વિયોગનું કારણ પણ એક પ્રવાહ છે, અને એ પ્રવાહ યમુનાજીનો છે. યમુના એ તુલસી અને રત્નાજી નો સંગમ છે, એક પ્રકારનો સેતુ છે. બે ચેતના વચ્ચે જ્યારે જડતા સેતુ બને, ત્યારે બંને ચેતના પરમ તત્વની યાત્રાથી દૂર રહે છે, પરંતુ અહીં સેતુ યમુનાનાં રૂપમાં પ્રવાહમાન છે. યમુનાજી ત્રણ વસ્તુ પ્રદાન કરે છે, અને ત્રણ વસ્તુનો નાશ કરે છે. એવો આ યમનાનો પ્રવાહ ખૂબ જ પ્રેરણાપદ છે, માર્ગદર્શક છે. આ પ્રવાહને કારણે તુલસી અને રત્નાવલી બંનેનામાં ત્રણ ત્રણ વસ્તુ આવી અને ત્રણ વસ્તુ ગઈ.

યમુના ને કારણે રત્નાવલી અને ગોસ્વામીજી વચ્ચે નિરંતર પ્રેમની વૃદ્ધિ થઈ છે, કારણ કે યમુનાનો એક સ્વભાવ આપણાં પ્રેમને પરમચેતના પ્રત્યે વૃદ્ધિ કરાવનાર છે, એટલે કે પ્રેમ વૃદ્ધિ કરવી એ યમુનાનો મૂળ સ્વભાવ છે. શ્રીમન મહાપ્રભુજી વલ્લભાચાર્ય યમુનાષ્ટકમાં કહે છે, યમુના મુકંદના ચરણોમાં રતિવર્ધન કરવાનું કામ કરે છે, પરમ તત્વ પ્રત્યેની પ્રીતિમાં વૃદ્ધિ કરે છે. યમુનાને નદી સ્વરૂપે જોઈએ, તો એમાં જે રીતે પુર આવે એ રીતે મુકુંદનાં ચરણોમાં પ્રીતિ પણ વધે છે. કહેવાતી કથા મુજબ જ્યારે યમુનામાં પુર આવ્યું, ત્યારે જ તુલસી રત્નાવલીને મળવાં ગયા હતાં તો ભગવત ચરણમાં રતિ વૃદ્ધિનું એક કારણ યમુના છે.

નમામિ યમુનામહં સકલ સિધ્ધિ હેતુ મુદા,
મુરારી પદ પંકજ સ્ફુરદમન્દ રેણુત્કટામ.

બીજું લક્ષણ, યમુના સિદ્ધિ પ્રદાન કરે છે. હનુમાન ચાલીસાની પંક્તિ મુજબ સાધકને અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ પ્રાપ્ત થાય છે. થોડું રૂપમાં જુઓ તો પણ યમુના સિદ્ધિદાતા છે વ્યાસપીઠની રુચી સિદ્ધિમાં નથી એટલે આપણે એની ચર્ચા નહીં કરીએ, પરંતુ જીવનમાં આઠ પ્રકારની શુદ્ધિ હોવી જોઈએ, અને એ અષ્ઠ શુદ્ધિ જ સાધકની સિદ્ધિ છે. વાણીની શુદ્ધિ, યમુનાજીની કૃપાથી પ્રાપ્ત થાય છે. જેમની વાણી શુદ્ધ છે, એમની પાસે સિદ્ધિ છે. કોઈએ લાઓત્સેને પૂછ્યું કે જિંદગી કોનાથી બગડે છે, અને કોનાથી સુધરે છે? તો એમણે કહ્યું બંનેનું કારણ જીભ છે. આપણે ત્યાં પણ કહેવાયું છે સત્ય બોલવું પરંતુ પ્રિય બોલો. મનની શુદ્ધિ, જેટલી માત્રામાં મન શુદ્ધ રહે, એ બહુ જરૂરી છે. બુદ્ધિની શુદ્ધિ 'જાસુ કૃપા નિર્મલ મતી પાવા'ચિત્તની શુદ્ધિ

નાની નાની વાતમાં આપણું ચિત્ર વિક્ષિપ્ત થઈ જાય તો સમજવું કે ચિત્ત શુદ્ધ નથી, ચિત્ત સુધીનો એક માર્ગ છે, મોરારી પાદાર ચિત્તવૃત્તિ. મારી ચિત્તવૃતિઓ કૃષ્ણ ચરણ તરફ જાય છે એ અનુભૂતિ, ચિત્તની શુદ્ધિ છે. અહંકાર શુદ્ધિ, હનુમાનજી રાવણને કહે છે કે તું થોડો રજોગુણી અહંકાર રાખી શકે કારણકે તું વૈભવી છે, અને સત્વ ગુણી અહંકાર પણ રાખી શકે, કારણ કે તું વિદ્વાન છે, આટલા



મોટા સ્તોત્રનો રચયિતા છે, તું સાધક પણ છે. પરંતુ તમોગુણી અહંકાર છોડી દે! પરંતુ રાવણ માન્યો નહીં. આપણે કોઈ બુદ્ધપુરુષનાં શરણમાં રહીએ તો આપણાં અહંકાર પર બુદ્ધ પુરુષ કામ કરશે. રામચરિત માનસમાં ચારવાર સદગુરુ શબ્દનો પ્રયોગ થયો છે.

**સદગુરુ વૈધ છે.
સદગુરુ જ્ઞાન વિરાગ જોગ કે,
બિબુધ વૈદ ભવ ભીમ રોગ કે.
**સદગુરુ મળે તો સંસય ભ્રમ મટી જાય.
સદગુરુ મિલે જાહિ જીમિ,
સંસય બ્રહ્મ સમુદાઈ,
**સદગુરુ કર્ણધાર છે.
કરનધાર સદગુરુ દ્રઢ નાવા,
દુર્લભ સાજ સુલભ કરિ પાવા.
**સદગુરુ વિશ્વાસનું પ્રતીક છે.
સદગુરુ બૈદ વચન વિશ્વાસા,
સંજમ યહ ન વિષય કૈ આસા.

માનસમાં સદગુરુ શબ્દ ચાર વાર જ શું કામ આવ્યો? કારણકે આપણાં જીવનમાં જેટલી વસ્તુ ચાર છે, એનો કંટ્રોલ સદગુરુ કરે છે. સાધક પોતાના મન, બુદ્ધિ ચિત્ત અહંકાર એમને સોંપી દે તો એ સદગુરુ બને. દિશાઓ તો 10 છે, પરંતુ મુખ્ય ચાર દિશા છે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. આપણી પૂર્વમાં જગન્નાથ પશ્ચિમમાં દ્વારકા ઉત્તરમાં બદ્રીનાથ અને દક્ષિણમાં રામેશ્વર, જેવા પરમ તત્વની એ સ્થાપના કરે છે. સામવેદ, યજુર્વેદ, ઋગ્વેદ, અર્થ વેદ, એ ચારે મારા સદગુરુ માં સમાયેલા છે. ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારને પણ સદગુરુને સોપો. સદગુરુ ધર્મ રૂપે આપણને સત્ય પ્રેમ અને કરુણાનાં પથ પર દોરી જાય. ગુરુ બે પ્રકારના હોય એક પૂર્ણતામાં માનનારા, અને બીજા શૂન્યમાં માનનારા. શંકરાચાર્ય પૂર્ણતાને માને છે, જ્યારે ભગવાન બુદ્ધ શૂન્યને માને છે. સદગુરુ આપણી કામના પર કંટ્રોલ કરી ભીતરી, એટલું સુખ આપે કે આપણે પૂર્ણ થઈ જઈએ. અર્થનો અનર્થ થાય નહીં, એનું ધ્યાન પણ સદગુરુ રાખશે, અને એ મોક્ષ સુધીની જવાબદારી સ્વીકારી લેશે. સદગુરુ આપણને સાલોક્ય, સાયુજ્ય, સામિપ્ય,સારુપ્ય એ ચારેય પ્રકારની મુક્તિ આપે છે.

મન બુદ્ધિ ચિત્ત,અહંકાર, પછી પાંચમી શુદ્ધિ છે વચન શુદ્ધિ. છઠ્ઠી સિદ્ધિ છે કર્મની શુદ્ધિ. ભાવ શુદ્ધિ. આઠમી શુદ્ધિ નિંદામાંથી બહાર આવવું, એટલે કે પ્રપંચ શુદ્ધિ. રત્નાવલી અને તુલસી બંનેમાં આ આઠે પ્રકારની શુદ્ધિ સિદ્ધ થાય છે.

આપણે વાત કરી રહ્યાં હતાં કે યમુનાજી ત્રણ વસ્તુ આપે છે, તો પ્રથમ પરમતત્વ પ્રત્યે પ્રીતિ વર્ધન કરે છે. બીજું શુદ્ધિઓરૂપી સિદ્ધિ પ્રદાન કરે છે, અને ત્રીજું મનને પ્રસન્નતાથી ભરી દે છે. ગંગાનાં તટ પર બેસો તો રામ કૃષ્ણની એટલી યાદ આવતી નથી, પરંતુ મહાદેવની યાદ આવે કારણ કે એ ત્યાંથી આવે છે, અને કર્પૂરગૌરમ્.. એ જ રીતે રામ અને કૃષ્ણનો વર્ણ શ્યામ છે, એવી જ યમુનાજીનો પ્રવાહ પણ શ્યામ છે, અને એ પ્રેમાવતારની સ્મૃતિથી આપણને ભરીને પ્રસન્નતા આપે છે.

યમુનાજી યમની બહેન છે, રવિ તનયા છે, સૂર્યની પુત્રી છે, તો એ ત્રણ વસ્તુ હરી લે છે. એક મૃત્યુને હરી લે છે. સ્થૂળ રૂપે જોઈએ તો તુલસી યમુના દ્વારા રત્નાવલી ના ઘરે ગયા એમણે સાપને પકડ્યો પરંતુ તુલસીને દસ દીધો નહીં મતલબ યમુનાને કારણે મૃત્યુ હરણ થઈ ગયું. યમ નાં દૂત આવે, અને યમુનાજીનું સ્મરણ થાય તો દૂત કંઈ કરી શકતા નથી, ઘણો મહિમા છે યમુનાજીનો.' અકાલ મૃત્યુ હરણમ સર્વ વ્યાધિ વિનાશનં'.

તુલસી કહે છે,
બિધિ નિષેધમય કલિમલ હરની,
કરમ કથા રબિનંદન બરની.

યમુનાનો પ્રવાહ કળિયુગનાં મેલને હરી લે છે, એટલે કે સંસાર ભાવ અને સંસારની વૃત્તિને હરી લે છે.રત્નાવલીને મળવા ગયાં ત્યારે આ ભાવ મુખ્ય હતો, પરંતુ પાછા ફર્યા, ત્યારે સંસારની વૃત્તિઓનું હરણ થઈ ગયું. સંસારની વૃત્તિને કલિનો મેલ છે. સંસારમાં રહેવું ખરાબ નથી, વૃત્તિ ખરાબ છે. ત્રીજી વસ્તુ છે લોકાપવાદ, તુલસી ભાગી ગયા, પલાયન વાદી છે નિરાશાવાદી છે, પોતાની ધર્મપત્નીના બોલ સહન ન કરી શક્યાં, તુલસીએ સંસ્કૃતમાં નહીં પણ પ્રાકૃતમાં ગ્રંથ લખ્યો વગેરે, પરંતુ તુલસી આ લોકાપવાદથી દૂર રહી શક્યાં એનું કારણ યમુનાનો પ્રવાહ છે. પ્રયાગમાં ગંગા અને યમુનાનું મિલન છે, અને સંતો કહે છે કે, કર્મનુ ભક્તિમાં ભળી જવું એ સંકેત પ્રયાગની ગંગા યમુનાનું મિલન છે. કથાનાં ક્રમમાં મહારાજ જનક દોસ્તો અયોધ્યામાં જાય છે, અને દશરથજી આખી અયોધ્યાને લઈને મિથિલા આવે છે. માગસર શુક્લ પંચમીના દિવસે ભગવાન રામ અને જાનકીનાં વિવાહ સંપન્ન થાય છે, અને જાન પાછી અયોધ્યા પહોંચે છે, વિશ્વામિત્ર વિદાય લે છે, ત્યાં સુધીની કથા કરી સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

# અમદાવાદ જિલ્લાની મહિલાઓ ફળ-શાકભાજી જાળવણી અને મૂલ્યવર્ધન તાલીમ માટે આઇ-ખેડૂત (i-Khedut) પોર્ટલ પર અરજી કરી શકશે

## અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ હેઠળ માળી તાલીમ યોજના માટે યુવાનો તેમજ શહેરીજનો માટે આઈ-ખેડૂત (i-Khedut) પોર્ટલ ખુલ્લું મૂકાયું



**અમદાવાદ, તા.22**

રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાની મહિલાઓને આર્થિક રીતે સદ્ધર બનાવવા અને કૌશલ્યવર્ધન માટે 'ફળ અને શાકભાજી પરીરક્ષણ અંગે મહિલા તાલીમાર્થીઓને વૃતિકા (સ્ટાઈપેન્ડ)આપવાની યોજના' અંતર્ગત અમદાવાદ જિલ્લાની મહિલાઓ માટે આઈ-ખેડૂત (i-Khedut) પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ તાલીમ કાર્યક્રમમાં ૨ (બે) દિવસીય અને ૫ (પાંચ) દિવસીય તાલીમ આપવામાં આવશે. તાલીમ દરમિયાન મહિલાઓને પ્રોત્સાહન રૂપે દરરોજ ૨૫૦ વૃતિકા (સ્ટાઈપેન્ડ) આપવામાં આવશે. રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાની મહિલાઓને આર્થિક રીતે સદ્ધર બનાવવા અને કૌશલ્યવર્ધન માટે 'ફળ અને શાકભાજી પરીરક્ષણ અંગે મહિલા તાલીમાર્થીઓને વૃતિકા (સ્ટાઈપેન્ડ)આપવાની યોજના' અંતર્ગત અમદાવાદ જિલ્લાની મહિલાઓ માટે આઈ-ખેડૂત (i-Khedut) પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ તાલીમ કાર્યક્રમમાં ૨ (બે) દિવસીય અને ૫ (પાંચ) દિવસીય તાલીમ આપવામાં આવશે. તાલીમ દરમિયાન મહિલાઓને પ્રોત્સાહન રૂપે દરરોજ ૨૫૦ વૃતિકા (સ્ટાઈપેન્ડ) આપવામાં આવશે.

અરજી માટેની વિગતો:

- વય મર્યાદા: ૧૮ થી ૬૦ વર્ષની મહિલાઓ.
- પોર્ટલ ખુલ્લું રહેવાની સમયમર્યાદા: ૨૦/૦૫/૨૦૨૬ થી ૮/૦૬/૨૦૨૬ સુધી.
- જરૂરી દસ્તાવેજો:

1. આધાર કાર્ડ (મોબાઈલ નંબર સાથે લિંક હોવું ફરજિયાત છે)
2. રેશન કાર્ડ
3. બેંક પાસબુકની વિગત (સ્ટાઈપેન્ડ જમા કરાવવા માટે)

- તાલીમ ઈચ્છુક મહિલાઓએ નિયત સમય મર્યાદામાં iKhedut Portal પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ તાલીમ દ્વારા મહિલાઓ ફળ-શાકભાજીના બગાડને અટકાવી તેમાંથી અથાણાં, મુરબ્બા, જ્યુસ અને અન્ય વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સ બનાવીને સ્વ-રોજગારી મેળવી શકશે.

વધુમાં માળી કામમાં રસ ધરાવતા યુવાનો તેમજ શહેરીજનો માટે પણ આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવેલ છે જે અંતર્ગત ત્રી-દિવસીય તાલીમ આપવામાં આવશે તેમજ રોજ ના ૨૫૦ લેખે વૃતિકા આપવામાં આવશે.

અરજી માટેની વિગતો:

વય મર્યાદા: ૧૮ થી ૪૫ વર્ષ.

પોર્ટલ ખુલ્લું રહેવાની સમયમર્યાદા: ૨૦/૦૫/૨૦૨૬ થી ૮/૦૬/૨૦૨૬ સુધી.

જરૂરી દસ્તાવેજો:

1. આધાર કાર્ડ (મોબાઈલ નંબર સાથે લિંક હોવું ફરજિયાત છે)
2. બેંક પાસબુકની વિગત (સ્ટાઈપેન્ડ જમા કરાવવા માટે)

મહત્વની સૂચના:

ઓનલાઈન અરજી કરતી વખતે આધાર કાર્ડ સાથે લિંક થયેલા મોબાઈલ પર OTP આવશે, તેથી જે તે મોબાઈલ સાથે રાખવો અનિવાર્ય છે.

આ અંગેની વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી,બ્લોક સી,પહેલો માળ,બહુમાળી ભવન 1,વસ્ત્રાપુર,અમદાવાદ - ૫૨,( ફોન : ૦૭૯ ૨૬૫૭૭૩૧૬) પર સંપર્ક કરવાનો રહેશે. ઓનલાઈન અરજી કરતી વખતે આધાર કાર્ડ સાથે લિંક થયેલા મોબાઈલ પર OTP આવશે, તેથી જે તે મોબાઈલ સાથે રાખવો અનિવાર્ય છે.

# "અધિકમાસમાંથી પુરુષોત્તમ માસ : શ્રીકૃષ્ણની કૃપાનો મહિમાવંત પ્રસંગ"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભારતીય સનાતન ધર્મમાં કાળની ગણના સૂર્ય અને ચંદ્રની ગતિ પર આધારિત છે. ચંદ્રમાસ અને સૌરમાસ વચ્ચેના અંતરનેસરભર કરવા દર ત્રીજા વર્ષે એક અધિક માસ આવે છે. લોકબોલીમાં તેને 'મળમાસ' કે'અધિકમાસ' કહેવાય છે. દુર્ભાગ્યે,આ માસને નિંદ્ય,અશુભ અને કોઈપણ શુભ કાર્ય માટે વર્જિત માનવામાં આવતો. તેનું કોઈ સ્વામી ન હોવાથી તે દુ:ખી હતો. આ જ મળમાસના ઉદ્ધારની, તેને 'પુરુષોત્તમ' નામ અને સર્વશ્રેષ્ઠ પદ મળવાની અલૌકિક કથા પુરાણોમાં વર્ણવાઈ છે.સૂતજી દ્વારા ઋષિ ઓને અને નારાયણ ભગવાન દ્વારા નારદજીને કહેવાયેલો આ પ્રસંગ ભક્તિ, શરણાગતિ અને ભગવાનની અહેતુકી કૃપાનો પરમ સંદેશ આપે છે. આ કથા માત્ર એક માસનો મહિમા નથી,પણ એ દરેક જીવનો મહિમા છે જેને જગત તિરસ્કૃત કરે,પણ જો તે પ્રભુને શરણે જાય તો પ્રભુ તેને પોતાના સમાન બનાવી દે છે.

*મળમાસનું દુ:ખ અને વિષ્ણુને શરણે ગમન એકવાર નારદ મુનિ એ બદ્રીનાથ નારાયણને પ્રશ્નકર્યો કે મળમાસના દુ:ખનું વર્ણન કરી ને વિષ્ણુ ભગવાન મૌન કેમ થઈ ગયા?ત્યારે શ્રી નારાયણ બોલ્યા 'હે નારદ,ગોલોકનાથ શ્રીકૃષ્ણે જે ગુહ્ય વચન શ્રી વિષ્ણુને કહ્યું હતું તે હું તને કહું છું. દંભરહિત ઉત્તમ ભક્તને સર્વ કહેવુંજોઈએ મળમાસ સ્વામી વિહીન હોવાથી અપાર દુ:ખી હતો.તેની કોઈપૂજા કરતું નહીં,તેને અપવિત્ર ગણવા માં આવતો.દુ:ખી થઈને તે વૈકુંઠ માં શ્રી વિષ્ણુને શરણે ગયો. કરુણાનિધિ વિષ્ણુ ભગવાન મળમાસનો હાથ પકડીને ગોલોક ધામમાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પાસે લઈ ગયા અને તેની વ્યથા કહી સંભળાવી.

*શ્રીકૃષ્ણનું અલૌકિક વરદાન: મળમાસ બન્યો પુરુષોત્તમ શ્રી પુરુષોત્તમે શ્રી વિષ્ણુને કહ્યું: 'હે વિષ્ણુ! તમે આ મળમાસનો હાથ પકડી અહીં લાવ્યા તે બહુ સારું કર્યું. તમે જે જીવને સ્વીકારો છો તેને મેં જ સ્વીકાર્યો છે. હું તેને મારા જેવો સર્વોપરી કરીશ.'

ભગવાને ઘોષણા કરી:'હું મારા ગુણો, કીર્તિ, પ્રભાવ,છ ઐશ્વર્યો, પરાક્રમો અને



ભક્તોને વરદાન આપવાની શક્તિ આજથી આ મળમાસને અર્પણ કરુંછું.લોકમાં અને વેદમાં મારું જે 'પુરુષોત્તમ' નામ પ્રસિદ્ધ છે તે પણ હું આને આપું છું. આજથી હું જ તેનો સ્વામી થાઉં છું. આના નામથી આખું જગત પવિત્ર થશે. આ મહિનો મારી સમાનતા પામીબધા મહિનાઓનો અધિપતિ થશે.'

બધા મહિનાઓ સકામ છે, પણ આ માસને હું નિષ્કામ કરું છું. આ સર્વ લોકોને મોક્ષ આપનાર થશે.જે ફળ મોટા મોટા તપસ્વી ઓ, સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ વર્ષો સુધી આહાર ત્યજી,કામ- ક્રોધ જીતી, ટાઢ-તડકો સહન કરીને પણ પામી શકતા નથી,તે અવિનાશી પદ માત્ર આ એક પુરુષોત્તમ માસની ભક્તિ,પૂજા, જપ,તપ, દાનથી અનાયાસે પ્રાપ્ત થશે. તેનો ભક્ત જન્મ- મરણના ચક્રમાંથી મુક્ત થઈ ગોલોકધામ પામશે.

*ભક્તવત્સલ ભગવાનની પ્રતિજ્ઞા શ્રીકૃષ્ણે આગળ કહ્યું: 'આજથી આ મહિનાનો અધિ પતિ હું છું.આને પૂજનાર ભક્તો ની ચિંતા રાત-દિવસ મનેરહેવાની આના ભક્તોની સર્વ કામનાઓ હું જ પૂરી કરીશ.હે વિષ્ણુ!મારા પોતાના આરાધન કરતા મારા ભક્તોનું આરાધન મને વધારે પ્રિય છે.'પણ સાથે ચેતવણી પણ આપી: 'જે મૂઢ લોકો આ પુરુષોત્તમ માસમાં જપ,દાન, સ્નાન,સત્કર્મ નહીં કરે અને દેવો, તીર્થો, બ્રાહ્મણોનો દ્વેષ કરશે, તેઓ દુર્ભાગી થશે. જેમ સસલાને શીંગડું ન હોય,તેમ તેમને સ્વપ્ન માં પણ સુખ નહીં મળે.જે આ માસનો તિરસ્કાર કરશે તે કુંભી પાક નરકમાં પડશે.

*સ્ત્રીઓ માટે વિશેષ ફળ અને સર્વ માટે સંદેશ ભગવાને કહ્યું કે જે સૌભાગ્યવતી સ્ત્રીઓ પુત્ર, સૌભાગ્ય અને સુખ માટે આ માસમાં સ્નાન,દાન,પૂજન કરશે, તેઓને હું પોતે જ સૌભાગ્ય, સંપત્તિ અને પુત્ર આપીશ.જે આ માસનો અનાદર કરશે તેનેસ્વામી સુખ,ભાઈ- પુત્ર કે ધનનું સુખ સ્વપ્નમાં પણ નહીં મળે.માટે સર્વ લોકોએ આ માસમાં શક્તિ અનુસાર સ્નાન, પૂજા, જપ અને દાન વધારે કરવા. આ માસમાં ભક્તિથી મારું પૂજન કરનાર અહીં ધન-પુત્રનું સુખ ભોગવી અંતે ગોલોકમાં વાસ પામશે.*ભક્તવત્સલ ભગવાનની પ્રતિજ્ઞા શ્રીકૃષ્ણે આગળ કહ્યું: 'આજથી આ મહિનાનો અધિ પતિ હું છું.આને પૂજનાર ભક્તો ની ચિંતા રાત-દિવસ મનેરહેવાની આના ભક્તોની સર્વ કામનાઓ હું જ પૂરી કરીશ.હે વિષ્ણુ!મારા પોતાના આરાધન કરતા મારા ભક્તોનું આરાધન મને વધારે પ્રિય છે.'પણ સાથે ચેતવણી પણ આપી: 'જે મૂઢ લોકો આ પુરુષોત્તમ માસમાં જપ,દાન, સ્નાન,સત્કર્મ નહીં કરે અને દેવો, તીર્થો, બ્રાહ્મણોનો દ્વેષ કરશે, તેઓ દુર્ભાગી થશે. જેમ સસલાને શીંગડું ન હોય,તેમ તેમને સ્વપ્ન માં પણ સુખ નહીં મળે.જે આ માસનો તિરસ્કાર કરશે તે કુંભી પાક નરકમાં પડશે.

*સ્ત્રીઓ માટે વિશેષ ફળ અને સર્વ માટે સંદેશ ભગવાને કહ્યું કે જે સૌભાગ્યવતી સ્ત્રીઓ પુત્ર, સૌભાગ્ય અને સુખ માટે આ માસમાં સ્નાન,દાન,પૂજન કરશે, તેઓને હું પોતે જ સૌભાગ્ય, સંપત્તિ અને પુત્ર આપીશ.જે આ માસનો અનાદર કરશે તેનેસ્વામી સુખ,ભાઈ- પુત્ર કે ધનનું સુખ સ્વપ્નમાં પણ નહીં મળે.માટે સર્વ લોકોએ આ માસમાં શક્તિ અનુસાર સ્નાન, પૂજા, જપ અને દાન વધારે કરવા. આ માસમાં ભક્તિથી મારું પૂજન કરનાર અહીં ધન-પુત્રનું સુખ ભોગવી અંતે ગોલોકમાં વાસ પામશે.

*મળમાસ બન્યો પવિત્ર પુરુષોત્તમ માસ આ રસિક વચન સાંભળી વિષ્ણુ ભગવાને મેઘ શ્યામ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને અતિશય આનંદપૂર્વક પુરુષોત્તમ માસને સાથે લઈ ગરુડ પર બેસી વૈકુંઠ પધાર્યા.તે દિવસથી નિંદ્ય ગણાતો મળ માસ 'પવિત્ર પુરુષોત્તમ માસના નામે ઓળખાવા લાગ્યો.

આ કથા આપણને શીખવે છે કે જગત જેને ત્યજી દે,જેને નિરાધાર માને, જો તે પ્રભુને શરણે જાય તો પ્રભુ તેને પોતાનું નામ, ધામ, ગુણ અને ઐશ્વર્ય આપીને સર્વોપરી બનાવી દે છે. પુરુષોત્તમ માસએ કોઈ સામાન્ય કાળખંડ નથી,તે સાક્ષાત ભગવાનનું સ્વરૂપ છે.આ માસમાં થયેલું નાનું સત્કર્મ પણ અનેક ગણું ફળ આપે છે,કારણ કે તેના સ્વામી પોતે પુરુષોત્તમ ભગવાન છે. માટે આ માસનો અનાદર ન કરતાં,તેને ભક્તિ,સેવા,દાન અને નામ સ્મરણ દ્વારા ઉજવી એ.જે મળ હતો તે પુરુષોત્તમની કૃપાથી ઉત્તમ બની ગયો,તેમ આપણે પણ જો પ્રભુને શરણે જઈએ તો આપણું જીવન પણ ઉત્તમ બની જશે. આ જ આ કથાનો પરમ સાર છે.અસ્તુ. પુરુષોત્તમ માસએ કોઈ સામાન્ય કાળખંડ નથી,તે સાક્ષાત ભગવાનનું સ્વરૂપ છે.આ માસમાં થયેલું નાનું સત્કર્મ પણ અનેક ગણું ફળ આપે છે,કારણ કે તેના સ્વામી પોતે પુરુષોત્તમ ભગવાન છે. માટે આ માસનો અનાદર ન કરતાં,તેને ભક્તિ,સેવા,દાન અને નામ સ્મરણ દ્વારા ઉજવી એ.જે મળ હતો તે પુરુષોત્તમની કૃપાથી ઉત્તમ બની ગયો,તેમ આપણે પણ જો પ્રભુને શરણે જઈએ તો આપણું જીવન પણ ઉત્તમ બની જશે. આ જ આ કથાનો પરમ સાર છે. અસ્તુ.

# જૂનાગઢ કલેકટરશ્રી અનિલ રાણાવસિયાએ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓની નવતર પહેલનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું

**અમદાવાદ, તા.22**

રાજ્ય સરકાર દ્વારા આયોજિત મહેસૂલ વિભાગની 'ચિંતન શિબિર'ના વિશેષ સત્રમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિભાગના જિલ્લાઓની શ્રેષ્ઠ વહીવટી કામગીરી અને જનહિતની પહેલો રજૂ કરવામાં આવી હતી. જૂનાગઢ કલેકટર શ્રી અનિલ રાણાવસિયાએ વિભાગના તમામ જિલ્લાઓની સિદ્ધિઓનું વિગતવાર પ્રેઝન્ટેશન આપતા જણાવ્યું હતું કે, વહીવટી પારદર્શિતા અને કડક કાયદાકીય અમલીકરણ દ્વારા છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવામાં આવી છે.

જાહેર સુરક્ષાને ધ્યાને રાખી ભયજનક દબાણો દૂર કરી અંદાજે ૨૩૨૫ કરોડની કિંમતી સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે.'સરપંચ સંવાદ' અને ગામતળના પ્રશ્નોના નિરાકરણ દ્વારા છેલ્લાં બે વર્ષમાં ૨૦ કરોડની ૩૭ હેક્ટર જમીન દબાણમુક્ત કરાઈ. ઐતિહાસિક હડપ્પકાલીન સ્થળોને રેકોર્ડ પર લેવાની સાથે ૬૦૩૭ એકર જમીન તળાવો માટે અને ૨૧૦ એકર જમીન રમતગમતનાં મેદાનો માટે નીમ કરવામાં આવી છે.

આ સાથે તેમણે સુરેન્દ્રનગર જિલ્લામાં કોલસાના ગેરકાયદે ખનનને અટકાવવા BNSS-૨૦૨૩ અને લેન્ડ ગ્રેબિંગ સહિતના ૧૭ કાયદાઓનો ઉપયોગ કરીને મળેલી ઐતિહાસિક સફળતા, જામનગરમાં પી.એમ. ગતિશક્તિ પોર્ટલ અને GIS ટેકનોલોજીનો ઉપયોગ કરી લેન્ડ ગ્રેબિંગ અને જમીન ફાળવણીના કેસોમાં લાવવામાં આવેલી ચોકસાઈ, બોટાદ જિલ્લાની 'Connect @ Botad Podcast' દ્વારા વહીવટી તંત્ર સીધું ગ્રામજનો સાથેના જોડાણ વગેરે સારી પહેલોની સરાહના કરી હતી.

આ સાથે રાજકોટ જિલ્લાના 'સ્વાગત ઓડિટ મિકેનિઝમ' દ્વારા અરજદારોનો ટેલિફોનિક સંપર્ક કરી ફીડબેક લેવામાં આવે છે,ગીર સોમનાથના ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ 100% નિક્ષય મિત્રની પહેલ સહિત ભાવનગર, પોરબંદર અને બોટાદમાં વિચરતી-વિમુક્ત જાતિના પરિવારોને રહેણાંક માટે મફત પ્લોટની ફાળવણી જેવી ઉત્કૃષ્ટ પહેલો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# અમદાવાદમાં સ્પા/મસાજ અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**■ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છુ.**

**અમદાવાદ, તા.22**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ ક્રમાંક:વિ.શા./જાહેરનામું/એ-સેકશન/ પરમીટ/સ્પા/મસાજ પાર્લરો -કર્મચારીની માહિતી ૪૭ /૨૦૨૬ તા. ૧૫/૦૫/૨૦૨૬ વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/ આર.બી./૨૮૮૨/૨૦૨૬ તા.૨૬/૦૪/૨૦૨૬ તથા, (૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/૪૪૦૬/૨૦૨૬ તા.૨૬/૦૪/૨૦૨૬ તથા, (૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૧૯૪૫/૨૦૨૬ તા.૨૬/૦૪/૨૦૨૬ તથા, (૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આર.બી./૨૫૫૯/૨૦૨૬ તા.૦૨/૦૫/૨૦૨૬ તથા, (૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન- ૫/આર.બી./૨૮૮૦/૨૦૨૬ તા.૦૪/૦૫/૨૦૨૬ તથા, (૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/ આરબી/૨૦૩૩/૨૦૨૬ તા.૦૩/૦૫/૨૦૨૬ તથા, (૭) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૭/આર.બી./૨૭૦૯/૨૦૨૬ તા.૦૧/૦૫/૨૦૨૬ આધારે, શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઇ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે. જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે. વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છુ.

### વજન ઘટાડવા માટે ઉનાળો ઉત્તમ: આટલી કાળજી જરૂર રાખવી, ઉનાળામાં વજન ઘટાડવા માટે અપનાવવા જેવા ઉપાયો

# થોડી કાળજી રાખીએ તો આકરી ગરમીમાં મેદને પણ બરફની જેમ ઓગાળી શકાય છે

**અમદાવાદ, તા.22**

ઉનાળાના આકરા તાપના દિવસો ચાલી રહ્યા છે. બપોર બળબળતી હોય, એ તો સ્વીકારી શકાય પરંતુ આજકાલ તો સૂરજનો તાપ ચાંદનીની શીતળતાને પણ વરાળ બનાવીને ફૂંકી રહ્યો છે! વજન ઉતારવા માટે ઉનાળો ઉત્તમ ગણી શકાય, કેમકે આમ પણ વધારે ભોજન લેવાતું નથી. ગરમીના દિવસોમાં ડાયેટ અને દિનચર્યાની થોડી વિશેષ કાળજી લેવામાં આવે તો આકરી ગરમીમાં મેદને પણ બરફની જેમ ઓગાળી શકાય છે. આકરી ગરમી અને વધતો તાપ આપણા સ્વાસ્થ્ય માટે પડકારો લાવે છે ત્યારે વજન ઘટાડવાના પ્રયાસોમાં વિશેષ કાળજી લેવી જરૂરી છે. આપણે જાણીએ છીએ કે ઉનાળામાં તાપને કારણે કુદરતી રીતે જ આપણી પાચનશક્તિમાં ફેરફાર થાય છે. જઠરાગ્નિ થોડો મંદ પડતાં ભૂખ ઓછી લાગે છે. આપણા શરીરમાં મેદ અને માંદગી વધારતા ખોરાક, જેવાકે, જંકફૂડ વગેરે ખાવાનું મન ઓછું થાય છે. ગરમીને કારણે ભારે આહાર લેવાની ઈચ્છા ઓછી થાય છે. શરીરને ઠંડક આપવા પ્રવાહી પદાર્થોનું સેવન આપોઆપ વધી જાય છે, જે શરીરને ડિટોક્સ કરવા અને વધારાની કેલરી બાળવામાં મદદરૂપ નીવડે છે. ઋતુ અનુસારની જીવનશૈલી અપનાવીને વધારાની ચરબી ઓગાળી શકાય છે.

સતત હાઈડ્રેટ રહો

ગરમી-બફારાથી વધારે પરસેવો વળે છે. જેથી શરીરમાંથી પાણી ઘટી થઈ જાય છે. ઉનાળામાં દિવસમાં ઓછામાં ઓછું ૦૩થી ૦૪ લિટર પાણી પીવું જોઈએ. નિષ્ણાતોના મતે તરસ લાગે કે ન લાગે સમયાંતરે થોડું થોડું પાણી પીતા રહીને શરીરને સતત હાઈડ્રેટ રાખવું જોઈએ. પરસેવા વાટે ઝેરી તત્ત્વો શરીરમાંથી બહાર નીકળી જાય છે અને મેટાબોલિઝમમાં સુધારો આવે છે, જે સરવાળે મેદસ્વિતા ઘટાડે છે.

ઋતુ અનુસાર ફળોનું સેવન

કુદરતે અલગ અલગ ઋતુ પ્રમાણે ફળો આપ્યાં છે. આ ફળોનું સેવન જે તે ઋતુની આડઅસરોથી બચાવે છે. ઉનાળામાં પાણીથી ભરપૂર ફળો જેવાકે તરબૂચ, ટેટી, સંતરા, પાઈનેપલ મળે છે. આ ફળોમાં કેલરી ઓછી અને ફાઈબર વધુ હોય છે, જે પેટને લાંબો સમય સુધી ભરેલું રાખે છે. ફળોના રાજા કેરીની પણ આ સીઝન છે. આ ફળો જરૂરી વિટામિન્સ અને પોષક તત્ત્વો પૂરાં પાડે છે. ઋતુનાં ફળોનું સેવન તંદુરસ્તી વધારે છે અને મેદ ઘટાડે છે.

# બલદાણા ગામે યોજાયેલ મહિલા જાગૃતિ સેમિનારમાં ઘરેલું હિંસા અને મહિલા અધિકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું





**કાયદાકીય રક્ષણ અને સરકારી યોજનાઓથી ગૃહિણીઓને માહિતગાર કરાઈ**

**જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીની પહેલ થકી મહિલાઓ માટે કાર્યક્રમ સંપન્ન**

**સુરત, તા.22**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બાવળા તાલુકાના બલદાણા ગામ ખાતે સ્થાનિક ગૃહિણીઓ અને મહિલાઓ માટે ઘરેલું હિંસા અધિનિયમ અંગે એક વિશેષ જાગૃતિ સેમિનાર સફળ રીતે યોજવામાં આવ્યો હતો. આ ખાસ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારની મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો, સુરક્ષાત્મક જોગવાઈઓ અને વિવિધ સરકારી સહાય યોજનાઓથી માહિતગાર કરી તેમનું સશકતીકરણ કરવાનો હતો. આ સેમિનારમાં પેરા લીગલ વોલન્ટિયર (PLV) શ્રી હાર્દિકભાઈએ ઉપસ્થિત રહીને ઘરેલું હિંસા અધિનિયમ-2005 હેઠળ મહિલાઓને મળતા કાયદાકીય રક્ષણ, કાનૂની ફરિયાદની પ્રક્રિયા, ઉપલબ્ધ સહાય સેવાઓ અને ન્યાયિક ઉપાયો અંગે ઉપસ્થિત મહિલાઓને વિસ્તૃત કાનૂની માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સાથે જ દહેજ પ્રતિબંધક અધિકારી સુશ્રી તન્વી એમ. ચાવડા દ્વારા પણ મહિલાઓ સામે થતા દહેજ સંબંધિત અત્યાચારો, તેને રોકવા માટેની કડક કાયદાકીય જોગવાઈઓ તેમજ સમાજમાં મહિલાઓના સમાન અધિકારો અંગે અત્યંત માહિતીસભર અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના દ્વિતીય ચરણમાં "સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન" યોજના અંતર્ગત જિલ્લા મિશન કોઓર્ડિનેટર શ્રી જીતેશ સોલંકી તથા સુશ્રી હેમલ બારોટ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકાતી વિવિધ કલ્યાણકારી, સુરક્ષા અને આર્થિક સશક્તિકરણ સંબંધિત યોજનાઓનો ચિતાર રજૂ કરાયો હતો. તેમણે ગ્રામીણ મહિલાઓને સ્વનિર્ભર બનવા માટે સરકારની વિવિધ સહાય યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કરી હતી. આ જાગૃતિ સેમિનારમાં બલદાણા ગામની સ્થાનિક મહિલાઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહી હતી અને પોતાના અધિકારો તેમજ સરકારી યોજનાઓ વિશે ખૂબ જ રસપૂર્વક માહિતી મેળવી હતી. કાર્યક્રમના અંતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના પ્રતિનિધિઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ભવિષ્યમાં પણ મહિલાઓમાં કાયદાકીય જાગૃતિ અને આત્મવિશ્વાસ વધારવાના ઉદ્દેશ્ય સાથે આવા સશકતીકરણ કાર્યક્રમો સતત યોજવામાં આવશે. તેમણે ગ્રામીણ મહિલાઓને સ્વનિર્ભર બનવા માટે સરકારની વિવિધ સહાય યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કરી હતી. આ જાગૃતિ સેમિનારમાં બલદાણા ગામની સ્થાનિક મહિલાઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહી હતી અને પોતાના અધિકારો તેમજ સરકારી યોજનાઓ વિશે ખૂબ જ રસપૂર્વક માહિતી મેળવી હતી. કાર્યક્રમના અંતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના પ્રતિનિધિઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ભવિષ્યમાં પણ મહિલાઓમાં કાયદાકીય જાગૃતિ અને આત્મવિશ્વાસ વધારવાના ઉદ્દેશ્ય સાથે આવા સશકતીકરણ કાર્યક્રમો સતત યોજવામાં આવશે.

# અમદાવાદ - વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ બાજવા સ્ટેશન પર 20 જૂન સુધી શૉર્ટ ટર્મિનેટ / ઓરિજિનેટ થશે

**અમદાવાદ, તા.22**

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં વડોદરા સ્ટેશન પર યાર્ડ રિમૉડલિંગની સાથે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ કામ માટે મેજર બ્લૉકને લીધે કેટલીક ટ્રેનોના સંચાલનમાં હંગામી ફેરફાર કરવામાં આવી રહ્યા છે. વડોદરા - અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ બાજવા સ્ટેશન પર થનારી શોર્ટ ટર્મિનેટ / ઓરિજિનેટનો સમયગાળાને હવે 30 મે, 2026 થી વધારીને 20 જૂન, 2026 સુધી કરી દેવામાં આવ્યો છે જેમાં પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે પ્રમાણે છે : શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન ટ્રેનો :-

ટ્રેન નંબર 19036 અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ 31 મે, 2026 થી તારીખ 20 જૂન, 2026 સુધી બાજવા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ કરવામાં આવશે તથા બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે.

ટ્રેન નંબર 19035 વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ 31 મે, 2026 થી તારીખ 20 જૂન, 2026 સુધી બાજવા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે.

યાત્રીઓને વિનંતી છે કે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનોના સમય, રોકાણ અને અન્ય અદ્યતન માહિતી માટે રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તા. ૨૯ મેથી ૨ જૂન દરમિયાન ચોથી રાષ્ટ્રીય આર્મ રેસલિંગ અને પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ યોજાશે

**ગાંધીનગર, તા.22**

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગાંધીનગર ખાતે આગામી તા. ૨૯ મેથી ૨ જૂન, ૨૦૨૬ દરમિયાન 'ચોથી રાષ્ટ્રીય આર્મ રેસલિંગ અને પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ' યોજાનાર છે. આ અંગે આયોજિત પત્રકાર પરિષદમાં RRUના ઉપ કુલપતિ ડૉ. કલ્પેશ વાંડ્રાએ વિગતો આપતાં જણાવ્યું કે આ સ્પર્ધામાં દેશનાં ૨૫ જેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે બે હજાર જેટલા ખેલાડીઓ સામેલ થાય તેવો અંદાજ છે. તેમણે કહ્યું કે આર્મ રેસલિંગ ફેડરેશન ઑફ ગુજરાત અને પીપલ્સ આર્મ રેસલિંગ ફેડરેશન ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આ ચેમ્પિયનશિપ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સબ-જુનિયર, જુનિયર, યુવા, સિનિયર અને માસ્ટર્સ એમ વિવિધ કેટેગરીમાં મહિલા તેમજ પુરુષ સ્પર્ધકો ભાગ લેશે. આ સીમાચિહ્નરૂપ સ્પર્ધાનો ઉદ્ઘાટન સમારોહ તા. ૩૦ મે, ૨૦૨૬ના રોજ યોજાશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૯માં અમદાવાદ-ગુજરાતમાં યોજાનારી 'વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ'ની વિવિધ ૮ જેટલી રમતો RRU ખાતે યોજાવાની છે, જે માટેનું જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર કરી લેવામાં આવ્યું છે. યુનિવર્સિટીની આ સક્રિય ભૂમિકાને ધ્યાનમાં રાખીને તથા રાષ્ટ્રીય અને વૈશ્વિક રમતગમત ઈકોસિસ્ટમમાં ગુજરાતના વધતા યોગદાનને વેગ આપવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ આયોજન પાછળ ૨૦૩૬ની ઓલિમ્પિક રમતોના યજમાનપદ માટે અમદાવાદ-ગુજરાતની મજબૂત દાવેદારી માટેનું વિઝન પણ જોડાયેલું છે. ભારતની રમતગમત સંસ્કૃતિને મજબૂત બનાવવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુસરીને RRU દ્વારા પ્રથમ વખત આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.


# આધુનિક ટેક્નોલોજીનો સંગમ : વાડીથી વિદેશ સુધી ગીરની કેસર કેરી

## વૈશ્વિક ફલક પર ચમકતી ગીરની 'કેસર': સ્વાદ, GI ટેગ અને ટેક્નોલોજીનો અનોખો સંગમ

**ગાંધીનગર, તા.22**

ગુજરાતના ગીર પંથકની ઓળખ સમાન 'ગીર કેસર' કેરી માત્ર એક ફળ નથી, પણ વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ છે. તેનો સોનેરી કેસરી રંગ, મનમોહક સુગંધ અને અદ્ભુત સ્વાદ દુનિયાભરના લોકોને ઘેલા કરે છે. બદલાતા સમય સાથે, આ પરંપરાગત પાકને જ્યારે જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) ટેગ અને આધુનિક ટેક્નોલોજીનું પીઠબળ મળ્યું છે, ત્યારે ગીરની કેસરે વિશ્વબજારમાં સફળતાનો એક નવો ઈતિહાસ રચ્યો છે. વર્ષ ૨૦૧૧માં ગીર કેસર કેરીને મળેલો GI ટેગ તેના માટે ખૂબ મોટો વળાંક સાબિત થયો હતો. આ ટેગના કારણે ગીર અને તેની આસપાસના ચોક્કસ વિસ્તારોમાં પાકતી કેરીને જ સત્તાવાર રીતે 'ગીર કેસર' તરીકે વેચવાની કાનૂની માન્યતા મળી. આનાથી બજારમાં અન્ય વિસ્તારોની કેરીને ગીરના નામે વેચતા નકલી તત્વો સામે રક્ષણ મળ્યું છે. પરિણામે, યુરોપ, અમેરિકા અને અખાતી દેશોના ગ્રાહકો હવે શુદ્ધતાની ગેરંટી સાથે આંખ બંધ કરીને આ કેરી ખરીદે છે અને વૈશ્વિક સ્તરે ભારતની શાખ મજબૂત બની છે. અમદાવાદ અને ગાંધીનગરના નગરજનો માટે ઉનાળાની આકરી ગરમીમાં મીઠાશ ઘોળવા માટે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે બહુપ્રતિક્ષિત "કેસર કેરી મહોત્સવ-૨૦૨૬"નો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રો દ્વારા આયોજિત આ મહોત્સવનો મુખ્ય આશય ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મેળવી આપવાનો અને શહેરીજનોને શુદ્ધ તેમજ રસાયણમુક્ત ફળો પૂરા પાડવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭થી ગુજરાતમાં કેસર કેરી મહોત્સવની જે પ્રેરક શરૂઆત કરાવી હતી, તેને રાજ્ય સરકાર દર વર્ષે સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે. આ મહોત્સવ માત્ર ખરીદીનું કેન્દ્ર નથી, પરંતુ શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું મધ્યમ બન્યો છે. ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા તેમજ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે આ એક ઉત્તમ પ્લેટફોર્મ સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫ના કેસર કેરી મહોત્સવમાં અમદાવાદીઓએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને માત્ર એક જ મહિનામાં રૂ.૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીની રેકોર્ડબ્રેક ખરીદી કરી હતી. આ ઉપરાંત, તાજેતરમાં જ સુરત ખાતે યોજાયેલા પાંચ દિવસીય કેરી મહોત્સવમાં પણ રૂ.૧.૮૪ લાખથી વધુ કિંમતની ૫,૬૮૫ કિલો કેરી ખરીદીને ભવ્ય પ્રતિસાદ આપ્યો હતો, જેને જોતાં આ વર્ષે પણ અમદાવાદમાં વેચાણના નવા વિક્રમો સર્જાય તેવી પૂરી સંભાવના છે.

આધુનિક ટેક્નોલોજીના સંગમે ગીર કેસરને વાડીથી લઈને વિદેશના આધુનિક મોલ સુધી પહોંચાડી દીધી છે. આજે ગીરના ખેડૂતો માત્ર પરંપરાગત ખેતી પર નિર્ભર નથી. આંબાના બગીચાઓમાં રોગ-જીવાતની વહેલી ઓળખ માટે ડ્રોન અને સેન્સર ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે, જેનાથી જંતુનાશકોનો વપરાશ ઘટ્યો છે અને કેરી ઓર્ગેનિક તરફ વળી છે. આ ઉપરાંત, વિદેશ નિકાસ વખતે કેરી લાંબા સમય સુધી તાજી રહે તે માટે આધુનિક ઈરેડિયેશન અને હોટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ કાર્યરત કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, હવે પ્રીમિયમ કેસર કેરીના બોક્સ પર QR કોડ પણ જોવા મળે છે, જેને સ્કેન કરીને વિદેશમાં બેઠેલો ગ્રાહક જાણી શકે છે કે આ કેરી ગીરના કયા ગામના અને કયા ખેડૂતના આંબા પરથી ઉતારવામાં આવી છે. ટેક્નોલોજી અને GI ટેગના આ અદ્ભુત સમન્વયથી વચેટિયાઓની પ્રથા નાબૂદ થઈ છે. ઈ-કોમર્સ અને ડિજિટલ માર્કેટિંગના માધ્યમથી ગીરના સ્થાનિક ખેડૂતો અને સહકારી મંડળીઓ સીધી જ લંડન, ન્યૂયોર્ક કે દુબઈના બાયર્સ સાથે વેપાર કરતી થઈ છે. આનાથી ખેડૂતોને તેમના પાકના વૈશ્વિક સ્તરના ઊંચા ભાવો મળી રહ્યા છે, જે તેમની આર્થિક સમૃદ્ધિમાં મોટો વધારો કરે છે. ગીર કેસર કેરીની આ સફર એ વાતનું ઉત્તમ ઉદાહરણ છે કે જો આપણી પરંપરાગત વિરાસતને આધુનિક વિજ્ઞાન અને કાનૂની સુરક્ષાનું પીઠબળ મળે, તો સ્થાનિક પ્રોડક્ટ પણ ગ્લોબલ બ્રાન્ડ બની શકે છે. 'વોકલ ફોર લોકલ'થી શરૂ થયેલી આ સફર આજે ગીર કેસરને સાચા અર્થમાં 'ગ્લોબલ' બનાવી ચૂકી છે. 'કેસર બેલ્ટ' તરીકે ઓળખાતા ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગીર કેસર કેરીનું ઉત્પાદન વધ્યું છે. અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને મધ્ય પૂર્વના દેશોમાં ગીર કેસરની નિકાસ કરવામાં આવે છે, છેલ્લાં 5 વર્ષમાં ગુજરાતમાંથી કુલ 3000 મેટ્રિક ટનથી વધુ કેરીની નિકાસ નોંધાઈ છે.જે નિકાસકાર/ખેડૂતો ફળ અને શાકભાજી નિકાસ કરવા માગતા હોય તેમણે પોતાની વાડી/ખેતરનું અપેડાના Hortinet પોર્ટલ પર ફાર્મ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જે અંતર્ગત ફોર્મ (Appendix-A) ભરી જે તે જિલ્લાની બાગાયત કચેરી પર આપવાનું હોય છે, Hortinet પોર્ટલ પર ફાર્મ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા નિ:શુલ્ક છે. GI ટેગ, આધુનિક નિકાસ સુવિધા અને વૈશ્વિક માગના કારણે ગીર કેસર કેરી આજે માત્ર ફળ નહીં પરંતુ ગુજરાતની કૃષિ સમૃદ્ધિ, ખેડૂતોની મહેનત અને વૈશ્વિક ગુણવત્તાનું પ્રતીક બની છે.





# CSKને દાઝ્યા ઉપર ડામ લાગ્યો! : આ 5 કારણોથી ખરાબ રીતે IPL પ્લેઓફમાંથી બહાર થઈ, ઋતુરાજ સહિત ટીમ પ્લેયર્સને લાખોનો દંડ ફટકારાયો

**મુંબઈ, તા.22**

ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની સફર અત્યંત આઘાતજનક અને નિરાશાજનક રીતે સમાપ્ત થઈ છે. ગુરુવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT) સામે 89 રનની કારમી હાર વેઠ્યા બાદ ચેન્નઈ પ્લેઓફની રેસમાંથી ઓફિશિયલી બહાર થઈ ગયું છે. આ શરમજનક હારની વચ્ચે IPL ગવર્નિંગ કાઉન્સિલે પણ આખી CSK ટીમ પર મોટો આર્થિક દંડ ફટકારીને 'દાઝ્યા ઉપર ડામ' દીધો છે.

કેપ્ટન ઋતુરાજને 24 લાખ અને ટીમને 6-6 લાખનો દંડ

ગુજરાત સામેની મેચમાં સ્લો ઓવર-રેટ બદલ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને 24 લાખનો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. IPLની સત્તાવાર યાદી મુજબ, આ સીઝનમાં ચેન્નઈની આ બીજી ભૂલ (પહેલી ભૂલ મેચ નંબર 18માં થઈ હતી) હોવાથી, આ વખતે માત્ર કેપ્ટન જ નહીં પરંતુ પ્લેઈંગ ઈલેવનના તમામ સભ્યો અને ઈમ્પેક્ટ પ્લેયરને પણ સજા ભોગવવી પડી છે. બાકીના તમામ ખેલાડીઓને 6 લાખ અથવા તેમની મેચ ફીના 25 ટકા (જે ઓછું હોય તે) દંડ ફટકારવામાં આવ્યો છે.

230 રનના ટાર્ગેટ સામે CSK પત્તાની જેમ વિખેરાયું

ગુજરાત ટાઈટન્સે પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈ સામે 230 રનનો પહાડ જેવો ટાર્ગેટ મૂક્યો હતો. રનચેઝ કરવા ઉતરેલી ચેન્નઈની શરૂઆત જ આપત્તિજનક રહી હતી. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન પહેલા જ બોલે શૂન્ય રને (ગોલ્ડન ડક) આઉટ થઈને પેવેલિયન ભેગો થયો હતો. શિવમ દુબેએ 17 બોલમાં 47 રનની આક્રમક ઈનિંગ રમીને થોડી આશા જરૂર જગાવી હતી, પરંતુ તે ટીમને જીતાડવા માટે પૂરતી નહોતી. અંતે આખી ટીમ નિષ્ફળ રહી અને 89 રનથી મેચ ગુમાવી દીધી. એમએસ ધોનીના ભવિષ્ય પર અસમંજસના વાદળો અને ખેલાડીઓના આ ફ્લોપ શો બાદ, આગામી સીઝનમાં ચેન્નઈની ટીમમાં મોટા ફેરફારો નિશ્ચિત માનવામાં આવી રહ્યા છે.

1. ઠોસ રણનીતિનો સંપૂર્ણ અભાવ

આ આખી સીઝન દરમિયાન ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ મેદાન પર કોઈ ચોક્કસ પ્લાનિંગ કે આયોજન વગર ઉતરતી હોય તેવું લાગ્યું. વિરોધી ટીમના બેટ્સમેનો અને બોલરો સામે મેચની પરિસ્થિતિ મુજબ જે વ્યૂહાત્મક પરિવર્તન લાવવું જોઈએ, તેનો ચેન્નઈના ખેમામાં તદ્દન અભાવ હતો. પિચના મિજાજને સમજવામાં મેનેજમેન્ટ અને ટીમ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા.

2. ટોપ ઓર્ડરનું સતત ફ્લોપ થવું

T20 ક્રિકેટમાં પાવર-પ્લે અને ઓપનિંગ પાર્ટનરશિપ સૌથી મહત્વની હોય છે, પરંતુ આ ટૂર્નામેન્ટમાં CSKનું ટોપ ઓર્ડર રન બનાવવા માટે સતત સંઘર્ષ કરતું રહ્યું. કરો કે મરો સમાન આ છેલ્લી મેચમાં પણ સંજુ સેમસન ખાતું ખોલાવ્યા વગર આઉટ થયો, જ્યારે કેપ્ટન ગાયકવાડ અને મેથ્યુ શોર્ટ પણ સારી શરૂઆતને મોટા સ્કોરમાં બદલી શક્યા નહીં. આના કારણે મિડલ ઓર્ડર પર દબાણ અસહ્ય થઈ ગયું.

3. ટ્રાન્ઝિશન અને કોમ્બિનેશનની મૂંઝવણ

ટીમ આ સીઝનમાં નવા અને જૂના ખેલાડીઓ વચ્ચે યોગ્ય તાલમેલ બેસાડવામાં જ અટવાયેલી રહી. મેચ બાદ કેપ્ટન ઋતુરાજે પોતે સ્વીકાર્યું કે, રામકૃષ્ણા ઘોષ અને ક્રેગ ઓવરટનના અચાનક ટીમમાંથી બહાર થવાને કારણે ટીમનું સંતુલન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. આ બંને ખેલાડીઓના જવાથી ટીમમાં એક મુખ્ય બોલર અને ઉપયોગી બેટ્સમેનની જે ખોટ પડી, તેની ભરપાઈ ટીમ છેલ્લી ઘડી સુધી કરી શકી નહીં.

4. મિડલ ઓર્ડરમાં અનુભવની કમી

આ સીઝનમાં ચેન્નઈની સૌથી નબળી કડી તેનો મિડલ ઓર્ડર સાબિત થયો. આંકડાઓ પર નજર કરીએ તો, આ વર્ષે મિડલ ઓર્ડરમાં રમતા લગભગ 8 થી 10 ખેલાડીઓ એવા હતા જેમને IPLમાં 20 મેચ રમવાનો પણ અનુભવ નહોતો. આ અનુભવનું પરિણામ એ આવ્યું કે જ્યારે પણ ટોપ ઓર્ડર ફ્લોપ થયો, ત્યારે આ યુવા ખેલાડીઓ દબાણ સહન ન કરી શક્યા અને ગેરજવાબદાર શોટ્સ રમીને પોતાની વિકેટો ફેંકી દીધી.

5. નબળી બોલિંગ અને નેટ રન રેટ

ચેન્નઈના બોલરો પાવર-પ્લે કે ડેથ ઓવર્સમાં રન રોકવામાં બિલકુલ નકામા સાબિત થયા. ગુજરાત સામેની મેચમાં પણ બોલરોએ લાઈન-લેન્થ ગુમાવીને 229 રન લૂંટાવી દીધા. આ નબળા પ્રદર્શનના કારણે ટીમે આ સીઝનમાં ઘણી મહત્વની મેચો ખૂબ મોટા માર્જિનથી ગુમાવવી પડી હતી, જેની સીધી નકારાત્મક અસર ટીમના નેટ રન રેટ (NRR) પર પડી અને પ્લેઓફમાં ક્વોલિફાય થવાનું ગણિત જ આખું બગડી ગયું.

## બેંગલુરુ જીતશે તો નંબર વન પોઝિશન પાકી ; ક્વોલિફાયર-1 માટે હૈદરાબાદને જોઈએ મોટી જીત

**દિલ્હી, તા.22**

IPL 2026ની છેલ્લી લીગ મેચમાં શુક્રવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) આમને-સામને થશે. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં આ મેચ સાંજે 7.30 વાગ્યાથી રમાશે. બંને ટીમની નજર પોઈન્ટ્સ ટેબલમાં ટૉપ-2માં ફિનિશ કરવા પર છે. RCB હાલમાં 18 પોઈન્ટ્સ અને +1.065ના સૌથી શ્રેષ્ઠ નેટ રન રેટ (NRR) સાથે ટોચ પર છે. શુક્રવારે જીત મળવા પર બેંગલુરુની નંબર-1 પોઝિશન પાકી થઈ જશે અને તેને ફાઈનલમાં પહોંચવાની બે તક મળશે. સનરાઈઝર્સ હૈદરાબાદ 13 મેચમાં 16 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. તેના પોઈન્ટ્સ ગુજરાત ટાઈટન્સની બરાબર છે, પરંતુ ઓછા નેટ રન રેટના કારણે તે પાછળ છે.

## એક વર્ષમાં 1788 ડોમેસ્ટિક ક્રિકેટ મેચ રમાશે : ઑગસ્ટમાં દિલીપ ટ્રોફીથી સીઝનની શરૂઆત; રણજી ટ્રોફી ફરી બે તબક્કામાં રમાશે

■ **પુરુષ અંડર-23 સ્ટેટ એ ટ્રોફી અને યુનિવર્સિટી લેવલ પર રમાતી 'વિઝી ટ્રોફી'ને હવે વનડેને બદલે ટી-20 ફોર્મેટમાં રમાશે**



**દિલ્હી, તા.22**

ભારતના આગામી ડોમેસ્ટિક ક્રિકેટ સીઝનમાં 1788 મેચ રમાશે. 23 ઓગસ્ટે દલીપ ટ્રોફીની મેચથી સીઝનની શરૂઆત થશે. BCCIએ ગુરુવારે આ માહિતી આપી. દલીપ ટ્રોફી પછી 1 ઓક્ટોબરથી ઈરાની કપ રમાશે. તેમાં રણજી ટ્રોફીની ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ-કાશ્મીરની ટીમ રેસ્ટ ઑફ ઈન્ડિયા સામે ટકરાશે. રણજી ટ્રોફી આ વખતે પણ બે તબક્કામાં રમાશે. પ્રથમ તબક્કો ઓક્ટોબર-નવેમ્બર 2026માં અને બીજો તબક્કો જાન્યુઆરી-ફેબ્રુઆરી 2027માં યોજાશે. રણજીમાં 32 ટીમનો એલિટ ગ્રુપ અને 6 ટીમનો પ્લેટ ગ્રુપ રહેશે. આ દરમિયાન વચ્ચે સિનિયર મેન્સ T20 (સૈયદ મુશ્તાક અલી) અને વન-ડે (વિજય હઝારે) ટ્રોફી રમાશે. મહિલાઓની ડોમેસ્ટિક સીઝન ઓક્ટોબર-નવેમ્બરમાં સિનિયર મહિલા T20 ટ્રોફીથી શરૂ થશે. ત્યારબાદ ઈન્ટર-ઝોનલ ટ્રોફી અને વન-ડે ટ્રોફી ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી રમાશે. અંડર-એજ ટુર્નામેન્ટ નવેમ્બરથી જાન્યુઆરી સુધી ચાલશે. આ સીઝનમાં એક નવી મેચ ઉમેરવામાં આવી છે. સીકે નાયડુ ટ્રોફીની વિજેતા ટીમ રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે રમશે. આનાથી ઉભરતા અંડર-23 ખેલાડીઓને વધુ સારું મંચ મળશે. પુરુષ અંડર-23 સ્ટેટ એ ટ્રોફી અને યુનિવર્સિટી લેવલ પર રમાતી 'વિઝી ટ્રોફી'ને હવે વનડેને બદલે ટી-20 ફોર્મેટમાં રમાશે. જાન્યુઆરીમાં કેટલાક વિસ્તારોના હવામાનને ધ્યાનમાં રાખીને, અંડર-19 કૂચ બિહાર ટ્રોફી (એલિટ ગ્રુપ)ની તમામ મેચ બેંગલુરુ અને મૈસૂરમાં રમાશે.

## ગિલ અને સુદર્શને કોહલી-ડિવિલિયર્સની બરાબરી કરી : IPLમાં 10મી વખત સદીની પાર્ટનરશિપ

**બાબર આઝમ-મોહમ્મદ રિઝવાન અને ક્રિસ ગેલ-કોહલી જ 10 વખત સેન્ચુરી પાર્ટનરશિપ કરી શક્યા છે**

**દિલ્હી, તા.22**

ગુજરાત ટાઈટન્સે IPL 2026ની 66મી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને 89 રનથી હરાવી દીધું. આ ચેન્નઈની IPL ઈતિહાસમાં સૌથી મોટી હાર રહી. મેચમાં શુભમન ગિલ અને સાઈ સુદર્શને પ્રથમ વિકેટ માટે 10મી વખત સદીની ભાગીદારી કરી. અંશુલ કંબોજના નામે એક સિઝનમાં સૌથી વધુ છગ્ગા આપવાનો અનિચ્છનીય રેકોર્ડ નોંધાયો.

1. દિગ્ગજોના ક્લબમાં પહોંચી યુવા ભારતીય જોડી



ગુજરાતના ઓપનર્સ ગિલ અને સુદર્શને પ્રથમ વિકેટ માટે 125 રનની ભાગીદારી કરી. આ બંનેએ IPLમાં 10મી વખત 100કે તેથી વધુ રનની ભાગીદારી કરી છે. ટી-20 ક્રિકેટમાં આ પહેલા વિરાટ કોહલી-એબી ડિવિલિયર્સ, બાબર આઝમ-મોહમ્મદ રિઝવાન અને ક્રિસ ગેલ-કોહલી જ 10 વખત સેન્ચુરી પાર્ટનરશિપ કરી શક્યા છે. ગિલ અને સુદર્શનની ઓપનિંગ જોડીએ મેન્સ ટી-20 ક્રિકેટમાં સૌથી ઓછી 46 ઈનિંગ્સમાં 10મી સદીની ભાગીદારી કરી. બંનેએ ચેન્નઈ સામે 125 રન જોડ્યા. ક્રિસ ગેલ અને વિરાટ કોહલીની જોડી 63 ઈનિંગ્સમાં 10 સદીની ભાગીદારી સાથે બીજા નંબર પર છે.

## આલિયાએ ઐશ્વર્યાને રિપ્લેસ નથી કરી!

**કાન ફિલ્મ ફેસ્ટિવલની ક્લોઝિંગ સેરેમનીમાં દેખાશે મિસ વર્લ્ડનો જલવો; મા-દીકરીનું ટ્વિનિંગ ચર્ચામાં**

**મુંબઈ, તા.22**

બોલિવૂડ એક્ટ્રેસ ઐશ્વર્યા રાય દર વર્ષની જેમ આ વર્ષે પણ કાન ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બની રહી છે. તે દર વર્ષે લોરિયલ તરફથી પહોંચતી હતી, પરંતુ ઓપનિંગ સેરેમનીમાં આલિયાના આગમનથી દરેકનું માનવું હતું કે ઐશ્વર્યા આ વર્ષે કાનમાંથી ગેરહાજર રહેશે. જોકે, ઐશ્વર્યા કાન માટે રવાના થઈ ચૂકી છે. કાન ફિલ્મ ફેસ્ટિવલ 12 મેથી શરૂ થયો છે, જે 23 મેના રોજ સમાપ્ત થશે. મુંબઈ એરપોર્ટ પરથી ઐશ્વર્યા રાયનો વીડિયો સામે આવ્યો છે. તે દીકરી સાથે કાન માટે નીકળી હતી. તેણે ઓલ બ્લેક આઉટફિટ પહેર્યો હતો. જ્યારે આરાધ્યાએ પણ માતા સાથે ટ્વિનિંગ કર્યું હતું. એરપોર્ટમાં ઐશ્વર્યા એન્ટર કરી રહી હતી, ત્યારે એક યુવાન ફેને તેને ફોટો માટે રોકી લીધી. તે છોકરો પાછળની તરફ જોઈ રહ્યો હતો, તો ઐશ્વર્યાએ પોતે તેને આગળ જોવા માટે કહ્યું, પરંતુ તે પછી ઉલટા ફેને જ ઐશ્વર્યાને ટોકીને કહ્યું કે તેનો કેમેરો પાછળ જ છે. ઐશ્વર્યા રાયે વર્ષ 2002માં કાન્સમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તે સતત કાન્સમાં હાજર રહે છે. ગયા વર્ષે ઐશ્વર્યાએ મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરાયેલી સફેદ-ગોલ્ડન સાડી પહેરી હતી. રેડ ડાયમંડ જ્વેલરી અને સિંદૂર સાથે ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેનો ટ્રેડિશનલ લુક ખૂબ ચર્ચામાં રહ્યો હતો. કાનના બીજા લુકમાં ઐશ્વર્યા રાયે ગૌરવ ગુપ્તાના કલેક્શનનો બ્લેક સિક્વિન ગાઉન સાથે ટ્રેલ કેરી કરી હતી. ખુલ્લા વાળ અને મિનિમલ જ્વેલરીમાં એક્ટ્રેસ ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. અગાઉ બ્યુટી બ્રાન્ડ લોરિયલ પેરિસ (L'Oral Paris)એ 10 મેના રોજ ઈન્સ્ટાગ્રામ પર એક નવો પ્રમોશનલ વીડિયો રિલીઝ કર્યો હતો. આ વીડિયોમાં કાનની ફેમસ 'હોટલ માર્ટિનેઝ'ની છત પરથી બ્રાન્ડ સાથે જોડાયેલી ગ્લોબલ એમ્બેસેડર્સના મોટા પોસ્ટર્સ લહેરાતા જોવા મળ્યા. આ પોસ્ટર્સમાં આલિયા ભટ્ટ, વિયોલા ડેવિસ, ઈવા લોન્ગોરિયા અને હેલેન મિરેન જેવા ચહેરાઓ ચમક્યા હતા, પરંતુ જે ચહેરાની દરેક ભારતીય આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો, તે ઐશ્વર્યા રાય બચ્ચન ક્યાંય દેખાઈ રહી નહોતી. એટલે લોકો માની રહ્યા હતા કે આલિયા ભટ્ટે ઐશ્વર્યાનું સ્થાન લઈ લીધું છે. પરંતુ ઓપનિંગ નહીં ક્લોઝિંગ સેરેમનીમાં 'કાન'ની ક્વિન એટલે કે ઐશ્વર્યા પોતાની સુંદરતા વિખેરશે.





**અગાઉ બ્યુટી બ્રાન્ડ લોરિયલ પેરિસ (L'Oréal Paris)એ 10 મેના રોજ ઈન્સ્ટાગ્રામ પર એક નવો પ્રમોશનલ વીડિયો રિલીઝ કર્યો હતો**

## 'ચાંદ મેરા દિલ':પ્રેમ, લડાઈ અને સંબંધોની ગૂંચવણો વચ્ચે અનન્યા પાંડે-લક્ષ્યની ઈમોશનલ સ્ટોરી હાર્ટ ટચિંગ



**મુંબઈ, તા.22**

બોલિવૂડમાં પ્રેમ કહાણીઓ હંમેશા બનતી રહી છે, પરંતુ મોટાભાગની ફિલ્મોમાં પ્રેમનો સફર ત્યાં જ પૂરો થઈ જાય છે જ્યાં હીરો-હીરોઈન એક થઈ જાય છે. લગ્ન પછી શું થાય છે, જવાબદારીઓ સંબંધને કેવી રીતે બદલી નાખે છે અને પ્રેમ ક્યારે થાકવા લાગે છે, આ સવાલોથી હિન્દી સિનેમા હંમેશા બચતું રહ્યું છે. 'ચાંદ મેરા દિલ' આ જ મુશ્કેલ ભાગને પકડવાનો પ્રયાસ કરે છે. ડિરેક્ટર વિવેક સોનીની આ ફિલ્મ પ્રેમને માત્ર એક સુંદર અહેસાસ તરીકે જ નથી દર્શાવતી, પરંતુ તેની સાથે આવતી ગૂંચવણો, ગુસ્સો, તૂટફૂટ અને ફરીથી જોડાવાના પ્રયાસોને પણ સામે લાવે છે. ફિલ્મ ઘણી જગ્યાએ તમને તમારા આસપાસના સંબંધોની યાદ અપાવે છે. જોકે તેની ગતિ કેટલાક ભાગોમાં ધીમી પડે છે, પરંતુ ભાવનાત્મક પકડ જળવાઈ રહે છે. સ્ટોરી: કોલેજના પ્રેમથી લગ્ન સુધી અને પછી સંબંધની સાચી કસોટી હૈદરાબાદના બેકડ્રોપમાં બનેલી આ વાર્તા એન્જિનિયરિંગ સ્ટુડન્ટ ચાંદની (અનન્યા પાંડે) અને આરવ (લક્ષ્ય)ની આસપાસ ફરે છે. આરવ પહેલી નજરમાં ચાંદની પર દિલ હારી બેસે છે. ધીમે ધીમે મિત્રતા પ્રેમમાં બદલાય છે અને બંને એકબીજાની દુનિયા બની જાય છે.કોલેજ રોમાન્સ, લાંબી બાઈક રાઈડ્સ, મોડી રાતની વાતો અને ભવિષ્યના સપના વચ્ચે બંને લગ્ન કરવાનો નિર્ણય કરે છે. પરંતુ અસલી સ્ટોરી લગ્ન પછી શરૂ થાય છે. કરિયરનું પ્રેશર, આર્થિક જવાબદારીઓ, પરિવારનો હસ્તક્ષેપ અને સંબંધમાં વધતી ગેરસમજો બંનેને બદલવા લાગે છે. એક એવી ક્ષણ આવે છે જ્યારે આરવનો ગુસ્સો સંબંધમાં એવી તિરાડ પાડી દે છે, જ્યાં પ્રેમ કરતાં આત્મસન્માન મોટો પ્રશ્ન બની જાય છે. સંબંધ તૂટવાની અણી પર પહોંચી જાય છે.

## સૌથી મોંઘા વેચાશે રામાયણના ડિસ્ટ્રીબ્યુશન રાઈટ્સ!

**માત્ર હિન્દી રિલીઝ માટે રૂ. 450 કરોડની માગ, ડિસ્ટ્રીબ્યુટર્સ પરેશાન; 'કિંગ'નો રેકોર્ડ તૂટવાની શકયતા**

**મુંબઈ, તા.22**

રણબીર કપૂર અને સાઈ પલ્લવીની મલ્ટીસ્ટારર ફિલ્મ રામાયણ ઘણા મોટા રેકોર્ડ તોડવાની તૈયારીમાં છે. ફિલ્મે પહેલાથી જ 700 કરોડ રૂપિયાની OTT ડીલ ઠુકરાવી દીધી છે, જેના પછી હવે રિપોર્ટ્સ છે કે આ પાન ઈન્ડિયા ફિલ્મના માત્ર હિન્દી ડિસ્ટ્રિબ્યુશનના રાઈટ્સની ડીલ 450 કરોડમાં કરવામાં આવી રહી છે. વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ફિલ્મ રામાયણના હિન્દી વર્ઝનના ડિસ્ટ્રિબ્યુશન માટે ફિલ્મના પ્રોડ્યુસર્સ 450 કરોડ રૂપિયાની માંગ કરી રહ્યા છે. જ્યારે અત્યાર સુધીના સૌથી મોંઘા ડિસ્ટ્રિબ્યુશન રાઈટ્સ શાહરુખ ખાનની આગામી ફિલ્મ કિંગના 250 કરોડમાં વેચાયા છે. જો આ ફિલ્મ 450 ને બદલે 300 કરોડ સુધીમાં પણ ડીલ કરે છે, તો તે બોલિવૂડના ઈતિહાસની સૌથી મોટી ડિસ્ટ્રિબ્યુશન ડીલ બની જશે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે અનિલ થડાણી અને જયંતિલાલ ગડા જેવા કેટલાક



ડિસ્ટ્રીબ્યુટર્સનું માનવું છે કે એક ફિલ્મના માત્ર હિન્દી ડિસ્ટ્રીબ્યુશન માટે 450 કરોડ લેવા એ મોટી કિંમત છે. તેણે નિર્માતાઓને તેમાં ઘટાડો કરવા પર વિચાર કરવાની સલાહ આપી છે. જોકે, ફિલ્મના મેકર્સને ફિલ્મની સફળતા પર પૂરો ભરોસો છે અને તે આ રકમ પર અડગ છે. હાલમાં મેકર્સની કરણ જોહરના ધર્મા પ્રોડક્શન, AA ફિલ્મ્સ અને પેન સ્ટુડિયોના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા સાથે આ ડીલ પર વાતચીત ચાલી રહી છે. ટ્રેડ એક્સપર્ટ્સ અનુસાર, ફિલ્મ રામાયણ માત્ર ભારતમાં 1000થી 1500 કરોડ સુધીનું કલેક્શન કરીને ઈતિહાસ રચી શકે છે. જ્યારે વર્લ્ડવાઈડ તેના 2500 કરોડ સુધીની કમાણી થવાનો અંદાજ છે. ફિલ્મને મોટા પાયે તૈયાર કરવામાં આવી છે.

ફિલ્મ 'રામાયણ' સાથે જોડાયેલી મહત્વની વાતો-

ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા, યશ રાવણ, સની દેઓલ હનુમાન અને રવિ દુબે લક્ષ્મણના રોલમાં જોવા મળશે.

1987ના ટીવી શો 'રામાયણ'માં રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલ આ ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મનું કુલ બજેટ લગભગ 4,000 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જે તેને ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાં સામેલ કરે છે.

ફિલ્મને નિતેશ તિવારી ડિરેક્ટ કરી રહ્યા છે, જેમણે સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ 'દંગલ' બનાવી હતી.

## કંગના રનૌતએ ગુપચુપ લગ્ન કરી લીધા?

■ **ગળામાં મંગળસૂત્ર ને હાથમાં લીલી બંગડીઓ દેખાતા ફેન્સ ચોંકયા; એક્ટ્રેસે પોતે જવાબ આપી ખુલાસો કર્યો**



**મુંબઈ, તા.22**

એક્ટ્રેસ અને ભાજપના સાંસદ કંગના રનૌતનો તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં કંગના માંગમાં સિંદૂર, ગળામાં મંગળસૂત્ર અને હાથમાં લીલી બંગડીઓ પહેરેલી જોવા મળી રહી છે. વીડિયો વાઈરલ થયા બાદ ચાહકોમાં કંગનાના સિક્રેટ મેરેજની અફવાઓ ચગી હતી. હવે કંગનાએ પોતે આ અફવા પર સ્પષ્ટતા કરી છે. કંગનાનો આ પરંપરાગત લુક તેની આગામી ફિલ્મ 'ક્વીન 2'ના શૂટિંગનો ભાગ છે, જેનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. કંગનાએ કહ્યું છે કે તે સિક્રેટ લગ્ન નહીં કરે. કંગનાએ આ અફવાઓ પર સ્પષ્ટતા કરતા પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું કે- 'હું દરરોજ શહેરમાં અને તેની આસપાસ શૂટિંગ કરી રહી છું, કોઈએ કેરેક્ટર મેકઅપ સાથે આ રેન્ડમ તસવીર ક્લિક કરી લીધી અને હવે મને ઘણા બધા ફોન કોલ્સ આવી રહ્યા છે, પરંતુ પરિણીત મહિલાના લુકમાં એવી કઈ મોટી વાત છે? એક્ટર્સ દરેક પ્રકારના રોલ ભજવે છે, હું ગુપચુપ લગ્ન નહીં કરું, હું વચન આપું છું.' સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ ઘણા ઈન્સ્ટાગ્રામ પેજીસે કંગના રનૌતનો આ વીડિયો શેર કર્યો હતો. જેમાં કંગના ગુલાબી રંગના પરંપરાગત સૂટમાં એક પરિણીત મહિલા તરીકે દેખાઈ રહી છે. વીડિયો સાથે કોઈ કેપ્શન કે માહિતી આપવામાં આવી ન હતી. આ પછી ઈન્સ્ટાગ્રામ અને X પર યુઝર્સે કમેન્ટ કરવાનું શરૂ કરી દીધું કે કંગનાએ ગુપચુપ લગ્ન કરી લીધા છે.

## 23 થી 28 મે સુધી કામકાજ થશે નહીં; વીકએન્ડ, હડતાળ અને બકરી ઈદની રજા

# SBI-બેંક 6-દિવસ બંધ, જરૂરી કામ પતાવી લો

### આ હડતાળ 'વર્કમેન કેટેગરી' (ક્લાર્ક અને અન્ય સ્ટાફ) ની હોવાથી, ચેક ક્લિયરિંગ, કેશ કાઉન્ટર અને પાસબુક અપડેટ જેવા કામો અટકી શકે છે

**નવી દિલ્હી, તા.22**

દેશની સૌથી મોટી સરકારી બેંક SBIના ગ્રાહકોએ શાખા સંબંધિત પોતાના તમામ જરૂરી કામ આજ (22 મે, શુક્રવાર) જ પતાવી લેવા જોઈએ. આવું એટલા માટે, કારણ કે 23 મે થી 28 મે 2026 ની વચ્ચે SBIની શાખાઓ સતત 6 દિવસ સુધી બંધ રહી શકે છે. તેનું મુખ્ય કારણ વીકએન્ડ, કર્મચારીઓની પ્રસ્તાવિત બે દિવસની હડતાળ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા બકરીદ (ઈદ-ઉલ-અઝહા) માટે જાહેર કરાયેલી બે દિવસની રજાઓ છે.

જાણો શા માટે 23 થી 28 મેની વચ્ચે બંધ રહી શકે છે SBI બેંક

23 મે થી 28 મે ની વચ્ચે બેંકોમાં કામકાજ પ્રભાવિત થવાના અલગ-અલગ કારણો છે

વીકએન્ડની રજાઓ: 23 મેના રોજ મહિનાનો ચોથો શનિવાર છે અને 24 મેના રોજ રવિવાર છે. નિયમ મુજબ, દેશની તમામ બેંકોમાં દર મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા હોય છે, જેના કારણે આ બે દિવસ બેંકો બંધ રહેશે. SBI સ્ટાફની હડતાળ: ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશને પોતાની અનેક માંગણીઓને લઈને 25 અને 26 મે (સોમવાર અને મંગળવાર) ના રોજ દેશભરમાં બે દિવસની હડતાળનો પ્રસ્તાવ મૂક્યો છે. આનાથી બેંકોના કામકાજ પર સીધી અસર પડી શકે છે. બકરી ઈદની રજા: ભારતના અલગ-અલગ રાજ્યોમાં બકરી ઈદનો તહેવાર અલગ-અલગ દિવસે ઉજવવામાં આવશે, જેના માટે RBI એ બે દિવસની રજાઓ નક્કી કરી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં 27 મેના રોજ બકરી ઈદના કારણે SBI બંધ રહેશે, જ્યારે કેટલાક વિસ્તારોમાં 28 મેના રોજ રજા રહેશે. જ્યારે જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં 27 અને 28 મે બંને દિવસ બેંકો બંધ રહેશે.

શા માટે SBI કર્મચારીઓ હડતાળ પર જવા માંગે છે? ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશન (AISBISF) એ તેની 16 માંગણીઓ માટે હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળ કર્મચારીઓના અધિકારોનું રક્ષણ કરવા, કામ કરવાની અનુકુળ પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવી છે.

હડતાળની શું અસર થશે?

આ હડતાળ 'વર્કમેન કેટેગરી' (ક્લાર્ક અને અન્ય સ્ટાફ) ની હોવાથી, ચેક ક્લિયરિંગ, કેશ કાઉન્ટર અને પાસબુક અપડેટ જેવા કામો અટકી શકે છે.

SBI કર્મચારીઓની 16 મુખ્ય માંગણીઓ

મેસેન્જર્સની નવી ભરતી: બેંકમાં વર્ગ ચાર (મેસેન્જર્સ) ની ખાલી જગ્યાઓ પર તાત્કાલિક કાયમી ભરતી કરવામાં આવે. સશસ્ત્ર ગાર્ડ્સ (Armed Guards) ની ભરતી: બેંકની સુરક્ષા અને શાખાઓની જરૂરિયાતો માટે પર્યાપ્ત આર્મ્ડ ગાર્ડ્સની નિમણૂક કરવામાં આવે.




## કપડવંજ તાલુકાના ઘઉઆ ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન અંતર્ગત ખેડૂત તાલીમ અને મોડલ ફાર્મ મુલાકાત યોજાઈ

**નડિયાદ, તા.22**

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ઘઉઆ ગામ ખાતે આજરોજ "રાસાયણિક ખાતરનો સંકલિત ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન" અંતર્ગત ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને રાસાયણિક ખાતરોના કાર્યક્ષમ અને સંકલિત ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો, જીવામૃત, ઘનજીવામૃત તથા નિમાસ્ત્ર જેવા પ્રાકૃતિક ઉપાયોના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા જાળવી રાખી ઓછા ખર્ચે ગુણવત્તાસભર ઉત્પાદન મેળવવા અંગે સમજ આપવામાં આવી હતી. ખેડૂતોને બાગાયતી યોજનાઓ, ખેતીવાડી શાખાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ તથા સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલી કૃષિલક્ષી યોજનાઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ અંતે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી, જ્યાં પ્રાકૃતિક પદ્ધતિથી કરવામાં આવતી ખેતી અને તેના લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે જાગૃતિ વધે તેમજ વૈજ્ઞાનિક અને ટકાઉ ખેતી પદ્ધતિઓનો વ્યાપ વધે તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો હતો. અહી વિસ્તરણ અધિકારીશ્રી, તાલુકા પ્રોજેક્ટ મેનેજરશ્રી, ગ્રામ સેવકશ્રી, ક્લસ્ટરના કૃષિ સખી બહેનો તેમજ સી.આર.પી. ઉપસ્થિત રહ્યા હતા એમ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર શ્રી આરીફ ભાઈ શેખે જણાવ્યું હતું.

## જમીનને જો "માતૃશક્તિ" કહેવાય તો સૂક્ષ્મજીવો એ જમીનનું "હૃદય" છે

### પ્રાકૃતિક કૃષિથી સૂક્ષ્મજીવોનું સંરક્ષણ જમીનની જીવંત દુનિયાને બચાવતો વૈજ્ઞાનિક અભિગમ છે

**નડિયાદ, તા.22**

પ્રાકૃતિક ખેતીનો મૂળ સિદ્ધાંત છે – "જમીનને ખવડાવો, છોડ પોતે તંદુરસ્ત બનશે."પ્રાકૃતિક કૃષિમાં જમીનને જીવંત સત્તા તરીકે માનવામાં આવે છે. તેમાં સૂક્ષ્મજીવોને પોષણ આપતી અને તેમની વૃદ્ધિ વધારતી પદ્ધતિઓ અપનાવવામાં આવે છે.

આધુનિક કૃષિ વ્યવસ્થામાં છેલ્લા કેટલાય વર્ષોથી રાસાયણિક ખાતરો, જંતુનાશકો અને નિંદામણનાશક દવાઓનો અતિરેક ઉપયોગ કરવામાં આવ્યો છે. શરૂઆતમાં આ પદ્ધતિએ ઉત્પાદન વધાર્યું, પરંતુ સમય જતાં જમીનની કુદરતી શક્તિ નબળી પડી ગઈ. આજે અનેક કૃષિ વૈજ્ઞાનિકો અને પર્યાવરણવિદો એ વાત સ્વીકારે છે કે જમીન માત્ર માટીનો ઢગલો નથી, પરંતુ એક જીવંત પરિસ્થિતિ (Living Ecosystem) છે. આ જીવંત તંત્રનું સૌથી મહત્વપૂર્ણ અંગ છે – "સૂક્ષ્મજીવો".

પ્રાકૃતિક કૃષિ એવી ખેતી પદ્ધતિ છે જે જમીનમાં રહેલા આ અદ્રશ્ય પરંતુ અત્યંત ઉપયોગી સૂક્ષ્મજીવોનું સંરક્ષણ કરે છે અને તેમની સંખ્યા વધારવામાં મદદરૂપ બને છે. જમીનની તંદુરસ્તી, પાકની વૃદ્ધિ અને માનવ આરોગ્ય – આ ત્રણેય બાબતોનો સીધો સંબંધ સૂક્ષ્મજીવો સાથે જોડાયેલો છે. સૂક્ષ્મજીવો એટલે એવી જીવસૃષ્ટિ જે આંખે દેખાતી નથી પરંતુ માઈક્રોસ્કોપ દ્વારા જોવામાં આવે છે. તેમાં મુખ્યત્વે બેક્ટેરિયા, ફૂગ, એક્ટિનોમાયસિટીસ, શેવાળ અને અન્ય જૈવિક જીવસૃષ્ટિનો સમાવેશ થાય છે. એક ગ્રામ ઉપજાઉ જમીનમાં કરોડો સૂક્ષ્મજીવો રહેલા હોય છે. વૈજ્ઞાનિકોના અભ્યાસ મુજબ આ સૂક્ષ્મજીવો જમીનની ફળદ્રુપતા જાળવવામાં, સજીવ પદાર્થોના વિઘટનમાં અને છોડને પોષક તત્ત્વ ઉપલબ્ધ કરાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. જમીનને જો "માતૃશક્તિ" કહેવાય છે, તો સૂક્ષ્મજીવો એ જમીનનું "હૃદય" છે. ખેતીને માત્ર ઉત્પાદન સાથે નહીં, પરંતુ જમીનની જીવંતતા અને માનવ આરોગ્ય સાથે પણ જોડીને જોવી જોઈએ. પ્રાકૃતિક કૃષિ એ માત્ર પરંપરા નથી તે વૈજ્ઞાનિક રીતે માન્ય, પર્યાવરણમિત્ર અને ભવિષ્યને સુરક્ષિત બનાવતી ખેતી પદ્ધતિ છે. સૂક્ષ્મજીવો વગર જમીન નિર્જીવ બની જાય છે.

## ઠાસરા તાલુકાના અમૃતપુરા અને ભદ્રાસા ગામોમાં "રાસાયણિક ખાતરનો સમતોલ ઉપયોગ

**નડિયાદ, તા.22**

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના અમૃતપુરા અને ભદ્રાસા ગામોમાં આજરોજ "રાસાયણિક ખાતરનો સમતોલ ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન" અંતર્ગત ખેડૂત માર્ગદર્શન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને રાસાયણિક ખાતરોના સંકલિત વ્યવસ્થાપન, સમતોલ ઉપયોગ તથા પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે જીવામૃત, ઘનજીવામૃત અને નિમાસ્ત્ર જેવા પ્રાકૃતિક કૃષિ આયામોના ઉપયોગથી જમીનની ઉપજક્ષમતા જાળવવા, ખેતી ખર્ચ ઘટાડવા અને ગુણવત્તાસભર પાક ઉત્પાદન મેળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ખેડૂતોને ફાર્મર રજીસ્ટ્રેશન, પીએમ કિસાન ઈ-કેવાયસી, કૃષિ પ્રગતિ એપ્લિકેશન તથા ખેતીવાડી ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી પર્યાવરણમૈત્રી અને ટકાઉ ખેતી પદ્ધતિ તરફ આગળ વધવા પ્રેરણા આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમો દ્વારા ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે જાગૃતિ વધે અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમોમાં ગ્રામ સેવકો, તાલુકા પ્રોજેક્ટ મેનેજર તેમજ કૃષિ સખી/સીઆરપી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને સમતોલ ખાતર ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## રાજ્યો પેટ્રોલ-ડીઝલ પર VAT ઘટાડી શકે છે : તેલંગાણામાં સૌથી વધુ ટેક્સ લાગે છે, કેન્દ્ર ₹10 સુધીની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી ચૂક્યું છે

**નવી દિલ્હી, તા.22**

કેન્દ્ર સરકાર રાજ્યો સાથે મળીને પેટ્રોલ-ડીઝલ સસ્તું કરવાની તૈયારી કરી રહી છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં રાજ્યોને પેટ્રોલ અને ડીઝલ પરના વેલ્યુ એડેડ ટેક્સ (VAT) ઘટાડવા અપીલ કરી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભાજપ શાસિત 22 રાજ્યોમાં વેટમાં ઘટાડો થવાની પૂરી સંભાવના છે. ડીઝલની કિંમતોને નિયંત્રિત કરવી એ પ્રાથમિકતા છે, કારણ કે તેની સીધી અસર પરિવહન, ખેતી અને ઉદ્યોગ જગત પર પડે છે. અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ફરીથી તણાવ વધવાને કારણે ક્રૂડ ઓઈલની કિંમતો વધી રહી છે. શુક્રવારે બ્રેન્ટ ક્રૂડ લગભગ 1.9% વધીને $104.52 પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. આવી સ્થિતિમાં, વધતી મોંઘવારીમાંથી લોકોને રાહત આપવા માટે કેન્દ્ર સરકારે ગયા મહિને જ પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી. જોકે, આ પછી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં 3.90 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો



ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના પુરવઠા અને કિંમતો પર થનારી અસર અંગે તાજેતરમાં સચિવોના એક સશક્ત જૂથની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી કે મોંઘા ક્રૂડ ઓઈલના બોજને ઘટાડવા માટે વેટમાં ઘટાડો કરવો જરૂરી છે. કેન્દ્ર સરકારે ગયા મહિને જ ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી 10 પ્રતિ લિટર ઘટાડીને શૂન્ય કરી દીધી હતી, જ્યારે પેટ્રોલ પર 3નો ઘટાડો કરવામાં આવ્યો હતો. હવે કેન્દ્ર ઈચ્છે છે કે રાજ્યો પણ પોતાની રીતે ટેક્સ ઘટાડે. અધિકારીઓના મતે, ભાજપ શાસિત રાજ્યો સૌ પ્રથમ ડીઝલ પર ટેક્સ ઘટાડવા પર વિચાર કરી શકે છે. ભારતમાં દર વર્ષે લગભગ 9.47 કરોડ ટન ડીઝલનો વપરાશ થાય છે, જે અન્ય કોઈપણ પેટ્રોલિયમ ઉત્પાદનો કરતાં ઘણો વધારે છે. પેટ્રોલનો ઉપયોગ મોટાભાગે ખાનગી વાહનો માટે થાય છે, પરંતુ ડીઝલનો ઉપયોગ ટ્રાન્સપોર્ટ, ખેતી અને ઉદ્યોગમાં થાય છે. જો ડીઝલ સસ્તું થશે તો માલ ભાડું સસ્તું થશે, જેનાથી રોજિંદી ચીજવસ્તુઓના ભાવ ઘટશે. એપ્રિલમાં જથ્થાબંધ મોંઘવારી દર 42 મહિનાના ઉચ્ચતમ સ્તર 8.3% પર પહોંચી ગયો હતો. જો ભાજપ શાસિત રાજ્યો વેટ ઘટાડે છે, તો તે વર્ષ 2022 જેવી સ્થિતિ હશે. તે સમયે રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારે પણ કેન્દ્રએ એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી અને રાજ્યોને વેટ ઘટાડવા કહ્યું હતું.

# ઈમ્પેક્ટ ફીચર

## એફોર્ડેબલ હોમ લોન તમારા ઘરના ઘરનું સપનું પૂરું કરશે, ઓછા દસ્તાવેજ જોઈશે અને પ્રોસેસ પણ સરળ

### એફોર્ડેબલ હોમ લોન - ઘરની માલિકીની ઍક્સેસનો વિસ્તાર કરવો, સંભવ હોમ લોન સાથે સમાવિષ્ટ હોમઓનરશિપને સહાયતા આપવી

**વૉશિંગ્ટન ડીસી તા.22**

પોતાનું ઘર હોવું એ ફક્ત નાણાકીય રોકાણ નથી; તે એક એવી જગ્યા વિશે છે જે ખરેખર તમારા પોતાના જેવી લાગે છે. પરંતુ મિલકતના વધતા ભાવો સાથે, ઘરની માલિકી ઘણીવાર ઘણા લોકો માટે પહોંચની બહાર હોય છે. આવા સમયે જ યોગ્ય નાણાકીય સહાય અર્થપૂર્ણ બની શકે છે, જે મહત્વાકાંક્ષા અને પોસાય તેવા ભાવો વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરે છે. એફોર્ડેબલ હોમ લોન સાથે, ઘરની માલિકી સમાજના ઘણા વ્યાપક વર્ગ માટે એક પ્રાપ્ત કરી શકાય તેવું સીમાચિહ્નરૂપ બની રહી છે.

ફ્લેક્સિબલ પાત્રતા ધોરણો, ન્યૂનતમ દસ્તાવેજીકરણ અને સરળ અરજી પ્રક્રિયા દ્વારા બધા માટે હાઉસિંગ ફાઈનાન્સ સુલભ બનાવવા માટે આ સસ્તી હોમ લોન ડિઝાઈન કરવામાં આવી છે. શહેરી ભારતમાં સતત વિસ્તરણ થઈ રહ્યું છે અને નવી હાઉસિંગ તકો ઊભી થઈ રહી છે. આવક પેટર્નમાં વિવિધતાને ધ્યાનમાં રાખીએ તો, ઘણા વ્યક્તિઓ નાના વ્યવસાયો, સ્વ-રોજગાર અથવા રોકડ-આધારિત કાર્ય દ્વારા કમાણી કરે છે, પરંપરાગત ધિરાણ માળખા હંમેશા આવા પ્રોફાઈલ્સને સમાવી શકતા નથી. સસ્તી હોમ લોન વ્યવહારુ આવકની વાસ્તવિકતાઓ સાથે લોન માળખાને સંરેખિત કરીને આ અંતરને દૂર કરે છે. આ પરિવર્તન ધીમે ધીમે હાઉસિંગ ફાઈનાન્સને વધુ સમાવિષ્ટ અને આધુનિક આર્થિક પેટર્ન સાથે સંરેખિત બનાવી રહ્યું છે.

સસ્તી હાઉસિંગ ફાઈનાન્સમાં એક મહત્વપૂર્ણ વિકાસ એ ઉકેલો છે જે ખાસ કરીને પછાત અથવા અસંગઠિત સેગમેન્ટ પૂરી કરે છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી સંભવ હોમ લોન આવી જ એક ઓફર છે.

#### શહેરી ભારતમાં એફોર્ડેબલ હોમ લોન કેમ મહત્વપૂર્ણ છે

શહેરી ભારતમાં સતત વિસ્તરણ થઈ રહ્યું છે અને નવી હાઉસિંગ તકો ઊભી થઈ રહી છે. આવક પેટર્નમાં વિવિધતાને ધ્યાનમાં રાખીએ તો, ઘણા વ્યક્તિઓ નાના વ્યવસાયો, સ્વ-રોજગાર અથવા રોકડ-આધારિત કાર્ય દ્વારા કમાણી કરે છે, પરંપરાગત ધિરાણ માળખા હંમેશા આવા પ્રોફાઈલ્સને સમાવી શકતા નથી. સસ્તી હોમ લોન વ્યવહારુ આવકની વાસ્તવિકતાઓ સાથે લોન માળખાને સંરેખિત કરીને આ અંતરને દૂર કરે છે. આ પરિવર્તન ધીમે ધીમે હાઉસિંગ ફાઈનાન્સને વધુ સમાવિષ્ટ અને આધુનિક આર્થિક પેટર્ન સાથે સંરેખિત બનાવી રહ્યું છે.

#### સંભવ હોમ લોન સાથે સમાવિષ્ટ હોમઓનરશિપને સહાયતા આપવી

સસ્તી હાઉસિંગ ફાઈનાન્સમાં એક મહત્વપૂર્ણ વિકાસ એ ઉકેલો છે જે ખાસ કરીને પછાત અથવા અસંગઠિત સેગમેન્ટ પૂરી કરે છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી સંભવ હોમ લોન આવી જ એક ઓફર છે. સંભવ હોમ લોન અસંગઠિત ક્ષેત્રના વ્યક્તિઓ, જેમાં સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો, નાના વ્યવસાય માલિકો અને સ્વ-રોજગાર વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે.



## પબ્લિક વાઈ-ફાઈનો સમગ્ર દેશમાં એક જ પાસવર્ડ હશે

**નવી દિલ્હી, તા.22**

સરકાર PM-વાણીની નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને એક નવી અને અદ્યતન પબ્લિક વાઈ-ફાઈ સિસ્ટમ લાવવાની તૈયારી કરી રહી છે. આ નવી વ્યવસ્થાનો ઉદ્દેશ્ય યુઝર અનુભવને બહેતર બનાવવાનો અને ડિજિટલ ચુકવણીને વધુ સુરક્ષિત બનાવવાનો છે.

હવે યુઝર્સને દરેક હોટસ્પોટ માટે અલગ OTPની જરૂર નહીં પડે. દેશભરમાં ફેલાયેલા 4 લાખ હોટસ્પોટ પર એક જ OTP કે પાસવર્ડથી લોગિન કરી શકાશે. દૂરસંચાર નિયામક (TRAI) એ આનો પરામર્શ-પત્ર જારી કરીને લોકો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

સાર્વજનિક વાઈ-ફાઈને સુરક્ષિત બનાવવા માટે 'વાઈ-ફાઈ પ્રોટેક્ટેડ એક્સેસ 3' જેવા ધોરણો લાગુ પડશે. આનાથી ભીડભાડવાળા વિસ્તારોમાં પણ સુરક્ષિત UPI અને ડિજિટલ પેમેન્ટ માટે વધારાનું સુરક્ષા કવચ મળશે.

કમાણીનું મૉડેલ બનાવવાનો હેતુ

પેપર મુજબ, હાલની વાઈફાઈ સિસ્ટમ એટલા માટે ચાલી નહીં કારણ કે તે યુઝરની જરૂરિયાત બની શકી નહીં. સાથે જ ઓપરેટરની કમાણી પણ થઈ નહીં. તેથી સરકાર પ્રસ્તાવિત વાઈફાઈ સિસ્ટમને ઓપરેટર માટે કમાણીનું મૉડેલ બનાવવા માંગે છે.

આ માટે જાહેરાત-આધારિત મૉડેલ, પેઈડ પ્લાન અને સબસિડી (વાયબિલિટી ગેપ ફંડિંગ) જેવા વિકલ્પો આપવામાં આવશે.

'કોમ્યુનિટી વાઈ-ફાઈ' મૉડેલ લાગુ પડશે

શહેરોમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને ગામડાઓમાં ઓછી કિંમતવાળું 'કોમ્યુનિટી વાઈ-ફાઈ' મૉડેલ લાગુ પડશે. દેશની 140 કરોડની વસ્તીમાં હાલમાં માત્ર 2% લોકો પબ્લિક વાઈ-ફાઈનો ઉપયોગ કરે છે.

## મોંઘી થઈ મારુતિ સુઝુકીની ગાડીઓ : કંપનીએ 30 હજાર સુધી તોતિંગ ભાવ વધારો કર્યો, બજેટ કારથી લઈને લક્ઝરી મોડલ્સના ભાવ વધશે

**મુંબઈ, તા.22**

જો તમે આવતા મહિને મારુતિ સુઝુકીની નવી કાર ઘરે લાવવાનું વિચારી રહ્યા છો, તો તમારા માટે એક મોટા અને થોડા ખર્ચાળ સમાચાર છે. દેશની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા એ જાહેરાત કરી છે કે તે જૂન 2026થી તેના તમામ મોડલ્સની કિંમતોમાં વધારો કરવા જઈ રહી છે. કંપની તેની કારની કિંમતો 30,000 રૂપિયા સુધી વધારવાનું મન બનાવી ચૂકી છે. મારુતિ સુઝુકીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં આ નિર્ણયની સત્તાવાર જાણકારી આપી. કંપનીનું કહેવું છે કે સતત વધી રહેલા ખર્ચના દબાણને કારણે તેમને આ પગલું ભરવાની ફરજ પડી છે. સતત વધી રહેલો ખર્ચ કંપનીએ જણાવ્યું, 'છેલ્લા કેટલાક મહિનાઓથી કંપની ખર્ચ ઘટાડવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહી હતી, જેથી ગ્રાહકો પર વધતી કિંમતોની અસર ઓછી રહે. પરંતુ, વર્તમાન સમયમાં મોંઘવારીનું સ્તર ઘણું ઊંચું થઈ ગયું છે અને ખર્ચ સતત વધી રહ્યો છે. આવા સંજોગોમાં કંપની પાસે વધેલા ખર્ચનો એક ભાગ બજાર પર નાખવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.' કઈ ગાડીઓની કિંમતો વધી? મારુતિ સુઝુકી, જે ભારતની સૌથી મોટી કાર કંપનીઓમાંની એક છે.



## રેન્જ રોવર SVની કિંમતમાં ₹75 લાખનો ઘટાડો : સ્પોર્ટ્સ મૉડેલ પણ ₹40 લાખ સસ્તું થયું, ભારત-યુકે ટ્રેડ ડીલની અસર; જાણો નવી કિંમત

**મુંબઈ, તા.22**

જગુઆર લેન્ડ રોવર (JLR) ઈન્ડિયાએ બ્રિટનથી ઈમ્પોર્ટ થતી તેની સૌથી પ્રીમિયમ SUV 'રેન્જ રોવર SV'ની કિંમત 75 લાખ રૂપિયા ઘટાડી દીધી છે, જેના પછી હવે તેની એક્સ-શોરૂમ કિંમત 3.5 કરોડ રૂપિયા થઈ ગઈ છે. પહેલા તેની કિંમત 4.25 કરોડ રૂપિયા હતી. આ ઘટાડો ભારત અને બ્રિટન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ થતા પહેલા કરવામાં આવ્યો છે. કંપનીએ રેન્જ રોવર સ્પોર્ટ SV એડિશન ટુની કિંમતમાં પણ 40 લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જે હવે 2.35 કરોડ રૂપિયામાં મળશે. નવી કિંમતો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવી છે. 27 જાન્યુઆરીના રોજ PM મોદી, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં ભારત-EU FTA પર હસ્તાક્ષર થયા. યુરોપિયન યુનિયન (EU)ના વિદેશ નીતિ પ્રમુખ કાજા કાલાસ અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે 'ભારત-EU સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી' કરાર પર સહી કરી હતી. 27 જાન્યુઆરીના રોજ PM મોદી, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં ભારત-EU FTA પર હસ્તાક્ષર થયા. યુરોપિયન યુનિયન (EU)ના વિદેશ નીતિ પ્રમુખ કાજા કાલાસ અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે 'ભારત-EU સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી' કરાર પર સહી કરી હતી. ભારત અને બ્રિટન વચ્ચે 24 જુલાઈ 2025ના રોજ વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ બ્રિટનથી સંપૂર્ણપણે બનીને આવતી (CBU) મોટી કારો પર આયાત ડ્યુટીને 110%થી ઘટાડીને પહેલા વર્ષમાં 30% કરી દેવામાં આવશે.

5મા વર્ષ સુધીમાં આ ડ્યુટી ઘટીને માત્ર 10% રહી જશે. આ નિયમ 3,000ccથી ઉપરના પેટ્રોલ અને 2,500ccથી ઉપરના ડીઝલ એન્જિનવાળા મૉડેલો પર લાગુ પડશે.

કિંમતોમાં ફેરફારની 3 મુખ્ય વાતો:

સતત બીજી કપાત: GST 2.0 સુધારા પછી સપ્ટેમ્બર 2025માં પણ કિંમતોમાં 30.4 લાખ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. એક વર્ષની અંદર આ બીજો મોટો ફેરફાર છે. પેઈન્ટ સ્કીમમાં અપડેટ: રેન્જ રોવર SVમાં હવે અલ્ટ્રા મેટાલિક પેઈન્ટ (ગ્લોસ અને સેટિન ફિનિશ) સ્ટાન્ડર્ડ તરીકે મળશે.

નવું વેરિઅન્ટ ટૂંક સમયમાં: સૂત્રો અનુસાર, કંપની ટૂંક સમયમાં રેન્જ રોવર સ્પોર્ટનું એક નવું સ્ટાન્ડર્ડ SV વેરિઅન્ટ પણ લાવશે, જેની કિંમત આશરે 2.05 કરોડ રૂપિયા હશે.

### અમદાવાદથી UK સુધી પહોંચ્યા પોલીસના તાર; જાણો ઓપરેશનની ઈનસાઈડ સ્ટોરી

# ડાર્ક વેબના એક IPથી ખુલ્યો 226 કરોડના ટેરર ફંડિંગનો કારોબાર

- **UKથી હવાલા-આંગડિયા મારફતે ભારતમાં નાણાં ટ્રાન્સફર કરાવતો**
- **અમદાવાદના મોહસીન મોલાણીના વોલેટમાં શંકાસ્પદ ફંડ ટ્રાન્સફરની વિગતો મળી હતી**

**ગાંધીનગર, તા.22**

226 કરોડના ટેરર ફંડિંગ કેસમાં ગુજરાત પોલીસનું સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ કેવી રીતે આરોપીઓ સુધી પહોંચ્યું તેની ચોંકાવનારી વિગતો હવે સામે આવી છે. ડાર્ક વેબ પર ચાલતા ડ્રગ્સ નેટવર્કની તપાસ કરતાં પોલીસને એક શંકાસ્પદ IP એડ્રેસ મળ્યું અને ત્યાંથી શરૂ થયેલી ટેક્નિકલ તપાસ આખરે અમદાવાદથી લઈને UK સુધી ફેલાયેલા ટેરર ફંડિંગ રેકેટ સુધી પહોંચી હતી. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ. પી. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ડાર્ક વેબ પર ચાલતા ડ્રગ્સ કારોબાર સાથે જોડાયેલા શંકાસ્પદ IP પર સતત નજર રાખવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન artemislabs.cc નામની વેબસાઈટ સાથે જોડાયેલા એક ડ્રગ્સ વેન્ડરના ટ્રાન્જેક્શન પોલીસના રડારમાં આવ્યા હતા. આ વેન્ડર મારફતે 10 અલગ-અલગ ક્રિપ્ટો વોલેટમાં રકમ ટ્રાન્સફર થતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ 10 વોલેટનું ટેક્નિકલ એનાલિસિસ કર્યું ત્યારે 9 વોલેટ વિદેશી હોવાનું સામે આવ્યું, જ્યારે એક વોલેટ ભારતનું હતું. KYC અને અન્ય ડિજિટલ વિગતો મેળવતાં આ વોલેટ અમદાવાદના દાણીલીમડાના મોહસીન મુલાનીનું હોવાનું બહાર આવ્યું. અહીંથી કેસમાં પ્રથમ મોટી બ્રેકથ્રૂ મળી હતી. મોહસીન મુલાનીના ક્રિપ્ટો ટ્રાન્જેક્શનની ઊંડાણપૂર્વક તપાસ કરતાં તેના વોલેટ સાથે 8 અન્ય એકાઉન્ટ જોડાયેલા હોવાનું સામે આવ્યું. તેમાં એક મોનેરો વોલેટ પણ હતું, જેમાં એક સમયે 56 હજાર ડોલર જેટલી રકમ ટ્રાન્સફર થઈ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આગળની તપાસમાં અન્ય 9 ભારતીય વોલેટ સાથેના કનેક્શન સામે આવ્યા, જેમાં મોહંમદ ઝુબેર પોપટીયાનું વોલેટ સૌથી વધુ શંકાસ્પદ હોવાનું જણાયું. પોલીસે જ્યારે ઝુબેરના વોલેટનું વિશ્લેષણ કર્યું ત્યારે ઈઝરાયલમાં MBCTA દ્વારા સીઝ કરાયેલા વોલેટમાંથી સીધા તેના ખાતામાં રકમ આવતી હોવાનું સામે આવ્યું હતું.



તસ્વીર પ્રતિકાત્મક છે

#### ડ્રગ્સ વેન્ડરના ટ્રાન્જેક્શન પોલીસના રડારમાં આવ્યા

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ.પી. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ડાર્ક વેબ પર ચાલતા ડ્રગ્સ કારોબાર સાથે જોડાયેલા શંકાસ્પદ IP પર સતત નજર રાખવામાં આવી રહી હતી.

#### મોહંમદ ઝુબેર પોપટીયાનું વોલેટ સૌથી વધુ શંકાસ્પદ

આગળની તપાસમાં અન્ય 9 ભારતીય વોલેટ સાથેના કનેક્શન સામે આવ્યા, જેમાં મોહંમદ ઝુબેર પોપટીયાનું વોલેટ સૌથી વધુ શંકાસ્પદ હોવાનું જણાયું. પોલીસે જ્યારે ઝુબેરના વોલેટનું વિશ્લેષણ કર્યું ત્યારે ઈઝરાયલમાં MBCTA દ્વારા સીઝ કરાયેલા વોલેટમાંથી સીધા તેના ખાતામાં રકમ આવતી હોવાનું સામે આવ્યું હતું.

**ક્રિપ્ટો ક્લસ્ટર સાથે પણ આ નેટવર્કનું જોડાણ :** તપાસ દરમિયાન અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને ઈઝરાયલની નેશનલ બ્યુરો ઓફ કાઉન્ટર ટેરરિઝમ દ્વારા માર્ક કરાયેલા ક્રિપ્ટો ક્લસ્ટર સાથે પણ આ નેટવર્કના જોડાણ સામે આવ્યા છે. હાલ સમગ્ર કેસમાં વધુ તપાસ ચાલુ છે.

# મધ્ય ગુજરાતમાં કરોડોનો દારૂ ઘુસાડનારની મોડાસા પાસેથી ધરપકડ

### કુખ્યાત બુટલેગર 'લાલુ સિંધી' ઝડપાયો:; દારૂ, હત્યા, ખંડણી સહિત 80 ગુના નોંધાયેલા

**વડોદરા, તા.22**



વડોદરા શહેર તેમજ સમગ્ર મધ્ય ગુજરાતમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવાના આરોપમાં સંડોવાયેલા કુખ્યાત બુટલેગર લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમનદાસ ખાનાનીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપી ગુજસીટોક તથા વિદેશી દારૂના કુલ બે ગુનામાં સંડોવાયેલ હોવા ઉપરાંત લાંબા સમયથી ફરાર થઈ નાસતો ફરતો હતો. વડોદરા શહેરના નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં તેમજ જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝડપાયેલા વિદેશી દારૂના જથ્થાના ગુનામાં લાલચંદ ઉર્ફે લાલુ સિંધીનું નામ સામે આવ્યું હતું. બંને ગુનામાં ધરપકડ ટાળવા માટે આરોપી ફરાર થઈ ગયો હતો. જેને શોધી કાઢવા માટે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમો સતત પ્રયાસશીલ હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ મોડાસા પહોંચી હતી. ખાનગી રાહે તપાસ કરતા માહિતી મળી હતી કે, ફરાર આરોપી લાલચંદ ઉર્ફે લાલુ સિંધી તેની કિયા સેલ્ટોસ કારમાં શહેરાથી મોડાસા જવાના માર્ગે માલપુર થઈ પસાર થવાનો છે. જેના આધારે ટીમે માલપુર ખાતે વોચ ગોઠવી હતી.

વોચ દરમિયાન માહિતી મુજબની કાર પસાર થતી દેખાતા પોલીસે કારને અટકાવી તપાસ હાથ ધરી હતી. કારમાં બેઠેલા વ્યક્તિની ઓળખ લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમનદાસ ખાનાની (ઉ.વ. 48, રહે. રોયલ હાઈટ્સ, ધોબી તળાવ પાસે, વારસિયા, વડોદરા) તરીકે થઈ હતી. પ્રાથમિક પૂછપરછ અને ખાતરી તપાસમાં તે નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુના તથા જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલ અને ફરાર હોવાનું બહાર આવ્યું હતું. આરોપી વિરુદ્ધ નોંધાયેલા ગુજસીટોકના ગુનાની વધુ તપાસ એફ ડિવિઝનના ACP દ્વારા કરવામાં આવતી હોવાથી આરોપીને વધુ કાર્યવાહી માટે તેમની કસ્ટડીમાં સોંપવામાં આવ્યો છે. પકડાયેલા આરોપી લાલચંદ ઉર્ફે લાલુ સિંધી સામે અગાઉ વિદેશી દારૂ, ખૂન, ખંડણી, મારામારી સહિતના અંદાજે 80 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે તે અગાઉ 7 વખત પાસા હેઠળ ગુજરાતની જુદી-જુદી જેલોમાં જઈ ચૂક્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આરોપી વિરુદ્ધ નોંધાયેલા ગુજસીટોકના ગુનાની વધુ તપાસ એફ ડિવિઝનના ACP દ્વારા કરવામાં આવતી હોવાથી આરોપીને વધુ કાર્યવાહી માટે તેમની કસ્ટડીમાં સોંપવામાં આવ્યો છે. પકડાયેલા આરોપી લાલચંદ ઉર્ફે લાલુ સિંધી સામે અગાઉ વિદેશી દારૂ, ખૂન, ખંડણી, મારામારી સહિતના અંદાજે 80 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે તે અગાઉ 7 વખત પાસા હેઠળ ગુજરાતની જુદી-જુદી જેલોમાં જઈ ચૂક્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

## પંચાયત સેવાના 111 કર્મચારીઓની જિલ્લાફેર બદલી, તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, સ્ટાફ નર્સ સહિતના કર્મચારીઓનો સમાવેશ

**સરકારના આદેશ અનુસાર બદલાયેલા કર્મચારીઓને તાત્કાલિક અસરથી નવા જિલ્લામાં હાજર થવાનું રહેશે**

**ગાંધીનગર, તા.22**

રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા પંચાયત સેવા સંવર્ગના કર્મચારીઓની આંતર જિલ્લા બદલીઓનો મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા કુલ 111 કર્મચારીઓની જિલ્લા ફેરબદલી કરવામાં આવી હોવાનું સચિવાલયથી જાહેર કરાયેલા આદેશમાં જણાવાયું છે. 22 મે 2026ના રોજ જાહેર કરાયેલા આ આદેશ મુજબ તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, સ્ટાફ નર્સ, ગ્રામસેવક સહિતના વિવિધ કેડરના કર્મચારીઓને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બદલી આપવામાં આવી છે. રાજ્ય સરકારના પંચાયત વિભાગે અગાઉ જાહેર કરાયેલા ઠરાવો અને નિયમોને આધારે આ બદલી પ્રક્રિયા હાથ ધરી હોવાનું પણ જણાવાયું છે. આ યાદીમાં ડાંગ, ખેડા, રાજકોટ, નવસારી, મહીસાગર, આણંદ, દાહોદ, સાબરકાંઠા, મહેસાણા, કચ્છ, બનાસકાંઠા, અરવલ્લી, ભરૂચ, વડોદરા, તાપી, સુરત સહિતના જિલ્લાઓના કર્મચારીઓનો સમાવેશ થાય છે. કેટલાક કર્મચારીઓને ગાંધીનગર, વલસાડ, મોરબી, પંચમહાલ, જામનગર, પોરબંદર અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં નવી નિમણૂક આપવામાં આવી છે.

# ગાંધીનગરમાં જ્ઞાન લાઈવના સંચાલકની દાદાગીરી!

**ગાંધીનગર તા.22**

ગાંધીનગર સહિત ગુજરાતભરમાં શિક્ષણ જગતમાં મોટું નામ ધરાવતી જાણીતી ઓનલાઈન એકેડમી જ્ઞાન લાઈવના સંચાલક ચેતન પટેલ વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ થતાં ચકચાર મચી જવા પામી છે. એકેડમીમાં ફ્રીલાન્સ તરીકે કામ કરતા વિદ્યાર્થીએ પોતાના મહેનતાણાના રૂ. 3.05 લાખની માંગણી કરતા સંચાલકે તેને જાહેરમાં અપમાનિત કરી રૂમમાં પૂરીને માર મારવાની ધમકી આપ્યાનો સનસનીખેજ મામલો સામે આવતા ઈન્ફોસિટી પોલીસે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ સુરેન્દ્રનગરના ચુડા ગામનો વતની અને હાલમાં




સેક્ટર 4 ખાતે રહેતો મુકેશ પાલાભાઈ મકવાણા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીની સાથે સાથે સંસ્થાઓમાં ટેસ્ટ પેપર અને પુસ્તકો તૈયાર કરવાનું કામ કરીને ગુજરાન ચલાવે છે. આશરે એક વર્ષ પહેલા તે કુડાસણ સ્થિત જ્ઞાન લાઈવ એકેડમી સાથે જોડાયો હતો. જ્યાં તેણે પોલીસ ભરતી અને જીપીએસસીની પરીક્ષાના ટેસ્ટ પેપર બનાવવાનું કામ શરૂ કર્યું હતું. આ કામગીરી દરમિયાન સંસ્થા દ્વારા તેમને અવારનવાર અપમાનિત કરવામાં આવતો હોવાથી તેણે આઠ મહિના બાદ રાજીનામું આપી દીધું હતું. જેનું કુલ રૂ. 3.50 લાખ જેટલું મહેનતાણું બાકી હતું. જેમાંથી માત્ર રૂ. 45,000 સંસ્થા દ્વારા ચૂકવવામાં આવ્યા હતા. જ્યારે બાકીના રૂ.3.05 લાખ વારંવાર માંગણી કરવા છતાં સંચાલકો ચેતન પટેલ અને તરલ પટેલ માત્ર મુદતો આપીને સમય પસાર કરી રહ્યા હતા. ત્યારે ગત તારીખ બીજી માર્ચના રોજ મુકેશ સંસ્થાની ઓફિસે પહોંચ્યો હતો. એ વખતે ચેતન પટેલે તેને જોઈને રોષે ભરાઈ તું મને મેસેજ કેમ કર્યા કરે છે તેમ કહીને બોલાચાલી શરૂ કરી દીધી હતી. સંચાલક ચેતને મુકેશને જાહેરમાં ઉંચા અવાજે બોલીને અપમાનિત કર્યો હતો. આટલું જ નહીં મુકેશનો હાથ પકડીને બળપૂર્વક લિફ્ટ તરફ ખેંચીને, ઓફિસમાં ચાલ, તને પૈસા ચૂકવી આપું છું કહી રૂમમાં પૂરી દેવાની અને માર મારવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાથી ગભરાઈ ગયેલા મુકેશે બાદમાં પરિવાર સાથે ચર્ચા કરીને અંતે પોલીસનો આશરો લીધો છે. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ચેતન પટેલ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધતા નાયબ પોલીસ અધિક્ષક ડી.ટી.ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે આ સમગ્ર પ્રકરણ જાણીતી એકેડમીના સંચાલકોની કાર્યપદ્ધતિ પર મોટા સવાલો ઉભા કર્યા છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

## આદિવાસી સમાજના મૂળના રોગોને સમજવા 4000 DNA સેમ્પલ લેવાશે, સિકલ સેલ એનિમિયા, થેલેસેમિયાના રોગની અગાઉથી જાણકારી મળશે

**ગાંધીનગર, તા.22**

ગુજરાતમાં આદિવાસી સમુદાયોના આરોગ્ય સુધારવા અને જીનેટિક રોગોને મૂળમાંથી સમજવા માટે રાજ્ય સરકારે એક મહત્ત્વાકાંક્ષી પહેલ હાથ ધરી છે. ગુજરાત ટ્રાઈબલ જિનોમ સિક્વેન્સિંગ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે 4 હજાર જેટલા બાયોલોજિકલ સેમ્પલ એકત્રિત કરવામાં આવશે અને તેમાંથી લગભગ 2000 વ્યક્તિઓના સંપૂર્ણ જિનોમનું સિક્વેન્સિંગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા ગુજરાત આદિજાતિ સમુદાય માટે



ખાસ જિનોમિક ડેટાબેઝ તૈયાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.વિજ્ઞાન અને ટેક્નોલોજીના મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) અને બાયોટેક્નોલોજી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. આજે આ બંને સંસ્થાઓ દેશની ટોચની સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. તેમણે ઉમેર્યું કે, હાલ આદિવાસી સમુદાયોમાં ખાસ કરીને સિકલ સેલ એનિમિયા, થેલેસેમિયા, એનિમિયા, G6PD ડિફિશિયન્સી તેમજ કેટલાક પ્રકારના કેન્સર જેવા રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## હિંમતનગરમાં વીજ પુરવઠો બંધ રહેશે, UGVCL સબસ્ટેશનના સમારકામથી 23થી વધુ વિસ્તારોમાં વીજ કાપ

**સાબરકાંઠા, તા.22**

હિંમતનગરમાં આવતીકાલે UGVCL ના હિંમતનગર 1 સબસ્ટેશનના સમારકામના કારણે વીજ પુરવઠો બંધ રહેશે. સવારે 7 વાગ્યાથી 15 થી વધુ ફીડરો બંધ થતાં 23 થી વધુ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે. આ વીજ કાપને કારણે હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરીજનો માટે પીવાના પાણીની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. નગરપાલિકાએ પાણી વિતરણના સમયપત્રકની જાહેરાત કરી છે. શહેરીજનોને વહેલી સવારે પાણીનો સંગ્રહ કરી લેવા વિનંતી કરવામાં આવી છે. રવિવારે પાણીનો પુરવઠો નિયમિત રીતે અને સમયે પૂરો પાડવામાં આવશે. પોલોગ્રાઉન્ડ, મોટી વ્હોરવાડ, ચાંદનગર, મજા સોસા, બજાર વિસ્તાર, ભાટવાસ, બગીચા વિસ્તાર. આ વિસ્તારોમાં વીજ પુરવઠો ચાલુ થયા બાદ પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે.

